# સર્વથી દૂર.. સ્વની નજીક..

- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પ્રવચનો





# સહુથી દૂર...
# સ્વની નજીક !

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
પર્યુષણ પ્રવચનમાળા

*સહુથી દૂર... સ્વની નજીક*

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**
**પ્રેરિત પ્રેરણાત્મક પ્રવચનમાળા**


પ્રકાશક : પારસધામ, મુંબઈ

પ્રથમ આવૃતિ : સપ્ટેમ્બર-2015


**: પ્રાપ્તિ સ્થાન :**


**PARASDHAM**

વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ - 400077 • Ph. No.: +91-22-32043232

12/2A, બકુલ બગાન રો,
કોલકત્તા - 700025 • Ph. No.: +91-33-2475003

4, આફ્રિકા કોલોની, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, કાલાવાડ રોડ,
રાજકોટ - 360005 • Ph. No.: +91-281-2577630

**PAWANDHAM**

B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - 400067 • Ph.No.: +91-22-28093833

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા - 390007 • Ph.No. +91-265-3293232


6/6 નેતાજી સુભાષ રોડ, મલ્લિક ફાટક પાસે,
હાવડા સાઉથ - 711101. • Ph.No. +91-93390-01757

**PAVITRADHAM**

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
અમદાવાદ - 380015 • Ph.No. +91-94273-25640

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ત્રિગુણની આરાધના | 01 |
| 2. | મિથ્યાત્વથી મુક્તિ | 13 |
| 3. | પરમ અર્થની પ્રાપ્તિ | 31 |
| 4. | ક્ષણનું પ્રતિબિંબ | 49 |
| 5. | હર્ષાનંદ પ્રાગટ્ય અવસર | 63 |
| 6. | કલ્યાણ પહેલાં કર્તવ્ય | 77 |
| 7. | શરણ શા માટે ? | 93 |
| 8. | સંવત્સરી... શુધ્ધિની સાધના | 111 |



ખામેમિ
મિચ્છામિ
વંદામિ

# 1

# ત્રિગુણની આરાધના

પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ દિવસનો સંબોધિ સંદેશ :

જ્યારે કોઇ વ્યક્તિ સહુથી દૂર થાય છે, ત્યારે જ તે 'સ્વ' ની નજીક આવે છે. જ્યાં સુધી તે બધાંની નજીક છે ત્યાં સુધી તે પોતાની નજીક જઇ નથી શક્તાં, જ્યાં સુધી પોતાની નજીક જઇ નથી શક્તાં ત્યાં સુધી સિધ્ધોની નજીક જઇ નથી શક્તાં. જેને સિધ્ધોની નજીક જવું છે, તેને 'સ્વ' ની સમીપ જવું જ પડે છે અને સહુથી દૂર પણ થવું જ પડે છે.

જે સ્વની નજીક જાય છે તે ન કોઇથી દૂર રહે છે અને ન કોઇની નજીક હોય છે. સ્વની નજીક જવું એટલે પરમાત્માની નજીક જવું. જે પરમાત્માની નજીક હોય તેને ન કોઇનાથી દૂર થવું પડે કે ન કોઇની નજીક જવું પડે.



સ્વની નજીક જવું એટલે પરમાત્માની નજીક જવું.

# ત્રિગુણની આરાધના

પર્વાધિરાજ પર્યુષણ શું છે ? દૂરનાને નજીક કરવાનો અવસર છે કે નજીકનાને દૂર કરવાનો અવસર છે ?

પર્યુષણ દૂર રહેલાંને નજીક કરે કે નજીકનાને દૂર કરે ?

પર્યુષણ આમ ગણો તો દૂર રહેલાંને નજીક કરવા માટે છે અને નજીકનાને દૂર કરવા માટે છે. અર્થાત્ જ્યાં રાગ છે, જેના પ્રત્યે એટેચમેન્ટ છે તેનાથી દૂર થવાનું છે, એટલે કે અલિપ્ત થવાનું છે અને જેમના પ્રત્યે દ્વેષ છે તેમની નજીક જવાનું છે, તેમની ક્ષમાપના કરવાની છે અને તેમની સાથેની સમસ્યાનું સમાધાન કરવાનું છે, આ જ છે પર્યુષણની આરાધનાનું જબરદસ્ત સિક્રેટ !

રાગ ઘટાડવાનો છે અને દ્વેષને દૂર કરવાનો છે. માત્ર પ્રવચનોને સાંભળવાના નથી પણ પ્રેકટીકલ પ્રયોગ દ્વારા અનુભૂતિ કરવાની છે અને ત્રિગુણની આરાધનાના સંકલ્પ સાથે પર્યુષણને સાર્થક કરવાના છે.

ત્રિગુણ એટલે ખામેમિ, મિચ્છામિ અને વંદામિ...

'ખામેમિ સવ્વે જીવા' એટલે જગતના સર્વ જીવો સાથે ક્ષમાપના કરવી છે, 'મિચ્છામિ દુક્કડમ' એટલે મારે જગતના સર્વ દુષ્કૃત્યોને મિથ્યા કરવા છે અને 'વંદામિ' એટલે મારે મારા ઉપકારી દેવ, ગુરુ અને ધર્મનું શરણું સ્વીકારવું છે. સર્વના શુભ, શ્રેય અને કલ્યાણની ભાવના ભાવવી છે.



પર્યુષણની સાર્થકતા - રાગને ઘટાડો, દ્વેષને દૂર કરો.

આ જગતમાં અનંતા જીવો એવા છે જેમને પર્યુષણ એટલે શું એ ખબર નથી, અનંતા જીવો એવા છે જેમને ક્ષમા, નમ્રતા, સરળતા, મૈત્રી, કરૂણા શું હોય એ ખબર નથી, અનંતા જીવો એવા છે જેઓ બકરીને કાપે છે અને મુર્ગીનું શાક ભોજનમાં વાપરે છે. અનંતા જીવો એવા છે જેઓ કેટલીય પ્રકારની હિંસાના પાપ કરે છે ત્યારે આપણે પરમ પુણ્યશાળી છીએ કે આપણને પાપથી બચવાનો અને ગુણોને પ્રગટ કરવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે અને આ અવસરને સહુથી દૂર થઇને અને સ્વની નજીક જઇને સાર્થક કરવાનો છે. આ જ પર્યુષણનું લક્ષ્ય છે.

આજ સુધી જેની નજીક ગયાં છીએ, જેની જેની પાસે રહ્યાં છીએ તે બધાંને સુખી કર્યાં છે કે દુ:ખી ? અને એનું કારણ શું હોય શકે ? વ્યક્તિનો સ્વભાવ, વ્યક્તિના કર્મો, વ્યક્તિની પરિસ્થિતિ કે વ્યક્તિની મન:સ્થિતિ ? ? કારણ જે પણ હોય પણ, જેટલાં નજીક એટલાં દુ:ખી વધારે !

જેટલાં નજીક હતાં તે ક્યારે દૂર થઇ ગયાં ખબર જ ન પડી અને જેટલાં દૂર હતાં તે ક્યારે નજીક થઇ ગયાં તેની પણ ખબર ન પડી. નજીકવાળા પર વિશ્વાસ હતો કે એ મારાથી ક્યારય દૂર નહીં થાય અને દૂરવાળા માટે કોઇ આશા ન હતી કે એ ક્યારેક નજીક આવશે. બધાં વિચારો અને બધી માન્યતાઓ ખોટી થઇ ગઇ અને આ બધું થવાનું કારણ છે સ્વયંનો સ્વભાવ અને છતાં વ્યક્તિ કહે છે, હું તેના કારણે દુ:ખી છું.

હું તેના કારણે દુ:ખી છું, એ મારો ભ્રમ છે.

કોઇ કોઇના કારણે દુ:ખી થઇ જ ન શકે. કોઇ કોઇને દુ:ખી કરી ન શકે. દુ:ખનું કારણ હોય છે વ્યક્તિનો પોતાનો સ્વભાવ અને એ સ્વભાવના કારણે જ તે સુખી અથવા દુ:ખી હોય છે.

વ્યક્તિ દુ:ખી થાય છે એના કર્મોના કારણે ! પોતાના કર્મો સિવાય કોઇ દુ:ખી કરી જ ન શકે. વ્યક્તિ દુ:ખી થાય છે સ્વયંની પરિસ્થિતિ અને મન: સ્થિતિના કારણે !

એટલે જ્યારે આપણે કોઇની નજીક જઇએ છીએ ત્યારે આપણે સુખી ઓછા થઇએ છીએ અને દુ:ખી વધારે કરીએ છીએ, કેમ ?

કેમકે, સંવત્સરી પછી પણ સ્વભાવ સુધરતો નથી. સંવત્સરી પછી પણ જે પરિવર્તન આવવું જોઇએ એ આવતું નથી.

ઘણા માનતા હોય છે કે, તે વ્યક્તિને દૂર કરી દઇશ તો હું સુખી થઇશ પણ પછી ખબર પડે છે કે તેને દૂર કરીને પણ દુ:ખી જ થવાય છે. એટલે કોઇની નજીક જવામાં પણ દુ:ખી થવાય છે અને કોઇની દૂર થવામાં પણ દુ:ખી થવાય છે,

***ન કોઈની નજીક, ન કોઈની દૂર!***

સહુથી દૂર અને સ્વની નજીક !

પર્વાધિરાજ પર્યુષણ પર્વ કેમ ઉજવવા પડે ? સંવત્સરી કેમ મનાવવી પડે ? ક્ષમાપના કેમ કરવી પડે ?

સર્વજ્ઞ ભગવાન કહે છે,



દુ:ખનું કારણ હોય છે વ્યક્તિનો પોતાનો સ્વભાવ.

જ્યાં સંબંધ છે, ત્યાં સમસ્યા છે.

સમસ્યાનું જો સમયસર અને વહેલાસર સમાધાન કરવામાં ન આવે તો સમસ્યા વધતી જ જાય છે અને વધતી સમસ્યા વ્યક્તિના મનને, વચનને અને કાયાને અશાંત કરી દે છે. જ્યારે મન, વચન અને કાયા અશાંત થાય છે ત્યારે તેની સીધી અસર આત્મા પર પડે છે અને આત્મા પણ અશાંત થઇ જાય છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ અશાંતને શાંત કરવાનું પર્વ છે.

સંવત્સરી સમસ્યાના સોલ્યુશન માટે હોય છે.

પર્યુષણ એ સહુથી દૂર થઇ, સ્વ આત્માની નજીક જવાનો અવસર છે.

જગતના મોટા ભાગના ઉત્સવો કાં પરમાત્મા તરફ લઇ જનારા હોય છે અથવા મનોરંજન કરાવનારા હોય છે યા ભોગ કે સામગ્રી તરફ લઇ જનારા હોય છે યા આદાન-પ્રદાન કરાવનારા હોય છે. એક પર્વાધિરાજ પર્યુષણ પર્વ એવું છે જે તમને સહુથી દૂર કરીને, તમને તમારી જ નજીક લઇ જાય છે.

સહુથી દૂર થઇ સ્વ તરફ જવાની પ્રોસેસ જ્યારે શરૂ થાય છે ત્યારે શરૂઆતમાં વ્યક્તિને થોડી તકલીફ થાય છે, થોડું આકરૂં લાગે છે, પણ ધીમે ધીમે જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ રીયલાઇઝ થવા લાગે છે કે સ્વની નજીક જવામાં ખરેખર શાંતિ છે, સાચુ સુખ છે અને આ જ આ માનવ ભવની સાર્થકતા છે.

સહુથી જ્યારે દૂર થઇએ છીએ ત્યારે જ સ્વની નજીક જઇ શકીએ છીએ. જ્યાં



જ્યાં સંબંધ છે, ત્યાં સમસ્યા છે.

સુધી દૂર નથી થવાતું ત્યાં સુધી નજીક નથી પહોંચાતુ.

બીજું સ્ટેપ છે,

ન કોઇની નજીક , ન કોઇની દૂર !

આવું શા માટે ? પરમાત્મા કહે છે, કોઇની નજીક થવાથી રાગ થાય છે અને કોઇથી દૂર થવાથી દ્વેષ થાય છે. રાગ અને દ્વેષ ન કરવા હોય તો ન કોઇની નજીક જવું , ન કોઇની દૂર ! આ એવું બેલેન્સ છે જેને કરવા માટે પરમાત્મા જેવા લેન્સ હોવા જોઇએ. જેને બેલેન્સ કરતાં આવડે તેને પર્યુષણ ઉજવવાની કે સંવત્સરી મનાવવાની જરૂર ન પડે.

પર્વાધિરાજ પર્યુષણ આપણને આ બેલેન્સ કરતાં શીખવે છે.

## *ફરિયાદનું સોલ્યુશન...*

વીતરાગ પરમાત્મા... પરમાત્માને વીતરાગ શા માટે કહેવાય છે ? વીતરાગની વ્યાખ્યા શું હોય ? વીતરાગ એટલે રાગ જેમનો વીતી ગયો છે, રાગ જેમનો ક્ષય થઇ ગયો છે.

કોઇ વ્યક્તિને પાસે રાખવી કે દૂર રાખવી એ વ્યક્તિના સ્વયંના હાથમાં હોય છે. સ્વયંના વિચારો પર આધારિત હોય છે.

કેટલાંક એવા હોય જે જોજન દૂર છતાં પણ સાવ નજીક હોય અને કેટલાંક એવા હોય સાવ નજીક હોય છતાં જોજન દૂર હોય.



જ્યાં સુધી દૂર નથી થવાતું ત્યાં સુધી નજીક નથી પહોંચાતુ.

પર્યુષણમાં મુખ્યત્વે લોકો બે કાર્યો કરે છે, એક પ્રતિક્રમણ અને એક ક્ષમાપના !

પાપોના પ્રાયશ્ચિત રૂપે હોય છે પ્રતિક્રમણ અને સંબંધોને સુધારવા માટે હોય છે ક્ષમાપના !

લાઇફને એકદમ સહજ અને શાંતિપૂર્ણ પસાર કરવી હોય તો સૌથી વધારે લાઇફને ડીસ્ટર્બ કરવાવાળા તત્ત્વને ઓળખી લેવા જોઇએ.  સૌથી વધારે ડીસ્ટર્બ કોણ કરે ? પારકા કે પોતાના ?

રોડ ઉપરથી પસાર થતાં કોઇ સાઇકલ કે કારવાળા છાંટા ઉડાડે તો ૫-૧૦ મિનિટ એના ઉપર ગુસ્સો કરી લ્યો, પછી એ યાદ પણ ન આવે પણ ઘરની કોઇ વ્યક્તિએ બે શબ્દ કહી દીધાં હોય તો બે દિવસ કે બે મહિના સુધી ભૂલાય નહીં, કદાચ બે વર્ષે પણ યાદ હોય ! ઘરની વ્યક્તિ નજીક છે અને એના પ્રત્યે રાગ છે, રાગ છે એટલે દ્વેષ છે.

જો રાગ ન હોય તો દ્વેષ પણ ન હોય.

રસ્તે જતી વ્યક્તિ પ્રત્યે રાગ નથી એટલે દ્વેષ પણ ન આવ્યો.

જે નજીક હોય, જેના પ્રત્યે રાગ હોય તેના માટે સંવત્સરી ક્ષમાપના હોય, પારકા માટે સંવત્સરી ક્યારેય ન હોય.

સંવત્સરી એ તો સંબંધોને સુધારવાની પ્રોસેસ છે અને એ પ્રોસેસની તૈયારી રૂપે આ સાત દિવસ હોય છે.



સંવત્સરી એ તો સંબંધોને સુધારવાની પ્રોસેસ છે.

નાનપણથી લઇને આજ સુધી લાઇફમાં કેટલાં પાત્રો બદલાય ગયાં ? નાનપણના મિત્રો જુદા હતાં, સ્કૂલમાં જુદા હતાં, કોલેજમાં જુદા હતાં હવે બિઝનેસમાં જુદા છે. જેટલાં દૂર થયાં છે તે તમારા સ્વભાવના કારણે દૂર થયાં છે કે એના સ્વભાવના કારણે ? છતાં માણસ માત્ર ફરિયાદ બીજાની જ કરે છે.

ફરિયાદના સોલ્યુશન માટે હોય છે પર્વાધિરાજ પર્યુષણ.

ઘણીવાર એવું પણ બને કે કોઇ વ્યક્તિ લાગે કે તે આપણાથી દૂર થઇ ગઇ છે, પણ હકિકતમાં એ દૂર ન પણ થઇ હોય... એની પરિસ્થિતિ અને સંયોગો એવા સર્જાયા હોય કે, તમને લાગે તે મારાથી દૂર થઇ ગયાં છે. જેવી મનમાં આ માન્યતા ફીટ થઇ જાય એટલે પછી વાતવાતમાં રીએકશન્સ્ આવવાના શરૂ થઇ જાય. બધાં જ રીએકશન્સ્ના સોલ્યુશન લાવવા માટે છે પર્યુષણ અને પર્યુષણ આપે છે એક શ્રેષ્ઠ સોલ્યુશન ! વીતરાગ દશાનું !

ન કોઇની નજીક , ન કોઇથી દૂર !

ભગવાન મહાવીર ગૌતમની નજીક હતાં કે ગૌતમથી દૂર હતાં ? ભગવાન મહાવીર ચંદનબાળાની નજીક હતાં કે ચંદનબાળાથી દૂર હતાં ? ભગવાન મહાવીર તમારી પાસે છે કે તમારાથી દૂર છે ?

તમે એમ કહી શકો કે ભગવાન મહાવીર તમારાથી દૂર છે ? ના !

તો શું તમે એમ કહી શકો કે ભગવાન મારી પાસે છે ? ના !



ફરિયાદના સોલ્યુશન માટે હોય છે પર્વાધિરાજ પર્યુષણ.

ભગવાન મહાવીર નથી પાસે કે નથી દૂર !

બસ ! આ જ છે લાઇફની બેસ્ટ સ્થિતિ !

વીતરાગ દશા અંશે પણ હોય અને સર્વાંશે પણ હોય. વીતરાગ દશા દસ ટકા, વીસ ટકા, પચાસ ટકા અને સો ટકા હોય શકે.

હર એક વ્યક્તિને વીતરાગ થવું છે. હર એક વ્યક્તિનું લક્ષ્ય હોય છે વીતરાગ પરમાત્મા બનવાનું ! બધાંને સો ટકા વીતરાગદશા લાવવી છે કેમકે ધર્મ કરીને પણ ફળશ્રુતિ તો આ જ છે.

વીતરાગ દશા લાવવા માટે શરૂઆત ક્યાંથી કરવી જોઇએ ?

વીતરાગ દશાની શરૂઆત કરવા માટે નક્કી કરો કે આજથી હું કોઇ પણ વસ્તુને ફેંકીશ નહીં, કોઇ પણ વસ્તુ પ્રત્યે અણગમો કરીશ નહીં.

વિચાર કરો... વ્યક્તિને સૌથી વધુ અશાંત કોણ કરે ?

વ્યક્તિ કે વસ્તુ ?

વ્યક્તિ વધારે અશાંત કરે અને વસ્તુ ઓછી કરે.

પર્યુષણના પ્રથમ દિવસનો સંકલ્પ કરો કે, આજથી મારે વસ્તુની નજીક નથી જવું.

માનો કે, તમારો મોબાઇલ ચાલતો નથી. તમે ઘણી ટ્રાય કરી, છેવટે કંટાળીને શું કર્યું ? મોબાઇલનો ઘા કર્યો કે શાંતિથી, પ્રેમથી એક બાજુ મૂકી દીધો ? ?



વીતરાગ દશા અંશે પણ હોય અને સર્વાંશે પણ હોય.

જ્યાં સુધી આપણને અનુકૂળ હોય છે ત્યાં સુધી આપણે પંપાળીએ છીએ અને જેવું પ્રતિકૂળ થાય એટલે પછાડીએ છીએ, પછી એ વસ્તુ હોય કે વ્યક્તિ હોય !

ભગવાન કહે છે જેટલું પાપ વ્યક્તિ પ્રત્યેના અણગમાનું લાગે છે, એટલું જ પાપ વસ્તુ પ્રત્યેના અણગમાનું પણ લાગે છે.

ક્ષમાપના જેટલી વ્યક્તિ માટે કરવાની જરૂર છે, એટલી વસ્તુ માટે પણ કરવાની જરૂર છે.

વસ્તુ તૂટી જાય કે બગડી જાય તેને ક્યારેય ફેંકાય નહીં, તેને છોડવી પડે તેમ છે તો આસ્તેથી વ્યવસ્થિત રીતે મૂકવી જોઇએ.

વસ્તુને ફેંકવી અને વસ્તુને છોડવી એ બંને અલગ વાત છે. અંદરમાં જો અશાંતિ હોય તો જ વસ્તુનો ઘા થાય, અંદરમાં અકળામણ હોય તો જ વસ્તુને ફેંકવાનું મન થાય.વસ્તુને પછાડવાનું મન થાય.

પર્યુષણમાં આ જ શીખવાનું છે કેમકે પર્યુષણને સંબંધ છે આપણી સાયકોલોજી સાથે, પર્યુષણને સંબંધ છે આપણી માનસિકતા સાથે અને પર્યુષણને સંબંધ છે આપણી અંદરના ભાવ સાથે !

દ્રવ્યથી ગમે તેટલી સામાયિક કરો કે ઉપવાસ આદિ કરો પણ જ્યાં સુધી આંતરિક ભાવનાનું શુધ્ધિકરણ ન થાય ત્યાં સુધી પરિવર્તન આવતું નથી.

વાત બહુ નાની લાગે એવી છે પણ એના ઉપર ચિંતન કરશો તો ખબર પડશે



ભાવનાનું શુધ્ધિકરણ ન થાય ત્યાં સુધી પરિવર્તન આવતું નથી.

દિવસમાં જેમ પાંચ કે દસ વસ્તુ ફેંકાય જાય છે એમ પાંચ કે દસ વ્યક્તિ ઉપર શબ્દો પણ ફેંકાય છે. હા, કોઇ વ્યક્તિને સુધારવી હોય, એનામાં પરિવર્તન લાવવું હોય તો ક્યારેક સ્ટ્રીક થવું પડે, પણ ભગવાન કહે છે અનુશાસન પણ ફેંકનારૂં ન હોવું જોઇએ. અનુશાસન પણ સામેવાળી વ્યક્તિ તૂટી જાય એવું ન હોવું જોઇએ.

પણ આપણી ખોટ છે કે વસ્તુને કે પદાર્થને કદાચ આપણે પ્રેમથી લઇએ છીએ અને મૂકીએ છીએ કેમકે, એના તૂટવાથી નુકશાન થાય છે.

નુકશાન શેનું થાય છે ? રૂપિયાનું !

પણ જ્યારે સંબંધો તૂટે છે ત્યારે નુકશાન લાઇફ ટાઇમનું થાય છે.

વીતરાગ દશાની શરૂઆત પર્યુષણના પ્રથમ દિવસથી જ પ્રારંભ કરી વીતરાગદશાને પામવાનો પુરુષાર્થ કરવો એ જ પર્યુષણના પ્રથમ દિવસનો સંબોધિ સંદેશ છે.



અનુશાસન સામેવાળી વ્યક્તિ તૂટી જાય એવું ન હોવું જોઇએ.



# મિથ્યાત્વથી મુક્તિ

# 2

# મિથ્યાત્વથી મુક્તિ

## *સહુથી દૂર... સ્વની નજીક*

આ સિધ્ધાંતના આધારે જ અનંત તીર્થંકરો સિધ્ધત્વનું બુકીંગ કરી શકયા છે, આ સિધ્ધાંતના આધારે જ અનંત કેવળજ્ઞાનીઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શક્યાં છે અને આ સિધ્ધાંતના આધારે જ આજ સુધી થયેલાં કરોડો કરોડો સંતો સંતત્ત્વનો સ્વીકાર કરી શક્યાં છે.

'સ્વ' થી દૂર થઇ જે કાંઇ પણ કરવામાં આવે તે છે સંસાર. સ્વની નજીક જવાનો દરેક પુરુષાર્થ તે છે ધર્મ અને માત્ર 'સ્વ' જ એ છે મોક્ષ.

સંસારમાં રહેવાનું કારણ શું છે ?

'સ્વ' ને ભૂલી  ગયાં છો એટલે 'સ્વ' થી દૂર થઇ ગયાં છો.



સ્વની નજીક જવાનો દરેક પુરુષાર્થ તે છે ધર્મ.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ તમને તમારી યાદ અપાવવા આવ્યા છે.

આજ સુધી આત્મા વિશે વાંચ્યુ છે, સાંભળ્યું છે, આત્મા વિશે વાત પણ કરી છે પણ ક્યારેય આત્માને યાદ કર્યો નથી. આત્માને મળવાનો  વિચાર કર્યો નથી. જીવની અનંતકાળની આ સૌથી મોટામાં મોટી ભૂલ છે. જેને હું મળું છું, જેને હું મારૂં માનું છું, જેની હું કેર કરૂં છું, એ હું છું જ નહીં... અને જે હું છું જ નહીં, એને મારૂં માનવું એ મારી મોટી ભૂલ છે, એ મારો ભ્રમ છે અને ભ્રમને પરમાત્માએ મિથ્યાત્ત્વ કહ્યું છે.

પર્વાધિરાજ પર્યુષણ એ મિથ્યાત્ત્વથી મુક્ત થવાનો અવસર છે.

પર્વાધિરાજ પર્યુષણમાં લોકોને સહજતાથી ધર્મ કરવાનું મન થાય છે. ધર્મ ક્ષેત્રમાં આવવાનું મન થાય છે અને ધર્મ ક્ષેત્રમાં આવનારી વ્યક્તિ આત્મા વિશે સાંભળે છે, જાણે છે, સમજે છે, વિચાર કરે છે અને એમાં જે હળુકર્મી આત્મા હોય છે તેને આત્માને, સ્વ ને મળવાનું મન થાય છે. ઘર, પરિવાર, વસ્તુ, વ્યક્તિ, વાતાવરણ, સંબંધો અને લાગણીઓથી દૂર થઇ ‘સ્વ’ ની નજીક જવું હોય તો ઘણુ બધું ચિંતન અને મનન કરવું પડે. આંતરિક સ્થિતિઓને સેટ કરવી પડે. ભવિષ્યનું પ્લાનીંગ કરવું પડે. એના માટે પ્રવચનો સાંભળીને સેલ્ફ ઉપર પ્રયોગ કરવો જોઇએ.

એવું શું છે જેના કારણે વ્યક્તિ ‘સ્વ’ ની નજીક જઇ શક્તી નથી ?

એનું મુખ્ય કારણ છે, એ કોઇકની નજીક છે અને કોઇકને પોતાની નજીક કરવાના પ્રયત્નો કરે છે . તમે ચિંતન કરશો તો તમને સમજાશે કે, કોઇકને મારી નજીક



ભ્રમને પરમાત્માએ મિથ્યાત્ત્વ કહ્યું છે.

લાવવાના પ્રયત્નોમાં હું મારાથી જ દૂર થઇ ગયો છું.

'કોઇક' ને પોતાના બનાવવામાં મેં મને પોતાને જ પારકો બનાવી દીધો છે.

આ 'કોઇક' એટલે કોણ છે ?

એ છે સંસારના સંબંધો ! સંબંધ માત્રમાં 'કોઇક' હોય.

## *સંબંધને બનાવો શ્વાસ જેવા*

'સ્વ' ની નજીક જવા માટે અને સંબંધોથી દૂર થવા માટે,

ભગવાન કહે છે, તું તારા સંબંધને શ્વાસ જેવા બનાવી દે.

એટલે શું ?

શું તમને એક સેંકડ પણ શ્વાસ વિના ચાલે ?

એક ક્ષણ પણ શ્વાસ વિના રહી શકો ?

એક પલ પણ શ્વાસ વિના રહી શક્તાં નથી છતાં ક્યારેય શ્વાસ પ્રત્યે મમત્ત્વ કર્યું ? શ્વાસ ઉપર ક્યારેય અધિકાર કર્યો ? શ્વાસનો ક્યારેય સંગ્રહ કર્યો ? પરિગ્રહ કર્યો ? આ મારો જ શ્વાસ છે એવો હક કર્યો ? ના.. !

કારણકે, શ્વાસ જરૂરી છે એટલે લઇએ છીએ, ગ્રહણ કરીએ છીએ પણ એને ક્યારેય પોતાનો માનતા નથી, એની માલિકી કરતાં નથી.



ભગવાન કહે છે, તું તારા સંબંધને શ્વાસ જેવા બનાવી દે.

દુનિયાની દરેક વસ્તુઓ અને વ્યક્તિઓમાં તમે વધારે શ્વાસને મળો છો, તમારો સૌથી વધારે સંબંધ તમારા શ્વાસ સાથે છે છતાંય એ સંબંધ તમારો અબંધ છે ! જેને 'સ્વ' ની નજીક જવું હોય તેમણે પોતાના સંબંધોને શ્વાસ જેવા બનાવી દેવા જોઇએ. સહુની નજીક અને છતાં આવે તો વેલકમ અને ન આવે તો કોઇ પ્રોબ્લેમ નહીં. પણ આપણી ખોટ છે કે જ્યારે ગમતાં કોઇ આવે છે ત્યારે ચહેરા પર સ્માઇલ આવી જાય છે અને અણગમતા કોઇક આવે છે ત્યારે ચહેરો બદલાઇ જાય છે. જ્યાં પણ જેની સાથે જોડાઇ જઇએ એટલે તરત જ કયાંય ને કયાંક રાગ શરૂ થઇ જાય છે અને કયાંક ને કયાંક દ્વેષ શરૂ થઇ જાય છે.

## *હે પ્રભુ! આપો મને એક મેજિક આય!*

પર્યુષણમાં ગમે તેટલી સાધના- આરાધના કરો, વ્રત, તપ, જપ અને ત્યાગ કરો પણ પરિણામ ક્યારે આવે ?

પરિણામ ત્યારે જ આવે જ્યારે તમે તમને મળો, તમને ચેક કરો અને તમે તમારી સાથે વાત કરો, તમારા અવાજને સાંભળો.

પણ થાય છે શું ?

તમને જેટલાં સંતોને સાંભળવા ગમે છે, એટલાં તમને પોતાને સાંભળવા ગમતાં નથી. જેટલાં સંતના દર્શન કરવા ગમે છે, તેટલાં સ્વના દર્શન કરવા ગમતાં નથી.

આપણી નજર કાયમ માટે બહાર અને બીજા ઉપર છે, એટલે આપણા જજમેન્ટ



જેટલાં સંતના દર્શન કરવા ગમે છે, તેટલાં સ્વના દર્શન કરવા ગમતાં નથી.

પણ બીજાના માટેના જ હોય છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં પરમાત્માને પ્રાર્થના કરવાની છે કે, હે પરમાત્મા ! આજ સુધી મેં હંમેશાં બીજા ઉપર જ દૃષ્ટિ કરી છે. કોણ શું કરે છે, કોણે શું કર્યું, કોને શું ન કરવું જોઇએ, વગેરે... વગેરે, આજ સુધી મેં અન્યના દોષોનું જ દર્શન કર્યું છે, પણ હવે મારે મારા આત્માની સ્થિતિ બદલવી છે.

હે પ્રભુ ! મારી અંદરની આંખ એવી ખોલી દે, જેથી બહારની આંખોથી મારું દોષ દર્શન બંધ થઇ જાય. આજ સુધી મેં બીજાને જ જોયા અને જાણ્યા છે, બીજાની ભૂલો અને બીજાની ખામીઓને જ જોયા છે જેના કારણે મારામાં 'પરદોષ દર્શન' નામનો અવગુણ આવી ગયો છે.

હે પ્રભુ ! મેં મારા સેલ્ફને ચેક કર્યું અને હવે મારે ચેઇન્જ થવું છે, માટે આજથી તારી પાસે એક એવી 'મેજિક આય' માગું છું જેના દ્વારા મને સામે રહેલાં આત્માની કેવળજ્ઞાન અને કેવળદર્શન પામવાની ખબર પડી જાય અને મને ભગવાન બનવાની ક્ષણ ખબર પડી જાય !

જો તમારી પાસે એવી મેજિક આય આવી જાય અને તમને સામેવાળાનું ભવિષ્ય દેખાવા લાગે, એના ભવો દેખાવા લાગે, એનો કેવળજ્ઞાનનો ઉત્સવ દેખાવા લાગે, એના ભગવાન બનવાની ક્ષણ દેખાવા લાગે... અને પછી જ્યારે આંખ ખોલો ત્યારે તે વ્યક્તિ તમારા ઘરમાં તમારી સામે જ હોય.

હવે તમને એના ગુણ દેખાય કે દોષો ? એ વ્યક્તિ પ્રત્યેનો અણગમો, અભાવ આદિ



મારી અંદરની આંખ એવી ખોલી દે, જેથી બહારની આંખોથી મારું દોષ દર્શન બંધ થઇ જાય.

રહે કે જતાં રહે ?

આપણે વ્યક્તિનો ભૂતકાળ જોઇએ છીએ. વ્યક્તિનો વર્તમાનકાળ જોઇએ છીએ પણ ક્યારેય એના ભવિષ્ય વિશે વિચાર કરતાં જ નથી. જો એનું ભવિષ્ય... એનું ભગવાનપણું અને ભગવાન બનવાના દિવસની ખબર પડે પછી એના પ્રત્યે દ્વેષ રહે ? ?

જેને સ્વની નજીક જવું હોય તેને સ્વ દોષનું દર્શન કરવું જોઇએ અને એ દોષોને દૂર કરવાનો પુરુષાર્થ કરવો જોઇએ.

પર્યુષણ વ્યક્તિ માત્ર પ્રત્યે અંદરમાં રહેલાં અણગમાને અને દોષભાવને દૂર કરવા માટે છે.

## *પર્યુષણ દ્રષ્ટિમાં લાવે છે યુ-ટર્ન*

જ્યારે વ્યક્તિ સ્વ દોષ દર્શન કરવા લાગે છે, જ્યારે એની નજર યુ-ટર્ન લઇ ‘સ્વ’ ને જ જોવાનું શરૂ કરે છે, ત્યારે તેને સમજાય છે કે આજ સુધી હું મને જ પરફેક્ટ માનતો હતો, પણ સામેવાળામાં જે ગુણો છે એવા ગુણો મારામાં તો છે જ નહીં અને મારામાં જે અવગુણો છે તે સામેવાળામાં તો દેખાતા નથી... તો પછી એના પ્રત્યેનો દ્વેષ સાવ ખોટો જ છે. વ્યક્તિને જ્યારે સામેવાળાનું ભવિષ્ય દેખાવા લાગે, ત્યારે વ્યક્તિને ચેઇન્જ થતાં વાર લાગતી નથી.

જ્યારે ભવિષ્ય દેખાવા લાગે છે ત્યારે જજમેન્ટ આપવાનું બંધ થઇ જાય છે. હું



જેને સ્વની નજીક જવું હોય તેને સ્વ દોષનું દર્શન કરવું જોઇએ

મારી નજીક ગયો કેમ નથી ?હું મારી નજીક જઇ કેમ શક્યો નથી ?

એનું એક કારણ છે મારી નજર ! મારી દષ્ટિ જે હંમેશાં બીજાને જ માપતી આવી છે, બીજાને જ ચેક કરતી આવી છે અને બીજા શું કરે છે એની ઉપર જ મારો કેમેરો લાગેલો હોય છે.

અને બીજું કારણ છે મારી શંકા કરવાની વૃતિ !

સામેવાળી વ્યક્તિમાં દોષ હોય કે ન હોય, એનામાં અવગુણ હોય કે ન હોય, એની ભૂલ હોય કે ન હોય, પણ મારી વૃતિને કારણે મારી કલ્પના શરૂ થઇ જાય. એકાદ વસ્તુ ન મળતી હોય તો તરત જ નોકર ઉપર શંકા જાય.

જ્યાં સુધી બીજા ઉપર નજર છે, ત્યાં સુધી બીજાના દોષો દેખાય છે.

જે દિવસે નજર તમારી ઉપર જશે, તે દિવસે સૌથી પહેલાં ગુણ દેખાશે કે અવગુણ ?

જે દિવસે પોતાના દોષ દેખાવાની શરૂઆત થાય છે, તે દિવસે આપણા ભગવાન બનવાનની શરૂઆત થાય છે.

જે દિવસ બીજાના દોષો જોવાની શરૂઆત થાય છે, તે દિવસે આપણા સંસારની શરૂઆત થાય છે.

કોઇ ભગવાન આપણને ભગવાન બનાવી શક્તાં નથી. આપણા ભાવો જ આપણને



જ્યારે ભવિષ્ય દેખાવા લાગે છે ત્યારે જજમેન્ટ આપવાનું બંધ થઇ જાય છે.

ભગવાન બનાવે છે. ભગવાન બનવા માટે નજરની જેમ વિચારો અને ભાવોમાં પણ યુ-ટર્ન લાવવાની જરૂર છે.

દોષ દષ્ટિ તમારામાં આક્ષેપ વૃતિ લાવે છે અને એ આક્ષેપ વૃતિના કારણે એવા પ્રકારના કર્મો બંધાય છે જેના કારણે તમે ભૂલ ન કરી હોય, ગુનો ન કર્યો હોય, છતાં તમારી ઉપર આક્ષેપ મૂકવામાં આવે છે. તમારો કોઇ વાંક ન હોય છતાં તમને તેની સજા મળે છે, તમને અયોગ્ય માનવામા આવે છે.

યાદ રાખજો,

જે કોઇને અયોગ્ય માને છે તે ક્યારેય યોગ્ય હોતા નથી.

દોષ વૃતિને દૂર કરવા વિચારોમાં યુ- ટર્ન લાવવાની અત્યંત જરૂર છે.

## *મોક્ષની માસ્ટર કી*

માનો કે તમે ૧૪ માં માળે રહો છો અને એક દિવસ જ્યારે ઓફિસેથી ઘરે જાવ છો ત્યારે ખબર પડે છે લીફટ ખરાબ થઇ ગઇ છે અને બંધ છે. તમે એક પછી એક પગથિયાં ચઢતાં ચઢતાં દસ માળ સુધી ચઢી ગયાં અને અચાનક તમને યાદ આવ્યું કે ફલેટની ચાવી તો નીચે કારમાં જ રહી ગઇ છે,

હવે શું થાય ? કેવું ફીલ થાય ? ?



જે કોઇને અયોગ્ય માને છે તે ક્યારેય યોગ્ય હોતા નથી.

ધર્મ, સાધના, આરાધના, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ, જાપ, માળા આદિ અનુષ્ઠાનોનાં પગથિયાં તો ઘણા ચઢી ગયાં પણ મોક્ષની માસ્ટર કી એટલે કે ભાવોની વિશુધ્ધિ કરવાનું જ ભૂલી ગયાં. સ્વભાવનું જે પરિવર્તન કરવું જોઇએ એ તો કર્યું જ નહીં. સ્વદોષ જોયા નહીં અને પર ગુણ દર્શન કર્યા નહીં પછી મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

સંસાર છોડીને ધર્મ ક્ષેત્રમાં આવો, આરાધનાના પગથિયાં ચઢો પણ આત્મગુણો રૂપી ચાવી જ ન હોય તો !!! ચઢેલાં બધાં જ પગથિયાં વ્યર્થ થઇ જાય અને ચાવી માટે ફરી નીચે ઉતરવું પડે.

એટલે પહેલાં ચાવી લેવાય કે પહેલાં પગથિયાં ચઢાય ?

ચાવી સારી કે ચઢવું સારૂં ?

ચાવી સાથેનું દરેક પગથિયું ચઢવું સાર્થક છે અને ચાવી વગરનું દરેક પગથિયું ચઢવું નિરર્થક છે.

## *દૃષ્ટિ કોના જેવી?*

તમારા પ્રોબ્લેમ્સ અને અશાંતિનું કારણ શું છે ?

તમારી અંદરમાં પડેલી બેડ મેમરીઝનો સ્ટોક !

વિચાર કરો... તમને યાદ શું રહે છે ? દસ વર્ષ પહેલાં કોઇએ સાચવ્યા હોય એ કે



મોક્ષની માસ્ટર કી એટલે કે ભાવોની વિશુધ્ધિ.

કોઇએ બે શબ્દો કહ્યાં હોય એ ? મોટા ભાગની વ્યક્તિનું ધ્યાન બીજાના સારા ગુણો તરફ ઓછું જાય છે અને અવગુણો તરફ વધારે જાય છે અને માટે જ, ઘર, સંઘ, સમાજ અને રાષ્ટ્રમાં જે એકતા, જે સ્ટ્રેન્થ, જે પાવર્સ, જે સફળતા, જે પ્રગતિ હોવા જોઇએ એ નથી હોતા.

કોઇ પણ વ્યક્તિ સંઘ, સમાજ કે સમુદાયમાંથી જ્યારે બહાર નીકળશે ત્યારે તે ત્રીજી વ્યક્તિને ત્યાંની સારી વાત કહેશે કે ત્યાંના વીક પોઇન્ટસ્ બતાવશે ?

યાદ રાખવું, ગમે તેટલો ભવ્ય અને વિશાળ બંગલો હોય પણ એમાં એક વોશરૂમ અને સ્ટોરરૂમ તો હોય જ ! એમ કોઇ પણ વ્યક્તિ, કોઇ પણ સંસ્થા હોય, કોઇ પણ સમુદાય હોય, એમાં કયાંક ને કયાંક કોઇ ખામી, કોઇ કચાશ હોય પણ શકે. કોઇનું સારૂં જોવું કે ખરાબ જોવું એ આપણી નજર ઉપર છે.

આપણી દૃષ્ટિ કાગડા જેવી છે કે કોયલ જેવી એ ચેક કરવું જોઇએ.

કાગડાની નજર કાયમ કચરા ઉપર જ જાય અને કોયલને આંબાની ડાળ જ દેખાય.

કોઇ વ્યક્તિ તમારી પાસે કોઇ ત્રીજી વ્યક્તિના અવગુણો કે દોષોની વાત કરવાનું શરૂ કરે ત્યારે તરત જ એલર્ટ થઇ જવાનું, આ વ્યક્તિની વૃતિ કાગડા જેવી છે માટે મારે એને ઉડાડી દેવો જોઇએ. એને ઉડાડશો તો તમે બચી જશો અને જો એ ન ઉડે તો તમારે ઊડી જવાનું એટલે કે તમારે ત્યાંથી દૂર થઇ જવાનું.



કોઇનું સારૂં જોવું કે ખરાબ જોવું એ આપણી નજર ઉપર છે.

ભગવાન કહે છે,

હજુ તું તારી અંદરમાં રહેલાં તારા પોતાના જ દોષોને શુધ્ધ કરવા સમર્થ નથી થયો ત્યાં તું બીજાના દોષોને સાંભળી સાંભળીને તારી બેડ મેમરીઝના સ્ટોકને શા માટે વધારે છે ?

જેમ તમે કોઇ એકને એક આકૃતિને વારંવાર જુઓ, એકને એક અવાજને વારંવાર સાંભળો તો એ તમારા મન અને મગજમાં અંકિત થઇ જાય છે, તેમ કોઇના દોષો કે અવગુણો પણ વારંવાર... વારંવાર સાંભળો તો એ અવગુણો પણ તમારા માનસમાં અંકિત થઇ જાય છે અને એવા અવગુણો તમારામાં પણ આવવાની શરૂઆત થઇ જાય છે.

## *અંતે પરિણામ શું?*

સાધના બે પ્રકારની હોય છે એક ધાર્મિક અને બીજી આધ્યાત્મિક !

બંનેમાં ફરક શું હોય છે ?

ધાર્મિકતા એટલે પરમાત્માની નજીક જવું અને આધ્યાત્મિકતા એટલે 'સ્વ' ની નજીક જવું.

ધાર્મિકતા એ પગથિયાં છે અને આધ્યાત્મિકતા એ મંજિલ છે.

ધાર્મિકતા એ પરમાત્માની નજીક જવાની પ્રોસેસ છે અને આધ્યાત્મિકતા એ



ધાર્મિકતા એટલે પરમાત્માની નજીક જવું, આધ્યાત્મિકતા એટલે 'સ્વ' ની નજીક જવું.

આત્માની નજીક જવાની પ્રોસેસ છે.

પરમાત્માની નજીક જઇને પણ અંતે જવાનું છે તો સ્વયંના આત્મા તરફ. પર્યુષણ એ અંતરની શુધ્ધિકરણ કરવાનું પર્વ છે.

સ્વની નજીક જઇને, સ્વનું નિરીક્ષણ કરીને, સ્વના દોષોનું અવલોકન કરીને સ્વનું શુધ્ધિકરણ કરવું એ છે આધ્યાત્મિકતા !

માસક્ષમણની સાધના કરવી સહેલી છે પણ બીજાના અવગુણ ન ગાવા, બીજાના દોષો ન જોવા, બીજાની ભૂલો ન કાઢવી એ અતિ કઠિન છે. આ વૃતિ નીકળે તો જ પર્યુષણ સાર્થક થાય.

પર્યુષણના આઠ દિવસ રોજ ધર્મસ્થાનકમાં આવવું, સાધના-આરાધના કરવી, પ્રાર્થના, પ્રવચન અને પ્રતિક્રમણ કરવા, ઉપવાસ કરવા, દાન કરવું, ત્યાગ કરવો, બધું જ કર્યાં પછી પરિણામ શું ? ધર્મની અનુભૂતિ શું ?

જો સ્વભાવ ન સુધર્યો તો ! ! જો વૃતિ ન સુધરી તો ! !

જ્યાં સુધી મારી પ્રકૃતિ અને મારી પરિણતીને ન સુધારૂં ત્યાં સુધી કરેલું બધું જ નિરર્થક છે.

રોજ ગુરુ દર્શન કરીએ અને રોજ ધર્મનો લાભ લઇએ પણ અંતે પરિણામ શું ?



પર્યુષણ એ અંતરની શુધ્ધિકરણ કરવાનું પર્વ છે.

તમે બિઝનેસ કરો ત્યારે ટર્ન ઓવર ચેક કરો કે અંતે પ્રોફીટ કેટલું મળ્યું એ ચેક કરો ? કરોડો રૂપિયાનું  ટર્ન ઓવર હોય અને પ્રોફીટ લાખનું પણ ન હોય તો શું કામનું ?

એમ રોજ ધર્મ, ધ્યાન, સાધના, આરાધના કરો પણ પરિવર્તન અંશ માત્ર ન આવે તો શું કામનું ?

પર્યુષણ મનાવ્યા એટલે 'જૈન' તરીકેનો સ્ટેમ્પ રીન્યુ થઇ ગયો એટલે વાત પૂરી ! આપણે જેટલાં ધાર્મિકતા તરફ જઇએ છીએ એટલાં આધ્યાત્મિકતા તરફ જતાં નથી.

જેટલો બહારમાંથી ખમાવું છું, ખમાવું છું, નો શૉ કરીએ છીએ એટલી વાસ્તવિકતામાં ક્ષમાપના હોતી નથી. જેટલો બહારથી ઉપવાસ હોય છે, દેહિક ઉપવાસ હોય છે એટલો આત્મિક ઉપવાસ હોતો નથી. જેટલું બહારથી ધાર્મિકતાનું લેવલ હોય છે ,એટલું અંદરથી આત્માનું લેવલ હોતું નથી.

પરિવર્તન આવતું નથી એનું કારણ શું છે ?

પરિણામ આવતું નથી એનું કારણ શું છે ?

એનું કારણ છે પરમાત્માની જ્ઞાનવાણી સાંભળીને માત્ર ઉપલું પડ જ ભીનું થાય છે . વાણી અંતર આત્મા સુધી પહોંચતી નથી એટલે આંતરિક પડ ભીના થતાં



જેટલાં ધાર્મિકતા તરફ જઇએ છીએ એટલાં આધ્યાત્મિકતા તરફ જતાં નથી.

નથી અને ઉપલું પડ તો સંસારનો જરાક તડકો લાગે છે ત્યાં જ સૂકાય જાય છે. અંદરનું પડ ભીનું થતું નથી એટલે અંકુરા ફૂટતાં નથી. અંકુરા ફુટતાં નથી એટલે પરિણામ આવતું નથી.

અનંતકાળ પછી... અનંતા જીવોમાં આપણને પર્યુષણ ઉજવવાનો અવસર પ્રાપ્ત થયો છે, સદગુરુનો યોગ થયો છે. સ્વભાવને સુધારવાની તક મળી છે. સ્વની નજીક જવાનો ચાન્સ મળ્યો છે ત્યારે આ અમૂલ્ય અવસરને શું આમ જ ગુમાવી દેવાનો ? આ વૃક્ષ, ગાય, ઘોડા, પશુ, પક્ષી, જીવ- જંતુ શું કોઇને સ્વભાવ સુધારવાની સમજ છે ?

આજથી એક સંકલ્પ કરો :

મારે કોઇના દોષ જોવા નથી, મારે કોઇના અવગુણ ગાવા નથી. મારે બીજાની પાસે ત્રીજાની વાત કરવી નથી.

દરેકનું સુધરવુ નિશ્ચિંત છે. આજ નહીં તો કાલ, મારી પાસે મેજિક આય નથી એટલે મને એના સુધરવાનો દિવસ દેખાતો નથી.

જે દિવસે મારી પાસે મેજિક આય આવી જશે એ દિવસે મને એનો સુધરવાનો દિવસ દેખાય જશે. મારે એના એ દિવસને યાદ રાખવો છે. જો એ દિવસ યાદ રહેશે તો આજે એના અવગુણો ગાવાનું બંધ થઇ જશે.



બીજાની પાસે ત્રીજાની વાત કરવી નથી.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ માત્ર પ્રવચન સાંભળવા માટે નથી, પ્રયોગ કરવા માટે છે.

પ્રયોગ કરો... એકાંતમાં જઇ શાંત ચિતે ચિંતન કરો, યાદ કરો એક એક વ્યક્તિને જેની સાથે તમારે પ્રોબ્લેમ છે. યાદ કરો એ બધાંને જેમની વૃતિ સાથે પ્રોબ્લેમ છે, યાદ કરો એ બધાંને જેમનો વ્યવહાર તમારી સાથે બરાબર નથી, યાદ કરો એ બધાંને જે તમારી સાથે ક્યારેક ખોટું બોલ્યાં છે અને પછી એ બધાં જ પાત્રોની નીચે એક ટેગ લગાવી ધ્યો, એમના ટેગ નક્કી કરી લ્યો.

હવે માત્ર એટલું જ કરો, એ બધાં પાત્રોની જગ્યાએ તમે તમારો ચહેરો મૂકી ધ્યો અને પછી નીચેની ટેગ લાઇન ચેક કરો, એ બધું જ તમને લાગુ પડે છે કે નથી પડતું ? બધાં જ ચહેરા તમારા જ ચહેરા બની જાય છે કે નહીં ? શક્યતા છે ને ? ?

એટલે યાદ રાખવું, મને બીજામાં જે અવગુણ દેખાય છે એ જ અવગુણ મારામાં પણ પડેલો છે. જો મારા માટે એ અવગુણને કાઢવો મુશ્કેલ છે તો એના માટે પણ મુશ્કેલ હોય શકે છે, તો મારે એની મુશ્કેલી સમજવી છે. જો હું તેને મારા સ્થાન પર મૂકી દઉં છું તો મારા બધાં પ્રોબ્લેમ્સ સોલ્વ થયાં વિના રહેતાં નથી.



મને બીજામાં જે અવગુણ દેખાય છે એ જ અવગુણ મારામાં પણ પડેલો છે.

પર્યુષણ એ ‘પર’ અને ‘સ્વ’ ને સમજવાનો અવસર છે.

શ્વાસ ક્યારેય છોડતાં નથી, સંબંધ ક્યારેય છૂટવાના નથી. જેમ શ્વાસ ઉપર અધિકાર નથી તેમ સંબંધની ક્યારેય માલિકી ન કરો.



પર્યુષણ એ ‘પર’ અને ‘સ્વ’ ને સમજવાનો અવસર છે.


હે ભગવાન મને આપો એક મેજીક આય..!


સાધના ધર્મ પહેલાં સહાય ધર્મ

# પરમ અર્થની પ્રાપ્તિ

જેમ જેમ વ્યક્તિ 'સ્વ' ની નજીક આવતો જાય છે તેમ તેમ તેને પોતાનું સ્વરૂપ સમજાતું જાય છે. ઘણાનું માનવું છે કે 'સ્વ' ની નજીક જનારા સ્વાર્થી બની જાય જેનું ધ્યાન, જેનું ધ્યેય, જેનું લક્ષ્ય 'સ્વ' આત્માનું હોય, એ આત્મા સ્વાર્થી બની જાય કે પરમાર્થી ? સ્વની જે નજીક જાય છે તે સ્વાર્થી નહીં, પણ પરમ પરમાર્થી બની જાય છે, કેમકે સ્વ આત્માની જે નજીક જાય છે તે આત્માના અનેક ગુણોનો અનુભવ કરે છે અને જેમ જેમ એ ગુણોનો અનુભવ કરે છે, તેમ તેમ તે ગુણવાન થતો જાય છે. જ્યારે વ્યક્તિ ગુણવાન થાય છે ત્યારે તેની અંદરમાં બીજા પ્રત્યેનો પ્રેમ, બીજા પ્રત્યેનું વાત્સલ્ય, બીજા પ્રત્યેની કરૂણા અને બીજા પ્રત્યેની સહાય ભાવના પ્રગટ થતી જાય છે.

હું પણ તરૂં અને બીજાને પણ તારૂં.



સ્વની જે નજીક જાય છે તે સ્વાર્થી નહીં, પણ પરમ પરમાર્થી બની જાય છે.

હું પણ પામું અને સહુને પમાડું.

હું પરમાત્માના ચરણ અને શરણ સુધી પહોંચું અને સહુને પહોંચાડું.

જ્યારે કોઇ 'સ્વ'ની નજીક જાય છે ત્યારે બહુ મોટો ફેરફાર અનુભવે છે.

જે બીજાની નજીક જાય તે મોટા ભાગે સ્વાર્થથી જ જાય છે. ચેક કરો, આજ સુધી તમે જેની જેની નજીક ગયા છો તે સ્વાર્થથી ગયા છો કે પરમાર્થથી ?

જ્યાં તમારો સ્વાર્થ પૂરો થાય છે, જ્યાં તમારી ઇચ્છાની પૂર્તિ થાય છે, જ્યાં તમને કાંઇક ફાયદો થાય છે, જેની પાસેથી તમને કંઇક મળે છે, તમે તેની નજીક વધારે ગયા છો અથવા સામેવાળાને નજીક કરવાનો પ્રયત્ન કર્યો છે.

પરમાત્મા કહે છે, સહુથી દૂર થવું એટલે પોતાના સ્વાર્થથી દૂર થવું.

આજ સુધી આપણે જેની જેની નજીક ગયા છીએ, એ મોટાભાગે આપણા ગમતા હોય, પ્રિય હોય, ઇષ્ટ હોય અથવા આપણા સ્વાર્થને પોષવાવાળા હોય છે, માટે જ, જે તમારી અંદરમાં સ્વાર્થ જગાડે છે, જે તમારા સ્વાર્થને પોષે તેનાથી દૂર થવાની જરૂર છે અને જે તમારી અંદરમાં પરમાર્થ જગાડે છે તેની નજીક જવાની જરૂર છે.

ભગવાન મહાવીરે સંયમ સ્વીકાર કર્યો, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી એ જગતની નજીક ગયા કે દૂર ?

ભગવાનનું કોઇની પણ નજીક જવું એ સ્વાર્થ માટે હતું કે પરમાર્થ માટે ?



સહુથી દૂર થવું એટલે પોતાના સ્વાર્થથી દૂર થવું.

પરમાર્થ માટે કોઇની પણ નજીક જાવ, એમાં પરમાત્માએ ના નથી કહી અને સ્વાર્થ માટે કોઇની પણ નજીક જાવ એમાં પરમાત્માએ 'હા' નથી પાડી.

આજ સુધી તમે જેટલાંની સાથે સંબંધો રાખ્યા છે, જેટલાં રીલેશન્સ્ મેઇનટેઇન કર્યાં છે, જેટલાં કોન્ટેકટસ્ વધાર્યાં છે એમાં સ્વાર્થ છે કે પરમાર્થ ?

જ્યાં સ્વાર્થ હોય ત્યાં તમે કલાક વાત કરો અને જ્યાં સ્વાર્થ પૂર્તિ ન હોય ત્યાં' હું હમણાં બિઝી છું, પછી વાત કરીશું.' કહીને ફોન કટ કરો છો.

સહુથી દૂર અને સ્વ ની નજીક જવાનું કારણ શું છે ?

જેની નજીકમાં ગયા, સ્વાર્થ પૂરો થયો એટલે રાગ કર્યો.

જેની નજીકમાં ગયા, સ્વાર્થ પૂરો ન થયો એટલે દ્વેષ કર્યો.

રાગ- દ્વેષથી મુક્ત થવા માટે જ સહુથી દૂર થઇ, સ્વની નજીક જવાનું હોય છે.

સ્વાર્થ એક પ્રદુષણ છે જે આપણા આત્માને દૂષિત કરે છે, અશાંત કરે છે, બેચેન બનાવે છે.

જ્યાં નિ:સ્વાર્થ હોય ત્યાં શાંતિ હોય.

## *સમજની શાંતિનું પ્રદાન*

પર્વાધિરાજ પર્યુષણ સમજની શાંતિ પ્રદાન કરવા આવ્યા છે.

અવાજ કે ઘોંઘાટ ન હોય અને શાંતિ હોય એ શાંતિ, શાંતિ નથી.



સ્વાર્થ એક પ્રદુષણ છે જે આપણા આત્માને દૂષિત કરે છે.

સમજ હોય અને સ્વાર્થ ન હોય પછી જે અંદરમાં અનુભવાય એ યથાર્થ શાંતિ હોય. જે દિવસે સ્વાર્થ ઘટે છે તે દિવસે શાંતિ વધવા લાગે છે.

માનો કે, તમે ધર્મસ્થાનકમાં જવા માટે રીક્ષાની રાહ જોઇને ઊભા છો. ઘણીવાર થઇ ગઇ રીક્ષા મળતી નથી. બરાબર એ જ સમયે એક કાર પસાર થાય છે, એમાં પણ વ્હાઇટ ડ્રેસવાળા બધાં બેઠાં છે, કાર ફૂલ છે છતાં પણ એ ઊભી રાખે છે અને તમારી બેસવાની વ્યવસ્થા કરી આપે છે. તરત જ તમારા મનમાં એમના પ્રત્યે ભાવ થશે કે કેવા સારા ગુરુભક્ત છે મારા માટે કેવી અનુકૂળતા કરી આપી ! વગેરે... વગેરે...

અને માનો કે એ સમયે બીજી કોઇ કાર પસાર થઇ, એમાં પણ વ્હાઇટ ડ્રેસવાળી બે વ્યક્તિઓ બેઠી છે. પાછળની આખી સીટ ખાલી છે, તમે હાથ ઊંચો કરીને રોકવા માટે પણ કહો છો પણ એ કાર રોકાતી નથી અને સડસડાટ પસાર થઇ જાય છે. તરત જ તમારા મનમાં એમના પ્રત્યે શું ભાવ થશે ? અરે ! કેવા છે ? આટલો પણ વિવેક નથી ! મારે પણ ત્યાં જ જવાનું હતું અને મારા કારણે કયાં કારમાં વજન વધી જવાનું હતું ! વગેરે... વગેરે...

એટલે અનુકૂળતા મળે છે ત્યાં રાગ થાય છે અને પ્રતિકૂળતા વખતે દ્વેષ થાય છે.
પણ જો એ સમયે તમારી પાસે સમજ હોત તો ?
તો તમારા ભાવ કેવા હોત ? ?
ત્યારે તમને વિચાર આવત કે કદાચ એમનું ધ્યાન મારી તરફ નહીં ગયું હોય, હોય



જે દિવસે સ્વાર્થ ઘટે છે તે દિવસે શાંતિ વધવા લાગે છે.

શકે છે એ એમની ધૂનમાં ને ધૂનમાં આગળ નીકળી ગયાં હોય !

સમજ હોય તો પ્રતિકૂળતા વખતે પણ શાંતિ હોય.

## સાધના પહેલા સહાય ધર્મ

સહુની નજીક જાવ, પણ શેના માટે ? સહાય માટે !

ભગવાને આપણને એક ધર્મ બતાવ્યો છે જેનું નામ છે સહાય ધર્મ !

માનો કે તમે ઉતાવળા ઉતાવળા તમારી ઓફિસમાં જઇ રહ્યાં છો. તમારા હાથમાં સુંદર અને આકર્ષક તમારૂં ચશ્માનું બોકસ છે, તમે સાચવીને એને લઇ જઇ રહ્યાં છો. ઓફિસમાં પહોંચી બોકસને સાચવીને ટેબલ ઉપર મૂકો છો. ત્યાં જ કોઇ ભાઇ પેપર્સ લઇને તમારી સાઇન કરાવવા આવે છે. તમે ચશ્માનું બોકસ ખોલો છો... પણ આ શું ? એમાં ચશ્મા જ નથી. ઉતાવળમાં તમે ખાલી બોકસ લઇને આવી ગયાં છો. હવે એ બોકસ ગમે તેટલું સુંદર કે આકર્ષક હોય પણ અત્યારે સાવ નકામું છે, કેમકે એમાં ચશ્માં જ નથી. એમ, જ્યાં સુધી સહાય ધર્મ ન આવે, ત્યાં સુધી સાધના ધર્મ સાર્થક થતો નથી.

પહેલાં સહાય ધર્મ હોય છે, પછી સાધના ધર્મ હોય છે.

સાધુ, સાધ્વી કે સાધકનો નિયમ હોય, સવારના વહેલા ઊઠીને ગુરુ પાસે આજ્ઞા લેવા જાય અને બે હાથ જોડી પૂછે, ભંતે ! હું આજે સહાય કરૂં કે સાધના ? આજે હું



સમજ હોય તો પ્રતિકૂળતા વખતે પણ શાંતિ હોય.

વૈચાવચ્ચ કરૂં કે સ્વાધ્યાય ?

વૈયાવચ્ચ એટલે કોઇની નજીક જવાનું અને સ્વાધ્યાય એટલે ‘સ્વ’ ની નજીક જવાનું !

કોઇની નજીક પણ સ્વાર્થ માટે નહીં, પરમાર્થ માટે જવાનું, સેવા માટે જવાનું, સહાય માટે જવાનું.

આજે ઘણી જગ્યાએ બને છે શું કે વ્યક્તિ ધર્મ ધ્યાન ખૂબ કરતાં હોય, પણ માનો કે ઘરમાં બીમાર મા હોય અને એણે કહ્યું હોય કે ભાઇ મને જરા આ ટી.વી.માં સોહમ ચેનલ સેટ કરી દે તો હું બેઠાં બેઠાં પ્રવચન સાંભળી શકું.
એ સમયે ભાઇ ‘હમણાં મને મોડું થાય છે.’ કહીને ઘરની બહાર નીકળી જાય અને ઉપાશ્રયમાં આવીને ત્રિરંગી સામાયિક લઇને બેસી જાય.
એ કેવું કહેવાય ?

ચશ્માં ઘરે રહી ગયાં અને બોકસ હાથમાં લઇને આવી ગયાં. જે જરૂરી હતું, જે કામનું હતું, જે મહત્વનું હતું એને ભૂલી ગયાં અને ખાલી બોકસ હાથમાં છે. એ ખાલી બોકસ હવે કામનું કેટલું ?

મોટાભાગે આવું બનતું હોય છે.

જ્યાં સુધી પરમાર્થ ન જાગે ત્યાં સુધી પરમ અર્થની પ્રાપ્તિ ન થાય.
જ્યાં સુધી સહાય ધર્મ ન નિભાવો ત્યાં સુધી સાધના ધર્મ સાર્થક ન થાય.



વૈયાવચ્ચ એટલે કોઇની નજીક જવાનું અને સ્વાધ્યાય એટલે ‘સ્વ’ ની નજીક જવાનું !

જ્યાં સુધી સેવા અને વૈયાવચ્ચના ભાવો ન જાગે, જ્યાં સુધી બીજાને અનુકૂળતા કરી આપવાનું મન ન થાય ત્યાં સુધી સાધના સાર્થક ન થાય.

ઘણાને તપશ્ચર્યા વખતે અશાતના થાય છે. તેનું એક જ કારણ હોય ભૂતકાળમાં ક્યારેય કોઇ તપસ્વીની વૈયાવચ્ચ ન કરી હોય.

સર્વજ્ઞ ભગવાન મહાવીરનો ધર્મ વિશ્વ વ્યાપી બની શકે તેટલો સમર્થ હોવા છતાં આજ સુધી વિશ્વવ્યાપી બન્યો નથી એનું કારણ એક જ છે ભગવાન મહાવીરના ભક્તો સ્વાર્થી બની ગયાં છે. માત્ર પોતાનું જોવાવાળા છે, મારી સામાયિક થઇ ગઇ, મારૂં પ્રતિક્રમણ થઇ ગયું, મારી માળા થઇ ગઇ, મારો પૌષધ થઇ ગયો, મારૂં કામ પૂરૂં થઇ ગયું.

નાનપણથી સાધના શીખડાવી છે, સામાયિક શીખડાવી છે, પણ કોઇને સહાય કરવાનું, ધર્મમાં સહાયક બનવાનું શીખવ્યું નથી.

## *સહાય કોણ કરી શકે?*

સહાય કોણ કરી શકે ? કોઇને હેલ્પ કરવાનું મન કોને થાય ? જેનું હાર્ટ સોફ્ટ હોય એ જ સહાય કરી શકે. જેનું દિલ નરમ હોય એ જ બીજા માટે વળી શકે, બીજા માટે ઝૂકી શકે, બીજાને સપોર્ટ આપી શકે.

કોઇને પ્રશ્ન થાય... સેવા શા માટે કરવાની ?



જ્યાં સુધી પરમાર્થ ન જાગે ત્યાં સુધી પરમ અર્થની પ્રાપ્તિ ન થાય.

સેવા હાર્ટને સોફ્ટ કરવા માટે કરવાની હોય. સેવા આપણી અંદરમાં રહેલી કરૂણાને પ્રગટ કરવા માટે હોય. સેવા એ જ કરી શકે, જેનામાં જગત વાત્સલ્યભાવ હોય, સેવા એ જ કરી શકે, જેનામાં બીજા પ્રત્યે નિ:સ્વાર્થ પ્રેમ હોય, અંતરમાં દયા અને કરૂણા હોય.

જ્યારે આપણી પાસે અનુકૂળતા હોય, જ્યારે આપણા ગુડ લક હોય ત્યારે જેટલી થાય એટલી વધારે સેવા અને સહાય કરી લેવા જોઇએ. ધર્મની પ્રેરણા કરવી જોઇએ, કોઇને ધર્મમાં સહાયક બનવું જોઇએ. થાય એટલી અનુમોદના કરવી જોઇએ.

જ્યોત સે જ્યોત જલે.

એક દીપકમાંથી, બીજા દીપકને પ્રગટાવવાથી જ્યોતનું કાંઇ ઘટતું નથી પણ જ્યારે પોતાનો દીપક બુઝાય જાય ત્યારે પોતાની જ્યોત પ્રગટાવનાર કોઇ મળી જાય એવા પુણ્ય બંધાય જાય.

પણ ખોટ એ છે કે,

આપણને જેટલું પોતાનું કરવાનું મન થાય છે, એટલું બધાંનુ કરવાનું મન થતું નથી.

આજે તમારી સર્વ ઇન્દ્રિયો સલામત છે, બધાં જ પ્રકારની અનુકૂળતા છે તો તેને તમે સ્વાર્થ માટે વાપરો છો કે પરમાર્થ માટે ?

ઘણા કહેશે, અમે ધર્મ ધ્યાન તો કરીએ છીએ ને ! વિચાર કરો, ધર્મ કરવો એ સ્વાર્થ



સેવા એ જ કરી શકે, જેનામાં જગત વાત્સલ્યભાવ હોય.

છે કે પરમાર્થ ? તમે ધર્મ કરો છો તે તમારા માટે કરો છો, તમારા લાભ માટે કરો છો, તમારા કર્મો ખપે એની માટે કરો છો, તમારા પાપ ઓછા થાય એ માટે કરો છો, તમારો મોક્ષ થાય એ માટે કરો છો.

તમે ધર્મ કરો શ્રેષ્ઠ છે, પણ તમે ક્યારેય કોઇને ધર્મ કરવાની પ્રેરણા કરી ? આજે મોટા ભાગના લોકોનો 80 ટકા સમય સ્વાર્થમાં જ જઇ રહ્યો છે.

પર્યુષણ એ તમારી અંદરના સ્વાર્થને પ્રદુષણથી મુક્ત કરવા માટે છે.

એક દિવસ શ્રી કૃષ્ણ મહારાજ રથમાં બેસીને નગરમાં જઇ રહ્યાં હતાં સાથે એમના સૈનિકો, સેવકો, હાથીઓ, બગીઓ આદિ મોટો રસાલો હતો.

રસ્તામાં એક વયોવૃધ્ધ માથા ઉપર બબ્બે ઇંટો મૂકી અંદર જ્યાં મકાન બનતું હતું ત્યાં મૂકતો હતો. એ એની નોકરી હતી. દૂરથી શ્રીકૃષ્ણ મહારાજ આ દશ્ય જુએ છે. માર્ગ પર બીજા અનેક લોકો જઇ રહ્યાં હતાં. એ બધાં પણ આ વૃધ્ધને જોતાં હતાં અને પસાર થઇ જતાં હતાં.

જેવા શ્રી કૃષ્ણ મહારાજ એ વૃધ્ધની નજીક પહોંચ્યા, એમણે રથને ઊભો રખાવ્યો. પોતે નીચે ઉતર્યા અને પોતાના હાથમાં ચાર ઇંટો ઉપાડી, માથા ઉપર મૂકી અને સીધા અંદર જ્યાં મૂકવાની હતી ત્યાં મૂકી આવ્યાં. શ્રીકૃષ્ણને સહાય કરતાં જોઇને બધાં સહાય કરવા લાગી ગયાં. થોડી જ મિનિટમાં ઇંટનો આખો ઢગલો એના સ્થાને મૂકાઇ ગયો. વૃધ્ધ પુરુષ એકદમ હળવાશ અનુભવવા લાગ્યો. શ્રી કૃષ્ણ મહારાજ પોતાનું પદ, સ્થાન, પ્રતિષ્ઠા, રાજા તરીકેની પદવી, પોતાનું લેવલ બધું



પર્યુષણ એ તમારી અંદરના સ્વાર્થને પ્રદુષણથી મુક્ત કરવા માટે છે.

જ ભૂલીને સહાય કરવા લાગી ગયાં અને એમને જોઇને બીજા બધાં પણ જોડાઇ ગયાં. શ્રી કૃષ્ણ મહારાજ સહાય ધર્મને માનવાવાળા હતાં.

સાથે રહીને પણ જે એકબીજાને સહાય રૂપ બનવાને બદલે પોતાના જ સ્વાર્થને જુએ છે એને ભવિષ્યમાં એકલા રહેવું પડે એવા કર્મ બંધાય છે.

માટે જ, સાધનાની પહેલાં સહાય ધર્મ જરૂરી છે. આભૂષણોની પહેલાં વસ્ત્રો પહેરવા જરૂરી છે.

આટલાં વર્ષોથી ધર્મ ક્ષેત્રમાં આવતાં હોવા છતાં સાધના કરવાનું વધારે શીખવા મળ્યું કે સહાય કરવાનું ? સામાયિક તો કરવી જ જોઇએ, પ્રતિક્રમણ તો કરવું જ જોઇએ. રોજની માળા તો થવી જોઇએ. આઠમ- પાખી તો પાળવા જ જોઇએ... બધું જ શીખવા મળ્યું, પણ કોઇને સહાય કરવી જોઇએ, કોઇને સપોર્ટ કરવો જોઇએ. એવું શીખવા નથી મળ્યું.

તમે જ તમારી આટલા વર્ષોની લાઇફને ચેક કરો, ધર્મ સ્થાનકમાં આવતાં વર્ષોને ચેક કરો, તમને ક્યારેય વિચાર આવ્યો છે કે સાધનાની પહેલા સહાય ધર્મનું આટલું મહત્ત્વ શા માટે બતાવ્યું છે ? ક્યારેય ધર્મ સ્થાનકમાં આવીને ખુરશી કે શેતરંજી ઉપાડવાનો વિચાર આવ્યો છે ? ક્યારેય તપસ્વીને શાતા પમાડવાનો વિચાર આવ્યો છે ? ક્યારેય સંત -સતીજીઓને કંઇ ખપ છે, કંઇ વૈયાવચ્ચની જરૂર છે એવું પૂછવાનો વિચાર આવ્યો છે ? કોઇને ધર્મ ક્ષેત્રમાં લાવવાની પ્રેરણા કરવાનો વિચાર આવ્યો છે ?



સાધનાની પહેલાં સહાય ધર્મ જરૂરી છે.

આવી નાની નાની એક હજારથી વધુ ઘટનાઓ હશે જે તમને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કરાવી શકે છે, જેના કારણે જબરદસ્ત ગુડ લક પ્રાપ્ત થઇ શકે છે.

ધર્મ કરવો એ સ્વાર્થ છે અને ધર્મ માટે કંઇક કરવું એ પરમાર્થ છે.

પર્યુષણ એ સ્વાર્થ છોડવા માટે અને પરમાર્થ પ્રગટાવવા માટે છે.

## આવો... કુદરતની બેંકમાં જમા કરાવીએ

આ સંસારમાં વ્યક્તિને જે કાંઇ પણ મળે છે એ આપેલું જ મળે છે.

આજે તમારી પાસે જે કાંઇ છે, જેટલું છે, સારૂં છે કે ખરાબ છે, યોગ્ય છે કે અયોગ્ય છે ઓછું છે કે વધારે છે, એ બધું જ ભૂતકાળમાં આપેલું છે એ પ્રમાણે જ છે. જે આપીએ છીએ, એ જ મળે છે. જે આપ્યું ન હોય એવું આપણને ભગવાન પણ આપવા ધારે તો આપી શક્તાં નથી.

ભગવાન એક જ વાત કહે છે,

તું જે આપે છે, તે જ તને મળે છે.

તું બીજાને ધર્મની પ્રેરણા કરે છે, ધર્મ પમાડે છે, ધર્મની પ્રભાવના કરે છે તો તને ધર્મ મળે છે.

ધર્મ ક્યારેય ધર્મ કરવાથી નથી મળતો, ધર્મ પમાડવાથી ધર્મ મળે છે.

ઘણીવાર એવું બનતું હોય કે બસમાં બધી સીટ ફૂલ થઇ ગઇ હોય, એમાં દાદાજી



જે આપીએ છીએ, એ જ મળે છે.

ઊભા હોય અને યુવાનો સીટમાં બેઠા હોય. કોઇ દાદાજીને બેસવાની ઓફર કરતું નથી એટલે દાદાજી કહે છે, એક અમારો જમાનો હતો, જ્યારે કોઇ વડીલ કે વૃધ્ધને જુએ કે તરત જ યુવાનો એમને બેસવાની જગ્યા કરી આપતાં, પોતે ઊભા થઇ જાય અને વડીલોને બેસવાની જગ્યા કરી આપતા આજે તો જમાનો જ બદલાઇ ગયો છે.

દાદાજીને એટલું જ કહેવાનું , યુગ નથી બદલાયો પણ તમે ક્યારેય કોઇને બેસવા માટે ખુરશી આપી નથી એટલે આજે તમને બેસવા મળતું નથી.

જે આપ્યું હોય છે તે જ મળે છે.

આજે ઘણાને ઉપવાસ કે તપ સાધના કરવાના ભાવ થાય છે પણ કરી શક્તાં નથી. કેમકે ક્યારેય કોઇ તપસ્વીની સેવા કે અનુમોદના કરી નથી.

આજે સેંકડો યંગસ્ટર્સને સંયમના માર્ગે આવવાનું મન થાય છે પણ માતા-પિતાની આજ્ઞા મળતી નથી, કેમકે એમણે ક્યારેય કોઇની સંયમ સાધનામાં સપોર્ટ કર્યો નથી. જ્યારે આપણે કોઇને સપોર્ટ કરતાં નથી ત્યારે આપણને કોઇનો સપોર્ટ મળતો નથી.

કોઇને ભોજન આપીને તમે આજે તેને જમાડતાં નથી પણ તમારૂં જમવાનું કુદરતની- કર્મોની બેંકમાં જમા કરાવો છો.

તમે કોઇને વસ્ત્ર આપો છો ત્યારે તમે તમારા માટે જ વસ્ત્રોને કુદરતની- કર્મોની બેંકમાં જમા કરાવો છો.



ધર્મ ક્યારેય ધર્મ કરવાથી નથી મળતો, ધર્મ પમાડવાથી ધર્મ મળે છે.

તમે જ્યારે કોઇને ભણાવો છો ત્યારે તમે તેને જ્ઞાન નથી આપતાં તમે કુદરતની બેંકમાં તમારૂં જ્ઞાન જમા કરાવો છો.

આપવું તે માત્ર આપવું જ નથી, ખરેખર તો જમા કરાવવું છે.

ઘણાં કહેતાં હોય છે કે વંદના કરવાના એટલાં ભાવ થાય છે પણ શું થાય આ પગની તકલીફ એવી છે કે પગ વળી શક્તાં જ નથી.

ભગવાન કહે છે, જ્યારે તમને વંદના કરતાં આવડતી હતી, વંદના વિશે જાણ્યું હતું, વંદના કરતાં શીખ્યા હતાં, ત્યારે તમે કોઇને વંદનાનું મહત્ત્વ સમજાવ્યું નહીં હોય, કોઇને વંદના કરવાની પ્રેરણા કરી નહીં હોય, કોઇને વંદના કરતાં શીખવ્યું નહીં હોય, એટલે આજે તમને ભાવ હોવા છતાં વંદના કરવાની અનુકૂળતા મળતી નથી.

જે શીખ્યા, જે પામ્યાં, જે મેળવ્યું બધું જ પોતાના માટે, પોતા સુધી જ રાખ્યું.

પર્યુષણ એ મારી અંદરમાંથી મને સ્વાર્થ મુક્ત થવાની પ્રેરણા આપે છે. જ્યાં સ્વાર્થ છે ત્યાં જ સંબંધ છે.

ઘણાં કહેતાં હોય છે, ઘર લેવું છે પણ કાંઇ સેટ થતું નથી, આર્થિક અનુકૂળતા પણ છે પણ કોને ખબર કયાંય મેળ ખાતો નથી.

ભગવાન કહે છે, તે ક્યારેય કોઇને એક નાનકડી ઝૂંપડી બાંધવામાં પણ સહાય કરી છે ? તમારા માટે કરોડ રૂપિયાનો બંગલો બંધાવો છો પણ ધર્મસ્થાનક,



આપવું તે માત્ર આપવું જ નથી, ખરેખર તો જમા કરાવવું છે.

હોસ્પિટલ કે અનાથાશ્રમ બંધાતા હોય ત્યાં પાંચ હજારની પણ સહાય કરી છે ?

જ્યાં સુધી આપતાં નથી, ત્યાં સુધી મળતું નથી અને જ્યારે આપીએ છીએ ત્યારે અનેકગણુ મળ્યાં વિના રહેતું નથી.

સહુની સેવા એ જ 'સ્વ' ની સેવા.૧

સહુની સંભાળ એ જ 'સ્વ' ની સંભાળ.

બીજા માટે કંઇક એટલે પોતાના માટે જ કંઇક.

આજે તમને પાંચ ઇન્દ્રિયો સલામત મળી છે, તો તેને તમે કોઇને સહાય કરવા માટે વાપરી છે ?

ચેક કરો, આજે તમારી આંખ, કોઇ આંખ વિનાને સહાય કરવામાં કામ લાગી છે ?

જો 'ના' તો સમજી લેવાનું ભવિષ્યમાં આંખ મળશે કે નહીં ?

તમારી કાયા કોઇને સપોર્ટ કરવામાં સહાયક બની છે ?તમારા કાન, તમારા હાથ કોઇને હેલ્પફુલ થયાં છે ?

આજે કરેલી સહાય, ભવિષ્યમાં આપણને જ સહાય કરે છે.

માટે જ , પહેલાં સહાય ધર્મ... પછી સાધના ધર્મ !

પહેલા સહુની સેવા... ઓટોમેટિક થઇ જશે 'સ્વ' ની સેવા !

પહેલાં બીજાની કેર... ઓટોમેટિક થઇ જશે 'સ્વ' ની કેર !

તમે જ્યારે નિ:સ્વાર્થ ભાવે કરો છો, ત્યારે તમને મૂલ્યમાં કાંઇ નથી મળતું, અમૂલ્યમાં મળે છે.

આજે જેટલાં પણ તીર્થંકર પરમાત્મા બન્યાં છે એમણે કયાંક ને કયાંક, ક્યારેક કોઇને ધર્મ પમાડવાનો પુરુષાર્થ કર્યો છે.

ધર્મની પ્રભાવના જે કરે છે એને જ આગામી કાળ માટે ભદ્ર પુણ્ય કર્મનો બંધ થાય છે. તેને જ ભવિષ્યમાં ધર્મ મળે છે.

ભૂખ લાગશે તો જમીશ કયાંથી ? આ છે ગરીબની સ્થિતિ.

ભૂખ લાગશે તો ખાઇશ શું ? આ છે અમીરની સ્થિતિ.

એક પાસે ભોજનની વ્યવસ્થા નથી અને એક પાસે ભોજન છે પણ 'શું ખાઇ શકાશે ?' એ પ્રશ્ન છે, કેમકે શરીરની અનુકૂળતા નથી. જેમણે ક્યારેય કોઇને જમવાનું નથી આપ્યું, એમને શાંતિથી જમવા નથી મળતું.

પુણ્યની વ્યાખ્યા શું છે ?

બીજાને સુખ આપવું, બીજાને અનુકૂળતા આપવી, બીજાને સહાય કરવી એ જ મારા પુણ્યનું કારણ છે, એ જ મારી પ્રાપ્તિનું કારણ છે.

જે મને જોઇએ છે, એ મને આપતાં આવડી જાય, તો તે મારે ક્યારેય માંગવાનો વારો ન આવે.



આજે કરેલી સહાય, ભવિષ્યમાં આપણને જ સહાય કરે છે.

ક્યારેય કોઇની પાસે હાથ લાંબો કરવો ન પડે.

સ્વાર્થ ઘટે અને સહાય વધે, એ જ આ પર્યુષણ પર્વનો સંકેત છે.

જેટલી તમે સહાય કરો છો, એટલી કુદરતની- કર્મોની બેંકમાં જમા થાય છે અને એ જ મલ્ટીપ્લાય થઇને તમને રીટર્ન મળે છે.

સાધના શ્રેષ્ઠ છે, પણ સાધનાની પહેલાં કરેલો સહાય ધર્મ સાધનાને સાર્થક બનાવી દે છે.



બીજાને સુખ આપવું એ જ મારા પુણ્યનું કારણ છે.


HELP
આવો..
કુદરતની બેંકમાં
જમા કરાવીએ..
કર્મની બેંક



# ક્ષણનું પ્રતિબીંબ

# 4

# ક્ષણનું પ્રતિબિંબ

### *ઘર હોય તો એવું... જે ઉપાશ્રય જેવું હોય.*

ઘર હોય તો એવું જે ઉપાશ્રય જેવું હોય. ઘર હોય તો એવું જ્યાં પક્કડ ન હોય, જ્યાં આગ્રહ ન હોય, જ્યાં અધિકાર ન હોય.

ઘર હોય તો એવું જ્યાં બધાં સાવ નજીક હોય છતાં સાવ દૂર હોય, બધાં દૂર હોય છતાં સાવ નજીક હોય.

જો એક જ ઘરમાં સાથે રહીને, પાસે રહીને એકબીજાને પીડા થતી હોય તો દૂર રહીને પ્રસન્ન રહેવું સારૂં, પછી એ બે ભાઇઓ હોય, દેરાણી- જેઠાણી હોય કે સાસુ- વહુ હોય !

જીંદગીના એ સાથે રહેવાના જે ૨૫-૩૦ કે ૫૦ વર્ષ હોય એમાં જે રાગ- દ્વેષ હોય



ઘર હોય તો એવું જ્યાં પક્કડ ન હોય, આગ્રહ ન હોય, અધિકાર ન હોય.

તે માત્ર આ ભવ જ નહીં, ભવોના ભવોને બગાડે છે.

મનુષ્યભવની એક ક્ષણ આવનારા અનંતા ભવો પર પ્રતિબિંબ પાડનારી હોય છે માટે જ, મનુષ્યભવ એ ટર્નીંગ પોઇન્ટ કહેવાય છે. જો યોગ્ય ટર્ન લ્યો તો મોક્ષ તરફ અને નહીં તો સીધા દુર્ગતિ તરફ !

તિર્યંચના એક ભવની અસર આવતા થોડાંક જ ભવો પર પડે છે જ્યારે મનુષ્યના એક ભવની અસર આવતા અસંખ્ય ભવ પર પડે છે.

માનો કે ૨૦ મા વર્ષે લગ્ન થયા હોય અને ૭૦ વર્ષનું આયુષ્ય હોય તો સાથે રહેવાના એ સંબંધની ૫૦ વર્ષની અસર આવતા ૫૦ ભવ, ૫૦૦ ભવ, ૫૦૦૦ ભવ કે પાંચ લાખ ભવ કે પચાસ લાખ ભવો સુધી કરે છે. આ ભવના ૫૦ વર્ષ આવતા અસંખ્ય ભવોને સુધારી પણ શકે છે અને બગાડી પણ શકે છે. સદ્‌ગતિ તરફ પણ લઇ જઇ શકે છે અને દુગર્તિ તરફ પણ લઇ જઇ શકે છે.

સંબંધોમાં મોટા ભાગે આગ્રહ, અધિકાર અને પક્કડ જ હોય છે.

જેટલાં કર્મો સંબંધોથી બંધાય છે, તેટલાં કર્મો સગવડતાથી નથી બંધાતા. જેટલાં કર્મો સંબંધોથી બંધાય છે, તેટલાં કર્મો બીજા કોઇ પણ વ્યવહારથી નથી બંધાતા.

કેમકે, સંબંધોમાં સ્વાર્થ હોય છે, મારા પણું હોય છે, માલિકી ભાવ હોય છે, એક પ્રકારનો આગ્રહ હોય છે અને પઝેઝીવનેસ હોય છે.



મનુષ્યના એક ભવની અસર આવતા અસંખ્ય ભવ પર પડે છે.

સંબંધોમાં હંમેશાં ધાર્યુંન કરવાની અને ધાર્યું કરાવવાની વૃતિ હોય છે.

પર્યુષણ આપણી આ પક્કડ વૃતિને છોડાવવા માટે હોય છે.

પર્યુષણ એ આપણા સ્વભાવનું પરિવર્તન કરાવવા માટે હોય છે.

ધર્મની આરાધના પહેલાં સ્વભાવને સુધારવો જરૂરી હોય છે.

જેમ જેમ સ્વભાવ સુધરતો જશે, તેમ તેમ સાધના શ્રેષ્ઠ થતી જશે અને જેમ જેમ સાધના શ્રેષ્ઠ થતી જશે તેમ તેમ સ્વભાવ વધુને વધુ સુધરતો જશે.

વર્ષોના વર્ષોથી ધર્મ કરો છો, પર્યુષણ મનાવો છો, જૈન તરીકેનું રીન્યુઅલ કરાવો છો પણ અંદરમાં પડેલી પક્કડ ઘટે છે કે વધે છે ?

ઘર હોય કે પરિવાર હોય, સંઘ હોય કે સમાજ હોય, નજીકના હોય કે દૂરના હોય, પક્કડ, આગ્રહ અને અધિકાર દિવસે દિવસે વધે છે કે ઘટે છે ?

પક્કડ હોવાનું કારણ બુધ્ધિ છે અને બુધ્ધિ સામેવાળાની વાતને સ્વીકારવા દેતી નથી. આ પક્કડના કારણે જ અશાંતિ, તનાવ, ટેન્શન આદિ વધતાં જાય છે.

હું મોટો અને તું નાનો, મને કેમ પૂછયું નહીં ? મને કેમ જણાવ્યું નહીં ? આવા પ્રકારની આગ્રહ વૃતિ જ અકળામણ ઊભી કરે છે.

આ ભવના આ ૫૦ વર્ષનું પ્રતિબિંબ આવતા ૫૦ લાખ ભવ સુધી પડવાનું છે.

જો આ ભવોને મારે ઘટાડવા હોય તો મારે આ ૫૦ વર્ષને સુધારવા પડશે. ૫૦



આગ્રહ વૃતિ જ અકળામણ ઊભી કરે છે.

લાખ ભવોમાંથી પાંચ ભવ ઉપર આવવું એ પણ આપણા જ હાથમાં છે. જેટલાં મારી નજીકમાં છે તેના માટે મારામાં આગ્રહ અને અધિકાર ભાવ પડેલાં છે અને જેટલાં મારાથી દૂર છે તેના ઉપર મારો કોઇ અધિકાર કે આગ્રહ નથી.

## *મોટાની પક્કડ નાનાને અક્કડ બનાવે છે.*

ધર્મ ક્ષેત્રમાં આવવાની એક માત્ર શરત છે સરળતા. જ્યાં સરળતા હોય છે ત્યાં ધર્મ સ્થિર થાય છે.

આપણી ખોટ એ જ છે કે, આપણી સરળતા કયાંક ખૂણામાં દબાઇ ગઇ છે અને પક્કડ એકદમ બહાર આવી ગઇ છે.

એક શેઠ હતા. એણે નોકરને આજ્ઞા કરી હતી કે રોજ સવારે નવ વાગે એટલે તારે બધાં જ ઝાડને પાણી પાવાનું. નોકર નિયમિત નવ વાગે પાણી પાવા જાય.

એક દિવસ પોણા નવ વાગ્યાથી વરસાદ શરૂ થઇ ગયો. શેઠની આજ્ઞા મુજબ નવ વાગ્યા એટલે નોકર છત્રી લઇને હાથમાં ઝારી લઇને એક એક ઝાડને પાણી પાવા લાગ્યો.

ત્યાં જ મહેમાન આવે છે, મહેમાન આ દશ્ય જુએ છે, નોકરને પૂછે છે, આ શું કરે છે ?

નોકરે કહ્યું, હું ઝાડને  પાણી પાઉં છું. મહેમાન કહે છે, પણ ઉપર વરસાદ વરસી



જ્યાં સરળતા હોય છે ત્યાં ધર્મ સ્થિર થાય છે.

રહ્યો છે અને બધાં જ ઝાડને પૂરતું પાણી મળી જાય છે.

નોકરે કહ્યું, પણ મારા શેઠની આજ્ઞા છે, જો હું નવ વાગે ઝાડને પાણી ન આપું તો મને ગુસ્સો કરે.

શેઠના આગ્રહના કારણે નોકરમાં ભય બેસી ગયો હતો.

જ્યાં ભાન હોય ત્યાં ભય ન હોય,
જ્યાં ભય હોય ત્યાં ભાન ન હોય.

જ્યાં ભાન હોય ત્યાં વિવેક હોય કે ક્યારે કયાં, કયા ક્ષેત્રમાં શું કરવું જોઇએ !

મોટા ભાગના ઘરોમાં પણ પક્કડ હોય છે કે આમ કહ્યું છે તો એ પ્રમાણે થવું જ જોઇએ. ઘર ઘરમાં પક્કડ કોની વધારે હોય ? વડીલોની કે નાનાની ? વડીલોની ! કેમકે, વડીલો એમ જ માનતા હોય કે અમે તમારા કરતાં વધારે દિવાળી જોઇ છે.

એક બાજુ આગ્રહ હોય અને જ્યારે ધાર્યું ન થાય ત્યારે અંતમાં શબ્દો નીકળે.
'તમારે જેમ કરવું હોય તેમ કરો.'
જે શબ્દો અંતે વાપરવાના છો એ જ શબ્દો જો શરૂઆતમાં પહેલાં જ વાપરો તો ? ?

તો તમારૂં માન પણ સચવાશે અને સન્માન પણ સચવાશે.

જો ઘરને ઉપાશ્રય બનાવવો હોય તો આગ્રહ છોડીને જતું કરતાં શીખવું જોઇએ.



જ્યાં ભાન હોય ત્યાં ભય ન હોય, જ્યાં ભય હોય ત્યાં ભાન ન હોય.

અમે ઘરમાં મોટા છીએ તો અમને જણાવવું જોઇએ. જો તમે ઘરમાં મોટા છો તો તમારી પાસે જાણવાની કળા પણ હોવી જોઇએ .

મોટા થઇને મસ્ત બનીને જીવવા કરતાં નાનામાં ભળતાં આવડવું જોઇએ. જો નાનામાં ભળતાં ન આવડ્યું તો અવારનવાર નાનાઓનું અપમાન સહન કરવું પડશે.

પર્યુષણ આપણને આપણી અંદરમાં જાગતા અણસમજના કારણે થતાં અનેક પ્રકારના પ્રદુષણોથી મુક્ત થવાની પ્રોસેસ શીખવે છે.

ભગવાન કહે છે, પૌષધ ન થાય તો કાંઇ વાંધો નહીં, ઘરના પ્રોબ્લેમ્સને સોલ્વ કરતાં શીખી જાવ.

ઘર હોય કે પરિવાર, સંઘ હોય કે સમાજ, જો પ્રોબ્લેમ્સ સોલ્વ કરતાં ન આવડ્યું તો ભવિષ્યમાં ધર્મ પણ અંદરથી ખોખલો થઇ જશે, સંબંધો પણ અંદરથી ખોખલા થઇ જશે.

જ્યાં તમારી પક્કડ છે ત્યાં તમે પોતાને જ પીડા નથી આપતાં પણ આસપાસનાને પણ પીડા આપો છો.

મોટા જો પક્કડ છોડી દે, તો નાના પક્કડને પકડવાનું છોડી દેશે, અને પોતાની અક્કડતાને છોડી દેશે.

ઘણાંની ફરિયાદ હોય છે, અમારા દીકરા-દીકરી અમારૂં કહ્યું માનતા નથી. તેનું



જ્યાં તમારી પક્કડ છે ત્યાં તમે પોતાને જ પીડા નથી આપતાં પણ આસપાસનાને પણ પીડા આપો છો.

કારણ એક જ છે, તમે એમને ક્યારેય સમજવાનો પ્રયત્ન જ કર્યો નથી. તમે એની પરિસ્થિતિ, એના સંજોગો, એનો સમય, એનું ફ્રેન્ડ સર્કલ આદિને ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ? નથી કર્યો અને ઉપરથી તમારી સોચ, તમારી સમજ, તમારા વિચારો, તમારા સમયની સ્થિતિ, તેમના પર નાંખવાનો પ્રયત્ન કરો છો.

પરિણામ શું આવે છે ? રાઇટ કે ફાઇટ ? ?

તમે એમને સમજવાનો પ્રયત્ન કરો એ તમારૂં સાંભળવા લાગશે.

તમારે તમારા સંતાનોને ક્યારેય શીખવવું પડયું છે કે સંત-સતીજીઓને વંદના કરવી જોઇએ ? અને તમારે કેટલી વાર તમારા બાળકોને કહેવું પડે કે બેટા, મા-બાપને પગે લાગવું જોઇએ !

શા માટે ?

કેમકે, એમને સંત-સતીજીઓ જેટલાં વંદનીય લાગે છે એટલાં માતા-પિતા પ્રણામ યોગ્ય લાગતાં નથી !

આજના યંગસ્ટર્સને સાથે રાખવાની ટેકનીક વડીલોને આવડવી જોઇએ. સંઘ અને સમાજના વડીલોમાં પણ આ કુનેહ હોવી જોઇએ અને સંત-સતીજીઓમાં પણ આ કલા હોવી જોઇએ, તો જ યુવા શક્તિને યોગ્ય દિશામાં વાળી શકાશે.

યુવા વર્ગ ધર્મ ક્ષેત્રમાં આવતાં નથી, એનું મુખ્ય કારણ એ પણ છે કે એ લોકો એમના ઘરના વડીલો, દાદા-દાદી, માતા-પિતા જે વર્ષોથી ધર્મ સ્થાનકમાં આવે છે, ધર્મ



મોટાની પક્કડ નાનાને અક્કડ બનાવે છે.

ધ્યાન કરે છે છતાં એમનામાં એમને સુધારો જોવા મળતો નથી.

એટલે તમે જો તમારા ઘરને ધર્મ ક્ષેત્ર બનાવશો તો ધર્મ ક્ષેત્રમાં યુવાનો આવ્યા વિના રહેશે નહીં.

પ્રોબ્લેમ એક જ છે પક્કડ !

ભલે વરસાદ આવતો હોય પણ મારે તો છત્રી લઇને પાણી પાવા જવાનું જ ! આપણો આગ્રહ જ આપણો અધર્મ બની જાય છે.

મારે કયાંય પક્કડ રાખવી નથી અને મારે યુવાનોને અક્કડ બનાવવા નથી.

આ નાનકડી સમજ પર્યુષણને સાર્થક કરી દે છે.

## *સુખી સંસારની ત્રિપદી*

સંસારમાં પરિવારના બધાં જ સભ્યો ઘરમાં એક સાથે હોય એ સમય કયો હોય ?

લગભગ રાત્રે નવ વાગ્યે ! અને એ નવથી અગિયારના સમયમાં ઘરનું વાતાવરણ કેવું હોય ?

એક હોય ટી.વી. ની સામે, એક હોય કોમ્પ્યુટર ઉપર, એક હોય વોટસ્એપમાં બીઝી તો એક આઇ-પેડ લઇને બેઠો હોય અને એક હોય કિચનમાં !

આવા વાતાવરણમાં રહેનારા ઘરના સભ્યો કહેવાય કે ધર્મશાળાના મહેમાન ?



આપણો આગ્રહ જ આપણો અધર્મ બની જાય છે.

જે ઘરના વડીલો નિયમિત ધર્મ સ્થાનકમાં જવાવાળા હોય એ ઘરનું વાતાવરણ આવું હોય ? ?

આજે ધર્મ પણ એક શૉ થઇ ગયો છે, બહારમાં ધાર્મિકતા છે પણ અંદરમાં પરિવર્તન નથી માટે જ ધર્મની અનુભૂતિ નથી.

જે ધર્મ તમને આજે ન અનુભવાય તે ધર્મ કાલે ફળ આપશે એવી કોઇ શક્યતા ન હોય.

સંસારને સુખી બનાવવો હોય, શાંતિ અને પ્રસન્નતા જોઇતી હોય તો ત્રણ વસ્તુને અમલમાં લાવવાની જરૂર છે.

૧. ચહેરા પર સ્માઇલ. ૨. વોઇસને સોફ્ટ બનાવવો અને ૩. સામે ચાલીને તેમની પાસે જવાનું.

યાદ રાખજો,

આજના યુવાનો ભલે તમારા કરતાં વધારે ઇગોઇસ્ટીક હશે પણ અંદરથી એટલાં જ સોફ્ટ હોય છે. તમે બે ડગલાં આગળ જશો એ બાર ડગલાં આગળ આવશે. તમે એકવાર સામેથી જાવ, એ વારંવાર સામે આવશે. તમે એકવાર એમને બોલાવો, એ તમારી સાથે વાત ન કરે તો કહેજો.

ભગવાન કહે છે,

જેને અહીંયા કોઇની સાથે રહેતાં ન આવડે, તેને મોક્ષમાં બધાંની સાથે રહેતાં ન

આવડે.

જે અહીંયા પાંચ સાથે રહી ન શકે, તે મોક્ષમાં અનંતા સાથે કેવી રીતે રહી શકે ?

માટે જ આટલું પરિવર્તન જરૂરી છે.

ચહેરા પર સ્માઇલ લાવવી છે, વોઇસને સોફ્ટ બનાવવો છે અને સામે ચાલીને જવું છે. આ ત્રિપદીને અમલમાં મૂકયાં પછી, સંવત્સરીના દિવસે ખમાવવા જવું નહીં પડે.

ઘરને ધર્મ ક્ષેત્ર બનાવવા, સંસારને સુખી બનાવવા, પક્કડને ઘટાડવાની છે. વરસાદ આવતો હોય તો રેઇનકોટ પહેરીને પાણી પાવા જવાય નહીં.

## *ક્ષણનું જતન*

તમે ચાહે કોઇ પણ ક્ષેત્રમાં હો, ચાહે કોઇ પણ સ્થાનમાં હો, તમે ક્ષણનું જતન કરો, ક્ષણ તમારૂં જતન કરશે.

આ કઇ ક્ષણ છે ? આ કયું સ્થાન છે ? આ કઇ પળ છે ? આ કયુ ક્ષેત્ર છે ? અહીં મારે શું કરવું જોઇએ ? અહીંયા મારો વ્યવહાર કેવો હોવો જોઇએ ? એનો વિવેક હોવો જોઇએ.

જેને ક્ષણે ક્ષણનું જતન કરતાં આવડે તેને જૈન કહેવાય.

જૈન ક્યારેય પોતાની એક પણ ક્ષણને વ્યર્થ જવા ન દે કેમકે, એને ખબર છે,



તમે ક્ષણનું જતન કરો, ક્ષણ તમારૂં જતન કરશે.

મનુષ્યભવની એક સેકંડ, આવતા લાખો ભવોનું પ્રતિબિંબ છે.

ભગવાન મહાવીરનો આત્મા જ્યારે મરિચીનાં ભવમાં હતો ત્યારે એકવાર તેનાથી બોલાઇ ગયું કે ધર્મ તો દાદા ઋષભદેવ પાસે પણ છે અને ધર્મ તો મારી પાસે પણ છે. આ એક ક્ષણનું એમણે જતન ન કર્યું અને વરસોના વરસો સુધી એમને જૈન ધર્મ ન મળ્યો.

એ જ ભગવાન મહાવીરનો આત્મા જ્યારે નયસાર સુથારના ભવમાં હતો ત્યારે જે સમયે કકડીને ભૂખ લાગી, જમવાનું મન થયું અને તે જ ક્ષણે તેને યાદ આવી ગયું, ભલે ગમે તેટલી ભૂખ લાગી હોય પણ જમાડયા વિના હું જમી જ ન શકું અને એણે એક અજાણ્યા સંતને વ્હોરાવવાની નાનકડી ક્રિયા કરી.

એક ક્ષણનું જતન થઇ ગયું અને કહેવાય છે કે એ જ ક્ષણે એનામાં મહાવીર બનવાના બીજ વવાઇ ગયાં.

એ ભવમાં હાથમાં કુહાડી હતી પણ ક્ષણનું જતન કર્યું તો ભવિષ્યના ભવમાં હાથમાં રજોહરણ આવી ગયું.

ચેક કરો, તમે પહેલાં જમો છો કે પહેલાં જમાડો છો ? પહેલાંનો એક યુગ હતો જ્યારે પહેલી રોટલી ગાયની, બીજી કૂતરાની , ત્રીજી ભૂખ્યાની બનતી અને પછી જ ઘરની રોટલી બનતી. આજે પરિસ્થિતિ કંઇક અલગ છે.

શ્રાવકનું ઘર એવું હોય જ્યાંથી ગમે તેટલાં આવે કોઇ ભૂખ્યા પાછા ન જાય. જેની



જેને ક્ષણે ક્ષણનું જતન કરતાં આવડે તેને જૈન કહેવાય.

ઘરેથી એક વખત વ્યક્તિ ભૂખી પાછી જાય, તેનો આવતો ભવ ભૂખ્યાનો ભવ હોય છે. તમે જ્યારે કોઇને ખાલી પેટ મોકલો છો, ત્યારે તમે ખાલી હાથવાળા બની જાવ છો.

એ જ મહાવીરનો આત્મા, જ્યારે ક્ષત્રિય રાજા રૂપે હતો ત્યારે એક દિવસ ભાભીએ જરાક મશ્કરી કરી અને એક મુષ્ટિના પ્રહાર દ્વારા વૃક્ષ પર જેટલાં ફળ હતાં તે બધાં જ નીચે ફેંકી દીધાં અને બતાવી દીધું જુઓ મારામાં કેટલું બળ છે ?

યાદ રાખજો, જ્યારે તમે તમારી શક્તિનું પ્રદર્શન કરો છો ત્યારે તમે તમારૂં સામર્થ્ય ગુમાવી ધ્યો છો.

એ જ આત્માએ એક સમયે સંગીતકારને આજ્ઞા આપી હતી કે હું સૂઇ જાઉં પછી સંગીત બંધ કરી દેજે. સંગીતકાર એના સંગીતમાં લીન-તલ્લીન થઇ ગયો હતો એટલે રાજાની આજ્ઞા ભૂલી ગયો. સવારે રાજાએ એને સંગીતમાં લીન જોયો અને એનો અહમ્ ઘવાયો. ત્યાં ને ત્યાં કાનમાં ગરમા ગરમ શીશું રેડાવ્યું.

એ ક્ષણનું એ જતન ન કરી શકયાં અને ક્ષણે એમનું જતન ન કર્યું.


મહાવીર બન્યાં પછી પણ, દીક્ષા લીધાં પછી પણ એના કાનમાં ગોવાળ દ્વારા ખીલ્લા ઠોકાયાં.

એ આત્માએ અગિયાર લાખ એંસી હજાર માસક્ષમણ કર્યાં છતાં કાનમાં શીશું રેડાવ્યાના કર્મોનો ક્ષય ન થયો અને કાનમાં ખીલ્લાં ઠોકાયાં.

આ જ છે ક્ષણના જતનનું મહત્ત્વ !



જ્યારે તમે તમારી શક્તિનું પ્રદર્શન કરો છો ત્યારે તમે તમારૂં સામર્થ્ય ગુમાવી ધ્યો છો.



ક્ષણનું જતન થયું, ભગવાન મહાવીર બનવાના બીજ વવાઈ ગયા..



ભગવાન મહાવીર જન્મોત્સવ

# 5

# હર્ષાનંદ પ્રાગટ્ય અવસર

ભગવાન મહાવીર જન્મોત્સવ !

ભગવાન મહાવીર પ્રત્યે હૃદયમાં આનંદ અને હર્ષ પ્રાગટયનો અપૂર્વ અવસર એટલે ભગવાન મહાવીર જન્મોત્સવ !

ભગવાન મહાવીર પ્રત્યે ઉપકાર ભાવ પ્રગટ કરવાનો અપૂર્વ અવસર !

જો, પ્રભુ ! તમે ન મળ્યાં હોત તો ! જો, તમારો ધર્મ ન મળ્યો હોત તો ! જો તમારી આ શુધ્ધ વિચારધારાઓ ન મળી હોત તો ! તો હું કંઈક અલગ જ હોત !

આજે વિશ્વમાં હજારો લાખો લોકોને જોઈએ છીએ, કોઈના હાથમાં ગન છે તો કોઈના હાથમાં તલવાર, કોઈની થાળીમાં ઈંડા છે તો કોઈના ડીનરમાં ચીકન સુપ, કોઈના હાથમાં સંસારના ભોગ પદાર્થ છે તો કોઈના હાથમાં વિકારના દ્રવ્યો !



ભગવાન મહાવીર પ્રત્યે હૃદયમાં આનંદ અને હર્ષ પ્રાગટયનો અપૂર્વ અવસર એટલે ભગવાન મહાવીર જન્મોત્સવ !

કેટલાંયની પ્રવૃતિ અને પ્રકૃતિ એવી છે જેને જોઈને લાગે કે આ ખોળિયું માણસનું છે પણ અંદરમાં ક્યાંક ને ક્યાંક પશુતા પડેલી છે.

ઉપકાર છે એ ભગવાન મહાવીરનો જેમણે આપણને માણસ બની શકીએ એવું જ્ઞાન આપ્યું. આપણામાં મનુષ્યત્વ આવ્યું હોય તો તેનું એક જ કારણ છે આપણને પરમાત્મા મળ્યાં, પરમાત્માનો ધર્મ મળ્યો.

આજે એક અલગ સિક્રેટને જાણીએ.

## *મહાવીરની આગળ 'ભગવાન' શબ્દ આવ્યો કેવી રીતે?*

મહાવીર પણ એક મનુષ્ય હતાં અને આપણે પણ એક મનુષ્ય છીએ. મહાવીરનો જન્મ પણ માતાની કુક્ષીમાંથી થયો, આપણો જન્મ પણ માતાની કુક્ષીમાંથી થયો. તો પછી એવું શું હતું જેના કારણે મહાવીરની આગળ 'ભગવાન' શબ્દ લાગ્યો અને આપણી આગળ નહીં ? એવું તે શું બન્યું હશે ? શું કર્યું હશે મહાવીરે ?

એવું શું હતું મહાવીરમાં જેથી એમની ભગવાન તરીકેની ઓળખ થઈ, ભગવાન તરીકેની પરખ થઈ, એ ભગવાન તરીકે પ્રગટ થયાં, ભગવાન તરીકેના અનુભવમાં આવ્યાં. ભગવાન તરીકે પૂજાયા.

સિધ્ધિ ક્યારેય એમનેમ નથી મળતી,
એની માટે જાતનું બલિદાન આપવું પડે છે.

વિચાર કરો, રાજકુમાર વર્ધમાન તરીકે જન્મેલાં મહાવીરને શું દુ:ખ હતું ? શું



આપણામાં મનુષ્યત્વ આવ્યું હોય તો તેનું એક જ કારણ છે આપણને પરમાત્મા મળ્યાં.

તકલીફ હતી ? રાજમહેલના સુખ હતાં, વૈભવ હતો, પરિવાર હતો, પત્નિ અને પુત્રી હતાં. છતાં એમણે બધું જ છોડી દીધું, બધાંનો ત્યાગ કરી એકલાં જ જંગલની વાટે નીકળી પડયાં.

શા માટે ?

કેમકે, ભગવાનને ખબર હતી, આ બધું તો છૂટવાવાળું જ છે અને જે પામવાનું છે એ ક્યારેય ન છૂટે એવું પામવાનું છે અને એ જ ક્ષણે મહાવીરે સંકલ્પ કર્યો કે, મારે એ પામવું છે જે ક્યારેય છૂટવાવાળું ન હોય. મારે એ પામવું છે જે શાશ્વત હોય, જે કાયમ હોય. અને મહાવીરનો પુરુષાર્થ પ્રારંભ થયો. જ્યાં સુધી પરમ પદને પ્રાપ્ત ન કરૂં, ત્યાં સુધી આ દેહની પણ પરવા નહીં કરૂં.

મહાવીર જ્ઞાન પ્રાપ્તિના પુરુષાર્થમાં લાગી ગયાં. એક જ લક્ષ, એક જ દિશા, એક જ ગતિ અને એક જ કાર્ય, જ્ઞાન...જ્ઞાન અને જ્ઞાન જ !

પરમ જ્ઞાનને પ્રાપ્ત ન કરૂં ત્યાં સુધી જીવને જંપ નહીં થાય. ત્યાં સુધી જંપીશ નહીં અને ખરેખર જે દિવસે મહાવીરે દીક્ષા લીધી ત્યારથી જે દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી મહાવીર જંપીને બેઠાં નહીં.

જે દિવસે મહાવીરે સંસારનો ત્યાગ કર્યો ત્યારથી જે દિવસે મહાવીરને પરમ પદની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી મહાવીરે ન જોઈ ભૂખ, કે ન જોઈ તરસ, ન ઊંઘ, ન થાક... બસ ! એક જ ધ્યેય 'પરમ સત્યની પ્રાપ્તિ' અને એ સમય પણ નાનો ન હતો.



સિધ્ધિ ક્યારેય એમનેમ નથી મળતી, એની માટે જાતનું બલિદાન આપવું પડે છે.

મહિના, બે મહિના, વરસ, બે વર્ષ નહીં, એ સમય હતો પૂરા સાડા બાર વર્ષનો !

ક્યારેક જંગલમાં તો ક્યારેક અનાર્ય દેશમાં, ક્યારેક વૃક્ષ નીચે તો ક્યારેક ભૂતિયા બંગલામાં, મહાવીર ધ્યાન મગ્ન જ રહેતાં, ન કોઈને મળવાનું, ન કોઈ સાથે વાતચીત, ન કોઈની યાદ, ન કોઈ સાથે સંબંધ... માત્ર એક જ લક્ષ્ય કેવળ જ્ઞાનની પ્રાપ્તિ, જે ક્યારેય છૂટવાનું નથી તેની પ્રાપ્તિ !

મહાવીર જ્ઞાનના પ્રેમી હતાં.

જે વ્યક્તિ જ્ઞાનનો પ્રેમી હોય છે એનું એક જ લક્ષ્ય હોય છે જ્ઞાન પ્રાપ્તિ ! જ્ઞાન સિવાય એનું બીજું કોઈ ધ્યેય હોતું નથી.

ઉત્કૃષ્ટ સાધના અને સાડાબાર વર્ષની દીર્ઘ તપસ્યા બાદ મહાવીર પરમ પદને પામ્યાં અને ત્યારે એમના નામની આગળ 'ભગવાન' શબ્દ લાગ્યો.

આવા આપણા ભગવાન મહાવીરનો જન્મોત્સવ ત્યારે જ સાર્થક કર્યો કહેવાય જ્યારે આપણે એમના સંકલ્પને આપણો સંકલ્પ બનાવીએ.

આજ નહીં તો કાલ, આ ભવે નહીં તો આવતા ભવોમાં ક્યારેક આપણને પણ ભગવાન મહાવીર જેવા બનવાના ભાવ થાય, એમના જેવી ઉત્કૃષ્ટ સાધના કરીને આપણે પણ પરમ પદને પામીએ એવા હૃદયના ભાવ સાથે એક સંકલ્પ કરીએ.

ભગવાન જ્ઞાન પ્રાપ્તિ અર્થે સાડાબાર વર્ષ સુધી કઠિન સાધના કરી આપણે એ જ ભગવાન મહાવીરને જાણવા માટે એક વર્ષમાં સાડા બાર દિવસ, સાડા બાર



એક જ ધ્યેય 'પરમ સત્યની પ્રાપ્તિ'.

કલાક, સાડા બાર મિનિટ અથવા સાડા બાર સેંકડનો સમય તો કાઢી શકીએ ને !

ભગવાન જેવા જ્ઞાન પ્રાપ્તિ પુરુષાર્થ અર્થે એક વર્ષમાં ભગવાનની વાણીના આગમ શાસ્ત્રો અથવા ભગવાનના કોઈ પણ સાડા બાર પુસ્તકો, સાડા બાર પાના, અથવા સાડા બાર લાઈનનું વાંચન કરીશ.

સહજ અને શક્ય બંને છે. આજે સંકલ્પ કરો.

ભગવાનની વાણીના એક એક અક્ષર અમૂલ્ય હોય છે. ભગવાનની વાણીના બે શબ્દો રોહિણીયા ચોરના કાનમાં પડયાં અને એનો ઉધ્ધાર થઈ ગયો. ભગવાનની વાણીનો એક અક્ષર પણ જેના કાનમાં પડે છે તેનો બેડો પાર થઈ જાય છે.

આજે તમારી પાસે દુનિયાભરનું નોલેજ છે, દુનિયા ભરના લોકોને પગથી માથા સુધી ઓળખો છો, દુનિયા ભરના લોકોનો તમને ખ્યાલ છે, પણ નથી ખબર એક એવા આત્મતત્ત્વની, જેને પામવા માટે મારા ભગવાન ભૂખ ભૂલી જાય, જેને પામવા માટે મારા ભગવાન તરસ ભૂલી જાય, જેણે પામવા માટે મારા ભગવાન રાજમહેલ છોડી દે, સંબંધોને છોડી દે, પ્રિય પત્નિ અને વ્હાલસોયી દીકરીને છોડી દે, જેને પામવા માટે મારા ભગવાન જંગલોમાં, વિરાન વગડામાં, ધોમધખતા તાપમાં ઊભા ઊભા ધ્યાન સાધના કરે, એ ભગવાને એમના ત્રિકાલ જ્ઞાનમાં જે જોયું અને જાણ્યું અને પરમ કરૂણા કરી એ પરમ સત્યને આપણા હિત, શ્રેય અને કલ્યાણ અર્થે અંતિમ દેશના રૂપે આપ્યું, એનું થોડુંક તો વાંચન કરવું જોઈએ ને ! જો હું એમનો

વારસદાર છું, એમનું સંતાન છું, તો મારા ભગવાને, મારા પરમ પિતાએ એમના કેવળજ્ઞાનમાં શું જોયું છે એ મારે જાણવું જોઈએ ને !

ભગવાને મનુષ્યભવને માત્ર જ્ઞાન પ્રાપ્તિનો ભવ કહ્યો છે.

આજે કોઈ પણ પશુ કે પક્ષીની સામે આગમ પુસ્તક મૂકીને વાંચવાનું કહીશું તો શું એ વાંચી શકશે ? નહીં વાંચી શકે, પણ મૌન ભાવે, અફસોસ સાથે બોધ આપશે, જ્યારે મારો સમય હતો, ત્યારે મને સમય ન હતો અને આજે મારી પાસે સમય જ સમય છે, પણ મારો સમય નથી.

જો આજે નહીં સમજીએ તો કોઈક દિવસ એવો અફસોસ કરવાનો વારો આવી જશે.

ભગવાનની વાણીની બાર લાઈન પણ જો તમારા હૃદયને સ્પર્શી ગઈ તો તમે પરમાત્માના પગલે પગલે ચાલતાં થઈ જશો.

ભગવાનની વાણીના એક વાક્યમાં પણ આપણને મોક્ષ અપાવી શકે એવી ક્ષમતા રહેલી છે.

પરમાત્માનો વારસદાર હોય તે સ્વાધ્યાય નામનું તપ કરનાર જ હોય. સ્વાધ્યાય સિધ્ધત્વ સુધી લઈ જઈ શકે છે.

જેને કંઈક પામવું હોય તેને ઘણુ બધું છોડવાની તૈયારી રાખવી પડે અને જે ઘણું બધું છોડી શકે તે જ કંઈક પામી શકે છે.



ભગવાને મનુષ્યભવને માત્ર જ્ઞાન પ્રાપ્તિનો ભવ કહ્યો છે.

ભગવાને સત્યને પામવા બધું જ છોડયું, અરે વસ્ત્રો પણ છોડી દીધાં !

એ જ સમયે ઈન્દ્ર આવીને દેવદુષ્ય વસ્ત્ર વ્હોરાવે છે પણ ભગવાન મહાવીર કહે છે મને ખપ નથી અને ધ્યાનમાં ઊભા રહી જાય છે.

દેવલોકના ઈન્દ્રો તો પોતાની ભક્તિથી પ્રેરાય એ દેવદુષ્ય વસ્ત્ર ભગવાનને ઓઢાડે છે. સાક્ષાત પરમાત્માને દેવદુષ્ય વસ્ત્ર ઓઢાડી ઈન્દ્રો પરમાત્મા પ્રત્યે પોતાની ભક્તિ અને અહોભાવ વ્યક્ત કરે છે.

## *જો મને ભગવાન ન મળ્યાં હોત તો??*

આવા પરમાત્માને પામવા એ પણ આપણા પરમ સદ્‌ભાગ્ય કહેવાય.

આવા ભગવાન જો મને ન મળ્યાં હોત તો!! તો આપણી આખી લાઈફ જ કંઈક અલગ હોત ! આજે આપણે એક વિશ્વાસ સાથે, એક ઉપકાર ભાવ સાથે કહી શકીએ કે આવા ભગવાન મળ્યાં છે એટલે આપણી દુર્ગતિ તો નહીં જ થાય.

જેને પરમાત્માનો ધર્મ મળે તેની ક્યારેય દુર્ગતિ ન થાય.

આપણને આવા ભગવાન મળ્યાં એનું સતત વેદન આપણા અંતરમાં થવું જોઈએ. સતત એ ઉપકાર ભાવ પ્રગટ થતો હોવો જોઈએ.

હે પ્રભુ ! તમે મળ્યાં અને મારી દુર્ગતિના દ્વાર બંધ થઈ ગયાં. જો તમે ન મળ્યાં હોત તો !



જેને કંઈક પામવું હોય તેને ઘણુ બધું છોડવાની તૈયારી રાખવી પડે.

સદ્ગતિ પ્રાપ્ત કરવી એ તો વ્યક્તિના સ્વયંના સ્વભાવ અને પુરુષાર્થ ઉપર આધારિત છે, પણ પરમાત્મા મળ્યાં એટલે આવતા ભવમાં આપણી દુર્ગતિ થવાની શક્યતા નથી. કેમકે, સવાર સવારના આપણા ઘરમાં મુર્ગી કપાતી નથી, બપોરના ભોજનમાં આપણા ઘરમાં મીટ રંધાતુ નથી, આપણે ચાલતાં હોઈએ અને એકાદ કીડી કે મંકોડો પસાર થતો દેખાય છે અને આપણા પગ અટકી જાય છે.

દુનિયા જ્યાં હિંસાને ગણકારતી નથી ત્યાં આપણી રગ રગમાં અહિંસા છે એ જ પરમાત્માનો ઉપકાર છે.

## *પહેલાં પામવાનો પુરુષાર્થ પછી આપવાની કરૂણાઃ*

ભગવાન મહાવીરે સાડા બાર વર્ષના અથાગ પુરુષાર્થ બાદ કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી સિધ્ધિઓને પ્રાપ્ત કરી. ભગવાને એ અપૂર્વ સિધ્ધિઓને પોતાના સુધી સિમીત ન રાખી પણ અનંતી કરૂણા કરી જગતને પ્રદાન કરી. જે મળ્યું તે એમણે રાખ્યું નહીં, પણ વિશ્વને આપ્યું.

ભગવાન મહાવીરના જીવનમાંથી શીખવા જેવી અનેક વાતોમાંથી આ એક વાત પણ અમૂલ્ય છે.

ભગવાન મહાવીરે શું કર્યું ?

જેવું એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, કેવળજ્ઞાન પ્રગટ થયું એવી જ એમણે આપવાની શરૂઆત કરી દીધી.



દુનિયા જ્યાં હિંસાને ગણકારતી નથી ત્યાં આપણી રગ રગમાં અહિંસા છે એ જ પરમાત્માનો ઉપકાર છે.

બધાંની ક્ષમતા કદાચ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની ન હોય તો સહુ સહુની ક્ષમતા પ્રમાણે શુધ્ધ મતિ જ્ઞાન પ્રાપ્ત કરે, શુધ્ધ શ્રુત જ્ઞાન પ્રાપ્ત કરે, શુધ્ધ અવધિજ્ઞાન પ્રાપ્ત કરે, શુધ્ધ મન: પર્યવ જ્ઞાન પ્રાપ્ત કરે. આમ પરમાત્માએ સતત ને સતત પોતે જે પામ્યાં છે તે આપવાનો પ્રયત્ન ક્ર્યો છે.

પહેલાં પામવાનો પુરુષાર્થ અને પછી આપવાની કરૂણા !

ભગવાને ક્યારેય એમ ન કહ્યું, કે મેં બધું ત્યાગીને સાડા બાર વર્ષ સુધી સાધના કરી અને સિધ્ધિને પ્રાપ્ત કરી, એમ તમે પણ બધું ત્યાગીને સાડા બાર વર્ષ સાધના કરો, તમને પણ સિધ્ધિ મળશે. કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જશે. આ જ મોક્ષનો માર્ગ છે.

ના, ભગવાને ક્યારેય એવું ન કહ્યું,

ભગવાને એક જ વિચાર ક્ર્યો, મારી પાસે જેટલું છે એ બધું જ હું બીજાને કેવી રીતે આપું ? મને જે પરમ સુખનો અનુભવ થાય છે તે બધાંને કેવી રીતે કરાવું ? મને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જગત આખાને કેવી રીતે આપું ?

તમારી પાસે જે હોય તે જો તમે તમારા સુધી જ રાખો તો તમારા પુણ્ય ખર્ચાય જાય પણ તે જો તમે બીજાને આપો તો તમારા પુણ્ય અનેકગણા વધી જાય.

હું બધું જ આપી દઈશ, એવી કરૂણા જ્યારે અંતરમાંથી પ્રગટ થાય છે ત્યારે સિધ્ધિઓ ઓટોમેટિક શરણમાં આવી જાય છે.

મને જે મળ્યું છે તે આખા જગતને મળજો.



પહેલાં પામવાનો પુરુષાર્થ અને પછી આપવાની કરૂણા !

હું જે પામ્યો છું તે આખું જગત પામે.

મને જે પ્રાપ્ત થયું છે તે જગત આખાને પ્રાપ્ત થાય. આ છે ભગવાન મહાવીરની કરૂણા !

મારે જગતના સર્વ જીવોને શાસન રસિક બનાવવા છે. આ છે ભગવાન મહાવીરની ભાવના !

### જન્મોત્સવનો ઉલ્લાસભાવ

જ્યારે આપણા ભગવાન મહાવીરના જન્મોત્સવનો અવસર હોય ત્યારે આપણા હૃદયમાં અનેરો ઉલ્લાસ ભાવ પ્રગટવો જોઈએ, હૃદયમાં ભક્તિનો મહાસાગર ઉછળવો જોઈએ. પરમાત્માના અવની પરના પ્રાગ્ટયની ક્ષણો, એ સમયનું દિવ્ય વાતાવરણ, એ સમયનો આનંદ અને ઉલ્લાસ... એક કલ્પના ચિત્ર નયન સમક્ષ પ્રગટ થવું જોઈએ.

પરમાત્માના જન્મોત્સવની અમૂલ્ય ક્ષણો જ્યારે હૃદયને સ્પંદિત કરી એક અનન્ય અનુભૂતિ બની જાય છે ત્યારે એવા પુણ્ય બંધાય કે ભવિષ્યમાં તીર્થંકરના પરિવારમાં જન્મ મળે.

જ્યારે રોમ રોમ પરમાત્મામય બની જાય છે, ત્યારે બની શકે છે આવતો ભવ મહાવિદેહ ક્ષેત્રમાં કોઈ તીર્થંકરના પરિવારમાં મળે. ભલે કદાચ તીર્થંકર બનવા ન મળે પણ તીર્થંકરના ભાઈ, બહેન, માતા, પિતા કે એમના સ્વજન બનવાનું



હું જે પામ્યો છું તે આખું જગત પામે.

સદ્ભાગ્ય તો પ્રાપ્ત થાય !

અંદરથી એવો ઉમંગ પ્રગટાવો કે મારે મારા ભગવનનો જન્મ દિવસ એવો ઉજવવો છે, એવો ઉજવવો છે કે મને એવો પરિવાર મળે જે પરિવારમાં કોઈ તીર્થંકર હોય, તીર્થંકર ન હોય તો કોઈ આચાર્ય હોય, કોઈ ઉપાધ્યાય હોય, કોઈ સાધુ-સાધ્વી હોય !

હે ભગવાન ! મને એવો પરિવાર આપજે કે જ્યાં તારા પંથે મને પા-પા પગલી કરવાનું મન થાય.

સંસારના સુખ તરફ લઈ જાય એવો પરિવાર હવે મને નથી જોઈતો, ભલે અઢળક સમૃધ્ધિ હોય પણ જો હૃદયમાં તારી પ્રતિષ્ઠા ન હોય તો એ સમૃધ્ધિ પણ અંતે તો પતન અને પીડાનું કારણ બને છે.

ભલે આવતા ભવે ઝૂંપડામાં જન્મ મળે, પણં આંખ ખુલે ને પ્રભુ, તારા દર્શન મળે.
બસ ! મને એટલું જ સદ્ભાગ્ય જોઈએ છે.
કેમકે, સમૃધ્ધિ ક્યારેય સદ્ભાગ્ય નથી હોતી. પ્રભુ દર્શન સદ્ભાગ્ય હોય છે.

ભગવાન મહાવીર જ્યારે દિલમાં જન્મ લે છે, ત્યારે દિલ એ જ બોલે છે કે, આ આંખો મહાવીર જેવી બની જાય, આ ચરણ મહાવીર જેવું આચરણ કરવા લાગે, આ હાથ મહાવીરના હસ્ત જેવા બની જાય અને આ હાર્ટ હંમેશાંને માટે મહાવીરનું થઈ જાય.



સમૃધ્ધિ ક્યારેય સદ્ભાગ્ય નથી હોતી, પ્રભુ દર્શન સદ્ભાગ્ય હોય છે.




પહેલાં પામવાનો પુરુષાર્થ..
પછી આપવાની કરૂણા..!


કલ્યાણ
પહેલાં..
..કર્તવ્ય

# 6

# કલ્યાણ પહેલાં કર્તવ્ય

તમે તમારી લાઈફની ટ્રેઈનને જુઓ. એ ક્યારેક ધીમી ગતિમાં હોય તો ક્યારેક સ્પીડમાં, ક્યારે અટકે તો ક્યારેક દોડે, ટ્રેઈનના એન્જિનનો ડ્રાઈવર સમય અને સંજોગો પ્રમાણે એને ચલાવતો હોય અને એ જ્યારે ડ્રાઈવર સીટ ઉપર હોય ત્યારે તેનું ધ્યાન સતત સામે મળતાં સીગ્નલ્સ પર હોય. એ સાવધાન હોય અને ક્યારેય સીગ્નલ ન તૂટે એનું ધ્યાન રાખે.

એક દિવસ એક ટ્રેઈનમાં નવા એન્જિન ડ્રાઈવર આવ્યા હતાં. ગાડી સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભી હતી. સામે થોડા થોડા અંતરે જ્યાં જ્યાં રેલ્વે ક્રોસિંગ હશે તે પ્રમાણે ચાર સીગ્નલ દેખાતાં હતાં. ચારે સીગ્નલ રેડ લાઈટ બતાવતાં હતાં, એટલે ટ્રેઈન ઊભી હતી, ત્યાં જ પહેલું સીગ્નલ ગ્રીન થયું, છતાં ડ્રાઈવરે ટ્રેઈન સ્ટાર્ટ ન કરી. એટલે બાજુમાં બેઠેલાં જૂના ડ્રાઈવરે કહ્યું, ટ્રેઈન સ્ટાર્ટ કરો, તો કહે ચારે

સીગ્નલ્સ્ ગ્રીન થાય પછી ટ્રેઈન શરૂ કરીશ.

આવું જ કંઈક બને છે આપણી લાઈફમાં, આત્મ કલ્યાણ કરવું છે, ધર્મ કરવો છે પણ જ્યારે બધી જ અનુકૂળતાઓ થાય ત્યારે, બધાં જ સીગ્નલ્સ્ ગ્રીન થાય ત્યારે !

નિયમ પ્રમાણે પહેલું સીગ્નલ ગ્રીન થાય એટલે ટ્રેઈન આગળ વધવી જોઈએ.

એમ તમે સંસારમાં છો, પરિવારમાં છો, સંબંધોની વચ્ચે છો, સમાજમાં છો ત્યારે બધાં જ સીગ્નલ્સ્ ગ્રીન થાય પછી જ તમે ધર્મ સાધના શરૂ કરો એ જરૂરી નથી, એક સીગ્નલ ગ્રીન થાય એટલે કે થોડીક અનુકૂળતા મળે એટલે ધર્મ સાધના શરૂ કરી દેવી જોઈએ.

જેટલી અનુકૂળતા મળે, તેટલાં ધર્મને અનુકૂળ બની જવું જોઈએ.

જે વાત કાલ ઉપર જાય છે, તે વાત કાલ ઉપર જાય છે, જે વાત આજ ઉપર જાય છે, તે વાત તમને આગળ વધારે છે.

મોટા ભાગના લોકોની માન્યતા શું હોય છે ? હજુ તો અમે નાના છીએ, યંગ છીએ, આ કાંઈ ધર્મ કરવાની ઉંમર છે ? મોટા થશું ત્યારે કરીશું.

ધર્મને ક્યારેય ઉંમર સાથે સંબંધ હોય ? જ્યારે આત્મા જાગૃત થાય ત્યારે ધર્મની શરૂઆત થઈ જાય. જ્યારે અંદરથી ગ્રીન સીગ્નલ મળે ત્યારે દોડવાની શરૂઆત કરી દેવી જોઈએ.



જ્યારે આત્મા જાગૃત થાય ત્યારે ધર્મની શરૂઆત થઈ જાય.

પહેલાંના કાળમાં અને આજના કાળમાં બહુ મોટો ફરક છે. પહેલાં આયુષ્ય લાંબુ હતું અને અત્યારે પાંચ વર્ષના બાળકને પણ કેન્સર થાય છે અને આયુષ્ય પૂરૂં થઈ જાય છે. માટે જ, કાલનો કોઈ ભરોસો નથી. તારી પાસે તારી કાલ છે કે નહીં, તેની કોઈ ખાત્રી નથી. જો કાલની ખાત્રી ન હોય તો કાલ ઉપર કાંઈ રાખી શકાય ?

જેના પુણ્યનો ઉદય હોય, જે પુણ્યનો ભરપૂર સ્ટોક લઈને આવ્યા હોય એમને બધાં જ ગ્રીન સીગ્નલ્સ્ મળી જાય છે.

ભગવાન કહે છે, જે કાલની રાહ જોવા રહે છે, તે ક્યારેય પોતાના કર્તવ્યો નિભાવી શક્તાં નથી. જે આજ કરવા જેવું છે તેને જે આજે જ કરી લે છે તેને ક્યારેય અફસોસ કરવાનો વારો આવતો નથી. જે વિચારતા રહી જાય છે, તે ક્યારેય કાંઈ કરી શક્તાં નથી, જેમને કરવું હોય એ ક્યારેય વિચારતાં નથી.

જો તમારી પાસે કાલનો જ ભરોસો ન હોય તો તમારા બધાં ભવિષ્યના પ્લાન પણ પૂરા થશે કે નહીં એનો ભરોસો હોતો નથી. લાઈફના પ્લાનીંગ સાથે આવતા ભવનું પણ પ્લાનીંગ કરવાની જરૂર છે.

જ્યાં સુધી કાળ નથી આવતો, ત્યાં સુધીમાં કર્તવ્યો નિભાવી લેવા જોઈએ.

### *માતા-પિતા પ્રત્યેનું કર્તવ્ય*

જે વ્યક્તિ કર્તવ્યો નિષ્ઠાપૂર્વક નિભાવે છે, તેને ભવિષ્યમાં ક્યારેય એકલા રહેવું પડતું નથી, તે ભવિષ્યમાં ક્યારેય અનાથ બનતાં નથી, તેને ક્યારેય અકળામણ



જે કાલની રાહ જોવા રહે છે, તે ક્યારેય પોતાના કર્તવ્યો નિભાવી શક્તાં નથી.

થાય એવી સ્થિતિમાંથી પસાર થવું પડતું નથી.

આ સંસારમાં કેટલાંય એવા હોય છે જેમને જન્મથી પરિવાર મળતો નથી, કેટલાંય એવા હોય છે કે પરિવાર તો મળે છે પણ પરિવારમાં એકબીજા સાથે બનતું હોતું નથી. કેટલાંય એવા હોય છે જેમને ધર્મ ક્ષેત્ર જ મળતું નથી અને કેટલાંય એવા હોય છે, જેમને ધર્મ ક્ષેત્ર મળે છે પણ ધર્મ કરવાની અનુકૂળતા મળતી નથી.

આવું એમની સાથે બને છે જેમણે કર્તવ્યો નિભાવ્યા હોતા નથી.

જે કર્તવ્ય હોય છે, તે કર્તવ્ય જ્યારે વ્યક્તિ નિભાવતી નથી ત્યારે તેને પ્રમાદ કહેવાય છે અને પ્રમાદના કારણે તે વ્યક્તિનું ભવિષ્ય પણ પ્રમાદમય બની જાય છે.

આજનો પ્રમાદ એ ભવિષ્યનો પ્રમાદ હોય છે.

આજે જે કર્તવ્ય નથી નિભાવતા, ભવિષ્યમાં તેને તે સંયોગો નથી મળતાં.

ઘણી જગ્યાએ એવું બનતું હોય છે કે દીકરાઓ આલીશાન બંગલામા રહેતાં હોય અને મા ને ગેરેજમાં રાખતાં હોય, વાસી અને વધ્યું-ઘટયું ખાવાનું આપતાં હોય.

જ્યાં સુધી કેરીમાં રસ હોય, ત્યાં સુધી બધાંને કેરીમાં રસ હોય.

જ્યાં સુધી તમે જગત માટે કામના છો, ત્યાં સુધી જગત તમારી કામના કરે છે અને જે દિવસે તમે જગત માટે કામના નથી રહેતાં, જગત તમારી કામના કરતું નથી.

જ્યાં સુધી તમારા પુણ્ય છે ત્યાં સુધી તમને માન-સન્માન, આવકાર અને સત્કાર મળે



આજે જે કર્તવ્ય નથી નિભાવતા, ભવિષ્યમાં તેને તે સંયોગો નથી મળતાં.

છે અને જેવા પુણ્ય ખૂટી જાય છે એટલે 'ગેરેજ' માં રહેવાનું મળે છે,

પણ યાદ રાખવું,

એના પુણ્ય ખૂટવાના કારણે એને ભલે ગેરેજ મળ્યું પણ એને ગેરેજ આપીને તમે તમારા પુણ્યને પાપમાં કનવર્ટ કરી નાંખો છો.

જે ફરજ ચૂકે છે, જે કર્તવ્ય ગુમાવે છે, તેના પુણ્ય પાપમાં પરિવર્તિત થઈ જાય છે, એના ગુડ લક પણ બેડ લક થઈ જાય છે.

અનેક કર્તવ્યોમાં એક કર્તવ્ય માતા-પિતા પ્રત્યેનું કર્તવ્ય છે.

ભલે સહુથી દૂર થઈ, સ્વની નજીક જવું એ ધર્મ છે, પણ જ્યાં સુધી સંપૂર્ણ ધર્મ પ્રગટ ન થાય, ત્યાં સુધી કર્તવ્યો નિભાવવા પણ અત્યંત જરૂરી છે.

માનો કે, વૃધ્ધ માતા-પિતાએ એમની કોઈ ઈચ્છા કે ભાવના વ્યક્ત કરી, એમણે એમની જરૂરિયાત માટે કોઈ વસ્તુની માંગ કરી, ત્યારે તમે એમની 5,000/- ની ઈચ્છા પૂરી કરતાં નથી અને ધર્મ સ્થાનકમાં જઈને 51,000/- નું દાન આપો છો.
તે સમયે તમારૂં કર્તવ્ય શું બને છે ?

માતા-પિતાની કેર કરવી જોઈએ, એમની ઈચ્છા પૂરી કરવી જોઈએ કે ધર્મ ક્ષેત્રમાં દાન આપવું જોઈએ ?

ધર્મ ક્ષેત્રમાં દાન આપવાથી તમારી વાહ-વાહ થાય છે, તમારા નામના બેનર્સ અને



જે કર્તવ્ય ગુમાવે છે, તેના પુણ્ય પાપમાં પરિવર્તિત થઈ જાય છે.

તકતી લાગે છે, માન-સન્માન મળે છે, જ્યારે માતા-પિતાની ઈચ્છા પૂરી કરવાથી તમને આમાનું કાંઈ જ મળવાનું નથી.

પણ સમજવા જેવી વાત છે, ક્ર્તવ્ય પણ એક પ્રકારનો ધર્મ જ છે.

જેમ સાધના ધર્મની પહેલાં સહાય ધર્મ જરૂરી છે, તેમ કલ્યાણ ધર્મની પહેલાં ક્ર્તવ્ય ધર્મ જરૂરી છે.

આત્મ કલ્યાણ એ ધર્મની મુખ્ય સાધના છે, પણ એ ત્યારે જ સાર્થક છે જ્યારે તમે પ્રથમ તમારા ક્ર્તવ્યો નિભાવો છો.

## *પરિવાર પ્રત્યેનો કર્તવ્ય ધર્મ*

આજે દુનિયામાં કેટલાંય લોકો એવા છે જેમને ઘર પરિવારથી દૂર, સમાજથી દૂર એકલાં રહેવું પડતું હોય છે. પરદેશમાં જ્યાં કોઈ સગા સ્નેહીજનો ન હોય ત્યાં જઈને રહેવું પડતું હોય છે. શા માટે ?

જ્યારે પરિવારની વચ્ચે હતાં ત્યારે સહનશક્તિનો અભાવ હતો.

સહન કરવું એ પરિવારનો ક્ર્તવ્ય ધર્મ છે.

જ્યારે એક પરિવારમાં હો ત્યારે બની શકે છે કે કોઈ તમને કાંઈક કહી જાય, ક્યારેક તમારૂં માન ન સચવાય, ક્યારેક ક્યાંય અન્યાય થાય, ક્યારેક ઓછું મળે, તે સમયે સમભાવ અને સમતા રાખીને સહન કરવું એ પરિવાર પ્રત્યેનું ક્ર્તવ્ય બને



સહન કરવું એ પરિવારનો ક્ર્તવ્ય ધર્મ છે.

છે. પણ એ સમયે જો તમે આવેશમાં આવીને તમે પરિવાર સાથેના સંબંધો તોડી નાંખો, પરિવાર પ્રત્યે અણગમો કરો એનો અર્થ તમે તમારૂં કર્તવ્ય નિભાવતાં નથી.

જ્યાં સમુદાય હોય ત્યાં સહન કરવું એ કર્તવ્ય હોય છે.

જેનામાં સહનશીલતા ન હોય એ પરિવારને વેરવિખેર કરી નાંખે છે. ઘરનાં ચાર વ્યક્તિ ચાર જુદી જુદી દિશામાં હોય છે, કહેવાય ઘર એક, છત એક પણ લાગણીની અછત હોય છે. માટે જ, સમુદાયમાં સહનશીલતાનું કર્તવ્ય નિભાવવું દરેક વ્યક્તિ માટે જરૂરી હોય છે.

## *સમાજ પ્રત્યેનો કર્તવ્ય ધર્મ*

તમે તમારી ગાડીમાં જતા હો, સામેવાળા એમની ગાડીમાં આવતાં હોય, ત્યારે સામેવાળા સીધાં જ તમારી ગાડી સાથે ભટકાય જાય ? આવું બને ? ના… ! કેમકે એ પણ સામાજિક જીવ છે અને તમે પણ સામાજિક જીવ છો. એ તમને સંભાળીને આગળ વધે છે, તમે એને સંભાળીને આગળ વધો છો. આ જ છે સમાજ પ્રત્યેનો કર્તવ્ય ધર્મ !

આજે અમેરિકા જેવા દેશોમાં જેટલો સમાજ ધર્મ છે એટલો ભારતમાં નથી. ત્યાં વ્યક્તિ-વ્યક્તિની વચ્ચે, લોકોની વચ્ચે, વ્યવહારની વચ્ચે, ટ્રાફીક સમયે, બધે જ સ્વચ્છતા અને વ્યવસ્થાને લોકો પોતાનું નૈતિક કર્તવ્ય સમજે છે.

જ્યારે અહીંયા રસ્તા ઉપર કચરો ફેંકવો, રેપર નાંખવા, દીવાલો પર પાન-તમાકુ



જ્યાં સમુદાય હોય ત્યાં સહન કરવું એ કર્તવ્ય હોય છે.

ખાઈને થૂંકવું એ એકદમ સામાન્ય વાત છે, એ શિસ્તતા હોવી અને એ શિસ્ત માટેની વ્યવસ્થા હોવી એ સમાજ પ્રત્યેનો એક ધર્મ છે.

સમાજ ધર્મ એક એવો ધર્મ છે જે બીજાને શીખવવાનો ન હોય, બધાં કરે છે એટલે હું પણ એમ જ કરૂં એ નિતી ન હોય. ચેક કરો, તમારા સેલ્ફને, તમે ધર્મ ક્ષેત્રમાં પ્રવચન સાંભળવા કે ભક્તિ કરવા જાવ છો, ખુરશી ઉપર બેસો છો, પછી જતી વખતે એ ખુરશી એના સ્થાને પાછી મૂકો છો કે જ્યાં હતી ત્યાં એમ જ રહેવા ધ્યો છો ? ખુરશી, શેતરંજી આદિને વ્યવસ્થિત સ્થાને મૂકવા અથવા મૂકનારને સહાય રૂપ થવું એ સમાજ પ્રત્યેનું કર્તવ્ય છે.

જ્યારે તમે સમાજ વચ્ચે છો ત્યારે સદ્ભાવ એ તમારૂં કર્તવ્ય બને છે.

મોટાભાગના લોકોને પોતે જ્યાં હોય, ત્યાં તેનું શું કર્તવ્ય બને છે એ વિચાર જ આવતો નથી. માનો કે, તમે જ્યાં ઊભા છો ત્યાં બાજુમાં એક નાનકડું ખાબોચીયું છે, એમાં એક માખી પડી ગઈ છે અને તરફડી રહી છે, તમારી આસપાસ ઊભેલાં બીજા ચાર-પાંચ લોકો એને જુએ છે અને તમે પણ એ દૃશ્ય જુઓ છો. એ સમયે તમારા મનમાં શું થાય છે ? કરૂણા આવે છે કે એને બહાર કાઢવી જોઈએ ? કે પછી શરમ આવે છે કે લોકો શું વિચારશે ? શું બોલશે ?

તમે જ્યાં હો ત્યાં તમારૂં કર્તવ્ય શું બને છે, એની બેલ સતત વગાડયા કરવી જોઈએ.



સમાજ વચ્ચે સદ્ભાવ એ તમારૂં કર્તવ્ય બને છે.

## સંઘનો કર્તવ્ય ધર્મ

દરેક સંઘનું કર્તવ્ય હોય છે કે વધારેમાં વધારે ભાવિકો અને વધારેમાં વધારે યંગસ્ટર્સ ધર્મ સ્થાનકમાં આવે એવી વ્યવસ્થા કરવી, એવા આયોજનો કરવા અને એ માટેનો યથા યોગ્ય પુરુષાર્થ કરવો.

ક્યા ક્ષેત્રમાં, કઈ પરિસ્થિતિમાં, કેવા સંજોગોમાં મારા શું કર્તવ્યો છે એની સમજ અને એનો વિવેક હોવો જ જોઈએ.

## શાસન પ્રત્યે કર્તવ્ય ધર્મ

શાસનની પ્રભાવના કરવી, શાસનની સેવા કરવી, ધર્મ માટેની પ્રેરણા કરવી એ શાસન પ્રત્યેનો કર્તવ્ય ધર્મ છે.

શાસન પ્રત્યેનું શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવ્યું હતું ચિત્ત નામના સારથીએ ! રાજા પરદેશીના રથના સારથીએ !

રાજા પરદેશી એક એવો રાજા હતો જેના હાથ સદાય લોહીથી ખરડાયેલાં રહેતાં. એના મનમાં એક જિજ્ઞાસા હતી કે આત્મા છે કે નહીં ? અને આત્મા વિશે જાણવા એ ચોર, લૂટારાં જે કોઈ પકડાય તેના તલવારથી ટૂકડા કરી આત્માને શોધવાનો પ્રયત્ન કરે, આ શરીરમાં આત્મા ક્યાં હોય છે ? કેટલાંયને કાચની પેટીમાં પૂરી દે તો કેટલાંયને અંધારી ઓરડીમાં પૂરી દે અને ચેક કરે આમાંથી આત્મા બહાર કેવી



શાસનની પ્રભાવના કરવી, સેવા કરવી, પ્રેરણા કરવી એ શાસન પ્રત્યેનો કર્તવ્ય ધર્મ છે.

રીતે નીકળે છે ?

ક્યાંયથી આત્મા દેખાય નહીં એટલે એની માન્યતા દૃઢ થઈ જાય કે ‘આત્મા’ જેવું કાંઈ છે જ નહીં.

એક દિવસ ચિત્ત સારથી બીજા નગરમાં જાય છે, ત્યાં તેને એક સંતના દર્શન થાય છે. પ્રથમ દર્શનથી જ એના હૃદયમાં કંઈક થવા લાગે છે. અકલ્પનીય અનુભૂતિથી હૃદય સ્પંદિત થવા લાગે છે અને એ ત્યાં ને ત્યાં જ એમને સમર્પિત થઈ જાય છે, એમને પોતાના ગુરુ ધારી લે છે અને શ્રાવક ધર્મનો સ્વીકાર કરી લે છે.
અને પછી એ ગુરુ કેશી સ્વામીને પોતાના નગરમાં પધારવા વિનંતિ કરે છે. કેમકે, આજ સુધી એમની નગરીમાં કોઈ સંત પધાર્યાં નથી.

ગુરુ: તારી નગરી કઈ છે ?

સારથી: ભંતે ! હું શ્વેતાબિંકા નગરીનો છું,

ગુરુ: એ તો પરદેશી રાજાની નગરી છે, એ રાજા ધર્મનો વિરોધી છે અને પ્રજા પણ અધર્મી છે. અમે ત્યાં ન આવી શકીએ.

ચિત્ત સારથી ફરી ભાવથી વિનંતી કરે છે, ગુરુદેવ ! આપ પધારશો તો બહુ મોટું પરિવર્તન આવી જશે. રાજા અને પ્રજા બંને સુધરી જશે.

ઘણીવાર એવું બનતું હોય છે કે,



કોરી પાટીમાં વધારે ચોખ્ખો એકડો થાય.

કોરી પાટીમાં વધારે ચોખ્ખો એકડો થાય. જેની પાટીમાં આડા અવળાં લીટાં થયેલાં હોય એમાં એકડો બરાબર દેખાય પણ નહીં.

ચિત્ત સારથીની ભાવના એક જ હતી એકવાર હું મારા રાજાને મારા ગુરુ પાસે લઈ આવું. એકવાર એમની પાસે લઈ જઈશ પછીની જવાબદારી મારા ગુરુની છે, પણ એકવાર મારે એમને લઈ જવા છે.

જે વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં ન આવતી હોય તેને ધર્મ ક્ષેત્રમાં લાવવી એ દરેક વ્યક્તિનું ધર્મ પ્રત્યેનું ક્ર્તવ્ય હોય છે.

ચિત્ત સારથી વિચારે છે રાજાને ગુરુ કેશી સ્વામી પાસે કેવી રીતે લઈ જવા ? એમને ડાયરેકટ કહીશ કે ચાલો, આપણે દર્શન કરવા જઈએ તો એ માનશે નહીં, તો પછી શું કરું ?

આખી રાત ચિંતન કર્યું અને એને ઉપાય સુઝી આવ્યો, એ સવારના રાજા પાસે જાય છે અને કહે છે, રાજન્ ! કંબોજથી મસ્ત પાણીદાર ઘોડા આવ્યાં છે, ચાલો આપણે રથ યાત્રાએ નીકળીએ.

રાજા ઘોડાનો શોખીન હતો એટલે એ તરત જ તૈયાર થઈ જાય છે.

સારથી ઘોડાની ટ્રેઈનીંગ જાણતો હતો એટલે એણે ઘોડાને એવા ટ્રેઈન કરી દીધાં કે ગમે તેટલી કોશીશ કરો એ ઊભા રહે જ નહીં. સારથી જ્યારે લગામ ખેંચે ત્યારે જ ઊભા રહે.



જે વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં ન આવતી હોય તેને ધર્મ ક્ષેત્રમાં લાવવી એ દરેક વ્યક્તિનું ધર્મ પ્રત્યેનું ક્ર્તવ્ય હોય છે.

આમ ઘોડા દોડાવતાં દોડાવતાં બરાબર એ જ ઉદ્યાનની સામે પહોંચ્યાં જ્યાં કેશી સ્વામી બિરાજમાન હતાં.

સારથીએ ઘોડા ઊભા રાખ્યાં અને થાક્યા પાક્યાં રાજા ત્યાં જ વૃક્ષ નીચે બેસી ગયાં અને બરાબર એ જ સમયે કેશી સ્વામીનો અવાજ સંભળાયો એટલે રાજાએ પૂછ્યું, આ મૂંડિયો કોણ છે ? આ આટલી મોટી સભા લઈને કેમ બૂમબરાડા પાડે છે ? આ છે કોણ ?

એક તો રાજા થાકેલાં હતાં અને એમાં આ બધું જોયું એટલે એકદમ ગુસ્સે થઈ ગયાં.

લોઢું જ્યારે તપેલું હોય ત્યારે ઘણ મારી દેવાય.

ચિત્ત સારથીએ બરાબર તકને ઝડપી લીધી અને કહ્યું, આ તો શરીર અને આત્માને અલગ માનવાવાળા છે. આટલું સાંભળતાં જ રાજા ઊભા થઈ જાય છે અને કહે છે મારે ત્યાં જવું છે.

જ્યાં રાજા કેશી સ્વામીના દિવ્ય લલાટ અને તેજસ્વી દેહ લાલિત્યને જુએ છે ત્યાં જ અર્ધા પીગળી જાય છે, પણ હજુ અંદરમાં અહમ્ ભરેલો છે એટલે સીધા જ સામે જઈને પ્રશ્ન પૂછે છે, 'શું તમે આત્મા અને શરીરને અલગ માનવાવાળા છો ?'

કેશી સ્વામી તો એક ક્ષણમાં એમના રાજવી વસ્ત્રો અને મુગટ જોઈને જાણી ગયાં કે આ અહમી રાજા છે. એટલે કેશી સ્વામીએ એમના બુલંદી અવાજમાં પૂછ્યું, તમને



લોઢું જ્યારે તપેલું હોય ત્યારે ઘણ મારી દેવાય.

ખબર છે ઋષિની સભામાં આવવું હોય તો શું કરવું જોઈએ ?

ધારદાર અને યોગ્ય પ્રશ્ન સાંભળી રાજા ધીમેથી જવાબ આપે છે હા, મને ખબર છે પહેલાં આજ્ઞા લેવી જોઈએ, આદર કરવો જોઈએ, વંદના કરવી જોઈએ અને પછી જ જિજ્ઞાસા વ્યક્ત કરવી જોઈએ. મારી ભૂલ છે, મેં એ નિયમો પાળ્યાં નથી.

કેશી સ્વામી એમને બેસાડે છે, પ્રશ્નોતરી શરૂ થાય છે અને રાજાને સમાધાન મળતું જાય છે, એમનું વિઝન ઓપન થતું જાય છે. 'આત્મા છે' એ સ્વીકાર્ય થઈ જાય છે. અને રાજા ત્યાં ને ત્યાં કેશી સ્વામીના ચરણોમાં સમર્પિત થઈ જાય છે.

વિનંતી પછી કેશીસ્વામી તેમની નગરીમાં પધારે છે. ધર્મબોધથી રાજાનું પરિવર્તન થાય છે અને પ્રજાનું પણ પરિવર્તન થઈ જાય છે. પ્રજા પણ ધાર્મિક બની જાય છે.

## *ધર્મ પ્રત્યેનું કર્તવ્ય*

દરેક વ્યક્તિનું એક કર્તવ્ય હોય છે કે હું રોજ એક નવી વ્યક્તિને ધર્મની પ્રેરણા કરૂં, રોજ એક વ્યક્તિને ધર્મના માર્ગે લાવું. જેમ ધર્મ પામીને મને લાગે છે કે હવે મારી દુર્ગતિ ક્યારેય નહીં થાય, તો આવો ધર્મ બધાંને મળે અને બધાંની સદ્‌ગતિ થાય એ મારૂં ધર્મ પ્રત્યેનું કર્તવ્ય છે અને એ કર્તવ્ય પણ મારા ધર્મનો જ એક પ્રકાર છે.

વ્યક્તિ ક્યારેય સોડાની બોટલ જેવા ન હોવા જોઈએ હોય. જ્યાં સુધી ઢાંકણુ બંધ છે ત્યાં સુધી પાવર છે, એમ જ્યાં સુધી ધર્મ સ્થાનકમાં છો ત્યાં સુધી ધર્મમય છો.

ધર્મનો રંગ, ધર્મની અસર, ધર્મની ભાવના તો રગેરગમાં અને હાડકાના મિંજ સુધી



દરેક વ્યક્તિનું એક કર્તવ્ય હોય છે રોજ એક નવી વ્યક્તિને ધર્મની પ્રેરણા કરે.


વ્યાપ્ત હોવા જોઈએ.

જેમ પ્રેમી પોતાના પ્રેમથી દૂર રહી જ ન શકે, તેમ ધર્મ પ્રત્યે એવો પ્રેમ હોવો જોઈએ કે ધર્મ વિના એક ક્ષણ પણ ચેન પડે નહીં. એક વાર જેને ધર્મ પ્રત્યે પ્રેમ થઈ જાય છે તે ધર્મના પ્રસાર માટે બધું જ કરવા તૈયાર થઈ જાય છે. ધર્મનો પ્રસાર એ દરેક વ્યક્તિનો કર્તવ્ય ધર્મ છે.



ધર્મ પ્રત્યે એવો પ્રેમ હોવો જોઈએ કે ધર્મ વિના એક ક્ષણ પણ ચેન પડે નહીં.


શાસનની પ્રભાવના કરવી,
એ શાસન પ્રત્યેનો કર્તવ્ય ધર્મ છે.
परस्परोपग्रहो जीवानाम्


શરણ શા માટે ?

# 7
# શરણ શા માટે?

જેમ કધોણિયા કપડાંને ધોવા માટે તેને પહેલાં પલાળવા પડે તેમ મલિન થયેલાં આત્માને શુધ્ધ કરવાની પ્રોસેસમાં પર્યુષણના સાત દિવસ આત્માને જ્ઞાનવાણીથી પલાળવાના દિવસો હોય છે અને આઠમો દિવસ હોય છે આત્મ શુધ્ધિનો !

પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ સાત દિવસ હોય છે પ્રભાવિત થવાના અને આઠમો દિવસ હોય છે ભાવિત થવાનો !

સાત દિવસ હોય છે શુધ્ધિકરણની તૈયારીના અને આઠમો દિવસ હોય છે આત્મ શુધ્ધિનો !

આ દિવસો હોય છે ઉત્સાહના, ઉમંગના, ભાવના, શ્રધ્ધાના, ભક્તિના પણ આઠ દિવસ પૂરા થતાં જ બધાં પૂર ઓસરી જાય છે.

સદ્‌ગુરુની જ્ઞાન જ્યોતમાંથી ચીનગારી મેળવી આઠ દિવસમાં બધાં કોડિયા પ્રજવલ્લિત તો થઈ જાય છે, પણ નવમાં દિવસે સંસારનું એવું વાવાઝોડું આવે છે કે મોટા ભાગના કોડિયા પાછા બુઝાય જાય છે.

આ સંસારના અંધારીયા વાતાવરણમાં જો તમારો જ્ઞાનનો દીપક પ્રજવલ્લિત થઈ જાય, શ્રધ્ધાનો દીપક પ્રજવલ્લિત થઈ જાય, ધર્મ ભાવનાનો દીપક પ્રજવલ્લિત થઈ જાય તો પછી વાંધો ન આવે. પણ પ્રોબ્લેમ ક્યાં થાય છે ? તમારી પાસે તમારૂં કોડીયું છે, તમારી શ્રધ્ધાની વાટ છે, સમર્પણતાનું ઘી છે, ચીનગારી આપનાર સદ્‌ગુરુ પણ છે, સદ્‌ગુરુ એમના દીપકમાંથી ચીનગારી આપે પણ છે, એના દ્વારા તમે તમારા દીપકને પ્રજવલ્લિત પણ કરો છો, પણ જ્યાં સંસારનો પવન આવે છે એટલે ફરી પાછો દીપક બુઝાય જાય છે અને જેવા કોડીયાં હતાં એવા થઈ જાય છે.

પર્યુષણમાં પ્રજવલ્લિત થયેલાં દીપકને આખુ વર્ષ પ્રજવલ્લિત રાખવો હોય, આખુ વર્ષ એ ધર્મભાવમાં... એ જ્ઞાનભાવમાં રહેવું હોય તો શું કરવું જોઈએ ?

જેમ પેટ્રોલ પંપ પર દસ મિનિટ પેટ્રોલ ભરાવવા ઊભી રહેલી ગાડી કલાકોના કલાકો સુધી રોડ ઉપર દોડયાં જ કરે, તેમ પર્યુષણના આઠ દિવસ આત્મગાડીમાં ભરાવેલાં પેટ્રોલથી ગાડી આખુ વર્ષ ચાલતી રહે તે માટે શું કરવું જોઈએ ?

એવું શું કરવું જોઈએ જેથી પર્યુષણમાં જાગેલી શ્રધ્ધા, ભાવ, ભક્તિ, ધર્મભાવના આખુ વર્ષ ટકી રહે, એની અનુભૂતિ આખુ વર્ષ અનુભવી શકાય ?



પર્યુષણમાં જાગેલી શ્રધ્ધા, ભાવ, ભક્તિ, ધર્મભાવના આખુ વર્ષ ટકી રહેવી જોઈએ.

સર્વજ્ઞ ભગવાન મહાવીર કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત ક્ર્યાં પછી દેવોકૃત સમવશરણમાં દેશના આપતાં હતા અને ત્યારે ત્યાં ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રવેશ કરે છે.

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ જે મઠાધિસ અને હોમ, હવન, યજ્ઞ કરવાવાળા હોય, જે 500 શિષ્યોના ગુરુ હોય, વિશાળ આશ્રમ ધરાવતા હોય અને પ્રખર પંડિત હોય, એને જ્યારે ખબર પડે છે કે દેવલોકના દેવો એમના યજ્ઞમાં આવવાના બદલે બીજે જાય છે, ત્યારે તે પણ ત્યાં આવે છે.સમવસરણનાં પગથિયાં ચઢે છે અને દૂરથી એમની નજર ભગવાન મહાવીર પર પડે છે અને મહાવીરની નજર ગૌતમ ઉપર પડે છે. બંને એકબીજાને જોયાં કરે છે અને પ્રથમ દર્શનની એ જ પળે એક અનોખું કનેક્શન સર્જાય જાય છે. એમાં પણ જ્યારે ભગવાનના મુખેથી, 'હે ગૌતમ !' શબ્દ સરે છે અને ગૌતમ વિચારમાં પડી જાય છે, અરે ! જેમને હું ક્યારેય મળ્યો નથી એ મારૂં નામ પણ જાણે છે !

હજુ તો ગૌતમ નામની અસર નીચે છે, ત્યાં જ મહાવીરના મુખમાંથી નીકળે છે, ગૌતમ તમારા મનમાં આ વિચાર ચાલે છે ને !'

ગૌતમના હાર્ટબીટસ્ બદલાય જાય છે, હૃદય એક અલગ જ સ્પંદન અનુભવે છે, એક અલગ જ પ્રકારની સ્નેહ સંવેદના સાથે ગૌતમ મહાવીરને અનિમેષ નયને નિહાળ્યાં જ કરે છે અને કહેવાય છે કે ગૌતમ ત્યાં ને ત્યાં જ પરમાત્માના ચરણ અને શરણનો સ્વીકાર કરી લે છે, પરમાત્માને સમર્પિત થઈ જાય છે.

પ્રથમ દર્શન, પ્રથમ મિલન, પ્રથમ વાર જ કનેક્શન અને સીધા સમર્પણ !



પરમની સ્નેહ સંવેદના, સમર્પણનું પરિબળ હોય છે.

પરમાત્માની જ્ઞાન જયોતમાંથી ગૌતમનો દીપક પ્રજવલ્લિત થઈ ગયો, પણ શું પછી એ ક્યારેય બુઝાયો ? ના ! એને સંસારના વાવાઝોડાની અસર થઈ ? ના ! શા માટે ?

ગૌતમની પાસે મહાવીરની ચીનગારી સાથે મહાવીરની કૃપાનું કવચ પણ હતું. એની જ્યોત ફરતાં મહાવીરની કૃપાનો ગ્લાસ હતો એટલે એને સંસારના વાવાઝોડાની, સંબંધોની આંધીની કોઈ અસર થતી ન હતી.

જ્યારે ગુરુ કે પરમાત્માની કૃપાનું કવચ હોય, ત્યારે કોઈ પણ પ્રજવલ્લિત દીપક ક્યારેય બુઝાય નહીં.

ગૌતમ આ પહેલાંના અનેક ભવોમાં અનેક લોકોને મળ્યાં હતાં અને આ ભવમાં પણ હજારો લોકોને મળ્યાં હતાં, હજારો સાથે સંબંધ બાંધ્યાં હતાં, પણ એ હજારોને જોઈને, મળીને ગૌતમને જે ન થયું તે આ મહાવીરને જોઈને થયું, મહાવીરને જોતાં જ એમના હૃદયમાં મહાવીર પ્રત્યે અત્યંત પ્રેમ થયો, અત્યંત આદરભાવ પ્રગટ થવા લાગ્યો, અત્યંત સમર્પણ ભાવ પ્રગટવા લાગ્યો, મહાવીરને જોતાં જ ગૌતમ ભૂલી ગયાં કે હું 500 શિષ્યોનો ગુરુ છું, ગૌતમ ભૂલી ગયાં કે મારો એક આશ્રમ છે, મારો વિશાળ ભક્ત વર્ગ છે, ગૌતમ ભૂલી ગયાં કે એ ભગવા વસ્ત્રધારી છે, ગૌતમ ભૂલી ગયાં કે એ કોણ છે ? ગૌતમે બધું જ ભૂલીને મહાવીરના ચરણમાં... મહાવીરના શરણમાં પોતાનું મસ્તક મૂકી દીધું. મહાવીરના ચરણાધિન થઈ ગયા. મહાવીરના શરણમાં સમર્પિત થઈ ગયાં, શબ્દો મૌન થઈ ગયાં અને આંખોમાંથી અશ્રુની ધાર

વહેવા લાગી.

પહેલી જ વાર આંખોથી આંખો મળે, પહેલી જ વાર દર્શન કરે અને જીવ અલગ પ્રકારના સ્પંદનો અનુભવે એનું કારણ શું હોય ? શા માટે આવું થાય ?

## *શરણ શાશ્વત હોય...*

સંબંધો મૃત્યુ પામનારા હોય છે, જ્યારે શરણ શાશ્વત હોય છે.

જગતમાં જેટલાંની પણ સાથે તમે સંબંધ બાંધો છો, પછી એ પત્ની હોય કે મિત્રો હોય, ટેમ્પરરી હોય કે પરમેનન્ટ ? આ જન્મના હોય કે જન્મો જન્મના ?

પરમાત્મા કહે છે,

આ જીવે, આ સંસારમાં ત્રણ મૃત્યુને વારંવાર જોયેલાં છે. એ ત્રણ મૃત્યુ છે - શરીરનું મૃત્યુ, સંબંધનું મૃત્યુ અને સ્નેહનું મૃત્યુ !

આ ત્રણ મૃત્યુને જીવ વારંવાર જોતો આવ્યો છે, જ્યારે શરણ સદાય શાશ્વત હોય છે. શરણ ભવોભવથી હોય છે અને સંબંધ માત્ર ભવ પૂરતો જ હોય છે.

જો શરણનો ગ્લાસ હોય તો દીપક ક્યારેય બુઝાતો નથી અને જો શરણનો ગ્લાસ ન હોય તો દીપક બુઝાયા વગર રહેતો નથી.

ચેક કરો, તમારી લાઈફમાં આજ સુધી કેટલાં સંબંધો બંધાયા, કેટલાં છૂટી ગયાં અને કેટલાં ટક્યાં છે ? કેટલાં મિત્રો તમારી લાઈફમાં આવ્યાં, કેટલાં ટક્યાં અને



સંબંધો મૃત્યુ પામનારા હોય છે, જ્યારે શરણ શાશ્વત હોય છે.

કેટલાં જતાં રહ્યાં ?

સંબંધ માત્ર એકસ્પાયરી ડેટ લઈને આવે છે.

સંબંધની જેમ શરીર પણ એકસ્પાયરી ડેટ લઈને આવે છે.

જે દિવસે તમારો જન્મ થાય એ જ દિવસે તમારા મૃત્યુની તારીખ પણ નકકી થઈ જાય.

ડેટ નકકી થઈ ગઈ છે પણ કઈ ડેટ છે એ ખબર નથી, આ શરીરને ગમે તેટલું સાચવો, ગમે તેટલું સંભાળો, ગમે તેટલી કેર કરો પણ અંતે તો એ રાખ થશે કે એને રાખી શકાશે ?

જે તમને આજે રાખવાવાળા છે એ પણ પછી તમને રાખશે નહીં.

આંખ ખુલ્લી છે ત્યાં સુધી સંબંધનું આયુષ્ય છે. આંખ મિંચાય છે ત્યાં જ સંબંધનું આયુષ્ય પૂરૂં થઈ જાય છે, જ્યારે શરણનું આયુષ્ય તો આંખ મિંચાયા પછી પણ આવતા ભવે પણ ચાલુ રહે છે.

માટે જ, મહાવીરને નિહાળતાં જ ગૌતમનું જન્મોજન્મનું કનેક્શન પાછું કનેક્ટ થઈ ગયું અને જાણે જન્મો જન્મની ઓળખાણ હોય, જન્મો જન્મથી સાથે જ હોય એવો અહેસાસ થવા લાગ્યો, કેમ ? કેમકે, શરણ શાશ્વત છે.

શરીર અને સંબંધની જેમ સ્નેહ પણ એકસપાયરી ડેટ લઈને આવે છે. તમે જેને સો ટકા લવ કરતાં હો એ પણ એકસપાયરી ડેટ લઈને જ આવે છે.



જો શરણનો ગ્લાસ હોય તો દીપક ક્યારેય બુઝાતો નથી.

## શાશ્વત કરે શાશ્વતની શોધ

શરીર, સંબંધ અને સ્નેહની જેમ તમારા વસ્ત્રો, આભૂષણો, ફર્નીચર પણ ટેમ્પરરી હોય છે અને એકસપાયરી ડેટ લઈને આવ્યા હોય છે, ગમે તેવી અદ્યતન અને ઈમ્પોર્ટેડ કાર હોય કે ગમે તેવો ભવ્ય અને આલીશાન બંગલો હોય, એ પણ એક દિવસ જીર્ણ થવાના જ છે. કેમકે બધું જ ટેમ્પરરી છે, એટલે લાઈફમાં તમે જેટલાં પણ ગોલ સેટ ક્યાાં, જેટલાં પણ લક્ષ્ય સિધ્ધ ક્યાાં એ બધાં જ ટેમ્પરરી મેળવવા માટે જ હતાં ને ?

જેની પાસે આંખ હોય એ હંમેશાં ટેમ્પરરી ભેગું કરે, જેની પાસે વિઝન હોય એ હંમેશાં પરમેનન્ટ ભેગું કરે.

તમારી પાસે જેટલું પણ છે એ બધું જ શાશ્વત છે કે અશાશ્વત ? બધું જ અશાશ્વત છે. તમારૂં નામ અને તમારા નામથી જોડાયેલું તમારૂં શરીર પણ અશાશ્વત છે.

આંખોથી જોઈને ખાવું અને આંખોથી જોઈને જીવવું તો પ્રાણીઓને પણ આવડે છે.
ગાય સામે પડેલું ઘાસ ખાય છે, તો તે આંખોથી ઘાસ જુએ છે માટે ખાય છે.
એટલે વિઝન માત્ર મનુષ્ય પાસે હોય છે.

વિઝનરી વ્યક્તિ હંમેશાં શાશ્વતનો વિચાર કરે અને શાશ્વતને પામવાનો પુરુષાર્થ કરે, કેમકે તેને ખબર હોય છે કે હું શાશ્વત છું, મારૂં શાશ્વત નથી.

ગૌતમને સમજાય ગયું કે, મારા 500 શિષ્યો સાથેનું મારૂં કનેક્શન આ ભવનું જ છે



જેની પાસે આંખ હોય એ હંમેશાં ટેમ્પરરી ભેગું કરે, જેની પાસે વિઝન હોય એ હંમેશાં પરમેનન્ટ ભેગું કરે.

પણ મહાવીર સાથેનું કનેક્શન ભવોભવનું છે.

શરણનો સંબંધ હોય છે ઋણાનુબંધ સાથે. જેમની સાથે ઋણાનુબંધનો સંબંધ હોય ત્યાં જ વ્યક્તિ શરણ ભાવનો સ્વીકાર કરે છે, ત્યાં જ વ્યક્તિ કનેક્ટ થાય છે અને ત્યાં જ વ્યક્તિ સમર્પિત થાય છે.

## *શરણનો સ્વીકાર શા માટે?*

એક હોય છે મેડીકલ સ્ટોર અને એક હોય છે સ્પેશિયલ ડૉકટર !

મેડીકલ સ્ટોરમાં બધી જ જાતની દવાઓ મળતી હોય અને મેડીકલ સ્ટોરમાં જે ભાઈ બેસતાં હોય એને થોડું ઘણું નોલેજ હોય કે ક્યા દર્દમાં કઈ દવા ચાલે.

તમને પણ થોડું માથું દુખતું હોય કે જરાક પેટમાં દુખતું હોય, ત્યારે તમે સીધા ડૉકટર પાસે જાવ કે મેડીકલ સ્ટોરમાંથી પેરાસીટામોલ કે બ્રુફેન જેવી જનરલ દવા લઈને ચલાવો ? પણ જો એ જ માથાનો દુખાવો આઠ દિવસ થવા છતાં ન મટે તો તમે ક્યાં જાવ ? સીધા ડૉકટર પાસે !

મેડીકલ સ્ટોર અને ડૉકટરમાં ફરક શું હોય ?

મેડીકલ સ્ટોરમાંથી તમને સામાન્ય રોગ માટેની સામાન્ય દવા અને મલ્ટી વિટામીન્સ જેવી ટેબલેટસ્ મળે... જ્યારે ડૉકટર માત્ર મેડીસીન ન આપે એ રોગના મૂળ સુધી જાય, આખી હીસ્ટ્રી જાણે, બધી જાતના ટેસ્ટ કરાવે, રીપોર્ટ



શરણનો સંબંધ હોય છે ઋણાનુબંધ સાથે.

ચેક કરે અને પછી એ પ્રકારની મેડીસીન પ્રીસ્ક્રાઈબ્ડ કરે.

ગૌતમને પણ ખબર હતી, ગુસ્સો ન કરાય, ગુસ્સો ખરાબ છે, અવગુણ છે, ઈર્ષ્યા ન કરાય, કોઈને હર્ટ ન કરાય, આવું કરવાથી આવા પરિણામ આવે, છતાં પણ તે મહાવીરનું શરણ સ્વીકારે છે. શા માટે ?

મેડીકલ સ્ટોરમાં તો બધી જ દવા મળે છે છતાં ડૉક્ટર પાસે શા માટે જવાનું ?

સામાન્ય દર્દમાં સામાન્ય મેડીસીન ચાલે પણ સ્પેશિયલ દર્દ માટે સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર જ જોઈએ.

ધર્મ ક્ષેત્રમાંથી પ્રવચન સાંભળવાથી સામાન્ય ઉપદેશ મળે પણ આત્મરોગ માટે, ભવરોગ દૂર કરવા માટે તો સ્પેશિયલ સદ્‌ગુરુ જ જોઈએ, જે તમારા એક એક અવગુણને જુએ અને જાણે અને એને કાઢવાના ઉપાયો બતાવે, જે તમારૂં બાહ્ય નિરીક્ષણ કરીને જ કહી દે અંદરમાં શું શું પડેલું છે. જ્યાં બીજાને સામાન્ય માથાનો દુખાવો લાગતો હોય, ત્યાં સ્પેશિયલ ડૉક્ટર કહી દે કે અંદરમાં બ્રેઈન ટયુમર છે અને એમ.આર. આઈ. કરાવવું પડશે.

ગૌતમ મહાવીર પાસે ગયા, મહાવીર સુપર સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર... એમણે તરત જ જાણી લીધું કે ગૌતમમાં ક્યાં ક્યાં કેટલો અહમ્ પડેલો છે, કોના કોના પ્રત્યે એટેચમેન્ટ છે, ક્યાં ક્યાં ઈગો છે અને કેટલી જેલસી છે. મહાવીરે એક જ ક્ષણમાં ગૌતમના આત્મરોગનું નિદાન કરી લીધું અને એને દૂર કરવાના ઉપાય પણ



આત્મરોગ માટે, ભવરોગ દૂર કરવા માટે તો સ્પેશિયલ સદ્‌ગુરુ જ જોઈએ.

આપી દીધાં. દરેક પ્રોબ્લેમ્સના જુદા જુદા સોલ્યુશન્સ્ આપી દીધાં.

સંત હંમેશાં મલ્ટી વિટામીન્સ આપે જ્યારે ગુરુ હંમેશાં રોગને અનુરૂપ મેડીસીન આપે.

કહેવાય તો બંને દવા જ પણ બંનેમાં બહુ મોટો ફરક હોય.

સામાન્ય વ્યક્તિ ન પારખી શકે એવા રોગને જે પારખે તેને ગુરુ કહેવાય.

ઘણા કહેતાં હોય છે કે, હમણાં હમણાં મારા મિસ્ટરનો નેચર બદલાય ગયો છે, સ્વભાવ એકદમ ચીડચીડીયો થઈ ગયો છે. વ્યક્તિને માત્ર સામેનું દેખાય છે, જ્યારે ગુરુને આગળ અને પાછળનું દેખાય છે.

ગુરુ જાણતા હોય છે કે એનો સ્વભાવ નથી બદલાયો પણ બિઝનેસના ટેન્શનની અસર છે.

શરણ શા માટે ?

તમારા ભૂતકાળને જોઈને તમારા ભવિષ્યને સુધારવાની પ્રેરણા માટે શરણ આવશ્યક છે.

જે તમારી પાસ્ટ લાઈફને નિહાળી, તમારા ફયુચરનું પ્લાનીંગ કરી આપે એ શરણભાવ કહેવાય છે.

ગુસ્સો ન કરાય, રાગ દ્વેષ ન કરાય, ઈર્ષ્યા ન કરાય, એ બધું જાણી, સમજી



સંત હંમેશાં મલ્ટી વિટામીન્સ આપે જ્યારે ગુરુ હંમેશાં રોગને અનુરૂપ મેડીસીન આપે.

લઈએ, બુકમાંથી વાંચી લઈએ પછી શરણનો સ્વીકાર શા માટે ? ગુરુની જરૂર શા માટે ? ઈન્દ્રભૂતિ ગૌતમને શરણભાવમાં આવવાની જરૂર શા માટે પડી ?

દીવો પ્રજવલ્લિત કરતાં બધાંને આવડે, દીવો પ્રગટાવતાં બધાંને આવડે પણ દીવો બુઝાય ન જાય એની કેર કરતાં કોઈકને જ આવડે.

જ્યારે શરણ હોય છે, ત્યારે કનેક્શન હોય છે, જ્યારે કનેક્શન હોય છે, ત્યારે પ્રોટેક્શન હોય છે.

ગૌતમ મહાવીરના શરણમાં આવે છે એટલે એ મહાવીર સાથે કનેક્શનમાં આવી જાય છે. પછી ગૌતમના મન ઉપર, વિચારો ઉપર, ભાવો ઉપર મહાવીરનો કંટ્રોલ આવી જાય છે.

જ્યારે શિષ્યના મન અને વિચારો પર ગુરુનો કંટ્રોલ આવી જાય છે ત્યારે શિષ્ય એ કાંઈ કરવું પડતું નથી ઓટોમેટિક બધું થવા લાગે છે.

જે કનેક્શનમાં આવે છે, તે ઓટોમેટિક પ્રોટેક્શનમાં આવી જાય છે, પછી પ્રજવલ્લિત થયેલો દીપક સંસારના મોટા-મોટા વાવાઝોડાથી પણ બુઝાતો નથી. શરણ જરૂરી છે પ્રોટેક્શન માટે !

## *કાંઈ સારૂં ન હોય, કાંઈ ખરાબ ન હોય*

આ જગતમાં કોઈ પણ વસ્તુ સારી નથી હોતી કે ખરાબ નથી હોતી, તમે તેનો



જ્યારે શરણ હોય છે, ત્યારે કનેક્શન હોય છે, અને પ્રોટેક્શન હોય છે.

ઉપયોગ કેવો કરો છો તેના ઉપરથી નકકી થાય છે કે શું સારૂં છે અને શું ખરાબ છે.

જેમકે, શરીર સંસારનું કારણ પણ બની શકે અને મોક્ષનું કારણ પણ બની શકે. શરીર દ્વારા વ્યક્તિ ભોગ તરફ પણ જઈ શકે અને યોગ તરફ પણ જઈ શકે.

જે આંખો રાગનું કારણ બને છે, એ જ આંખોથી જો પરમાત્માના દર્શન થાય તો વૈરાગ્યનું કારણ બની જાય.

જે અનેકાંતવાદી હોય છે તે દરેક વસ્તુનું અલગ પ્રકારે મૂલ્યાંકન કરે છે.

આમ પણ હોય શકે અને આમ પણ હોય શકે, આ છે અનેકાંતવાદીનું સૂત્ર અને જે જડવાદી હોય છે તે એક જ વાતને પકડી રાખે છે, જેને આધાર આપતી આ એક સરસ વાર્તા છે.

એક શેઠ હોય છે. એ હંમેશાં કહેતાં એક પણ નોકર સારા હોતા નથી, એક પણ કાયમ ટક્તાં નથી, એમાં એક નવો નોકર આવ્યો જે શેઠને ગમી ગયો.

શેઠે પૂછયું, શું કામ કરીશ ?

નોકરે કહ્યું, તમે જે કહેશો તે બધાં જ કામ કરીશ.

શેઠે પૂછયું, શું પગાર લઈશ ?

નોકરે કહ્યું, તમે જે આપશો તે લઈશ.

શેઠ ખુશ થઈ ગયાં અને એને નોકરીએ રાખી લીધો. શેઠ એને કામ કહેવા લાગ્યાં,



શરીર સંસારનું કારણ પણ બની શકે અને મોક્ષનું કારણ પણ બની શકે.

આમ કર... આમ કરજે. નોકરે કહ્યું, એમ નહીં, શેઠ ! તમે એક કામ કરો. એક ડાયરી લ્યો અને એ ડાયરીમાં તમારે જેટલાં કામ હોય તે બધાં જ લખી ધ્યો.

શેઠે ડાયરીમાં એક પછી એક કામ લખવાના શરૂ કરી દીધાં, સવારે ઊઠું ત્યારે ચા બનાવવી, નહાવા માટે ગરમ પાણી રાખવું, ઓફિસની બેગ તૈયાર કરવી, સાંજે આવું ત્યારે નાસ્તો રેડી રાખવો, બહારગામ જવાનું હોય ત્યારે બેગ તૈયાર કરવી, મહેમાન આવે ત્યારે કેવી રીતે ધ્યાન રાખવું... વગેરે વગેરે... લાંબુ લીસ્ટ તૈયાર કરીને આપી દીધું.

નોકર પણ નિયમિત બધાં કામ કરવા લાગ્યો. શેઠને નોકર ખૂબ જ સારો લાગ્યો.

એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. નોકરને સવારથી જણાવી દીધું. સાંજે નોકર બેગ સાથે રેડી હતો, ડાયરીમાં લખ્યું હતું શેઠ આગળ ચાલે અને નોકરે બેગ લઈને પાછળ ચાલવાનું. શેઠના કપાળ પર પરસેવો જુએ એટલે તરત જ ઠંડો નેપકીન આપવાનો, બધું બરાબર ચાલતું હતું.

ત્યાં એક જગ્યાએ બસ અટકી ગઈ. ડ્રાઈવરે કહ્યું, બસ આગળ જઈ શકશે નહીં. નદીમાં પાણી ભરાણા છે. શેઠ નીચે ઉતરી ગયાં. નોકર પણ પાછળ પાછળ ઉતરી ગયો. બીજા લોકો પણ ઉતરી ગયાં. એમાં જે બે-ચાર હિંમતવાળા હતાં તેઓ સાહસ કરી નદી પાર કરવા લાગ્યાં. શેઠમાં પણ હિંમત આવી ગઈ. શેઠ ચાલવા લાગ્યા અને નોકરને કહ્યું, તું પણ પાછળ પાછળ આવજે.



જેમની પ્રજ્ઞા પ્રગટ થઈ હોય એવી સત્ વ્યક્તિને અનુસરવું જોઈએ.

નોકરે કહ્યું, હા શેઠ મને ખબર છે, ડાયરીમાં લખ્યું છે તમારી પાછળ પાછળ મારે બેગ લઈને ચાલવાનું છે.

શેઠે પાણીમાં થોડુંક ચાલ્યાં ત્યાં અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો, શેઠ એમનું બેલેન્સ ગુમાવી દીધું, પગ લપસ્યો અને પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યાં.

શેઠે બૂમ મારી... બચાવો... બચાવો ! નોકર મજબૂત હતો. શેઠે નોકરને કહ્યું, જલ્દી મને તારો હાથ આપ... મને બચાવ !

નોકરે ડાયરી ખોલી. શેઠ ! આમાં ક્યાંય હાથ આપવાનું નથી લખ્યું. હું તમને હાથ નહીં આપું.

શેઠ કહે છે, અરે ! ભાઈ, અત્યારે ડાયરી ન જોવાની હોય, અત્યારે પહેલાં મને બચાવ.

નોકરે કહ્યું મેં તમને પહેલે જ દિવસે કહ્યું હતું, ડાયરીમાં જેટલું લખ્યું હશે એટલું જ કરીશ. શેઠ વિનંતી કરે છે, બધું ડાયરીમાં ન લખ્યું હોય, ક્યારે, ક્યાં, કેવા સંજોગોમાં શું યોગ્ય છે એ તારે કરવાનું હોય ! ચાલ, પહેલાં જલ્દીથી તારો હાથ દે ! મને બચાવ.

નોકર શું કરશે ? હાથ આપશે કે નહીં આપે ?

નોકર કેવો કહેવાય ? સારો કહેવાય કે ખરાબ ?

અત્યાર સુધી નોકરે જેટલાં પણ કામ કર્યાં, નિયમિત રૂપે કર્યાં તો તે નોકર સારો



જ્યારે પરિસ્થિતિ નોર્મલ હોય ત્યારે ઉપરવાળા મહાવીરનું માનવું.

કહેવાય ? આજ્ઞાકિંત કહેવાય ? કેવો કહેવાય ?

આજ એ જ નોકર શેઠને કેવો લાગે છે ?

સમજવાનું એ છે કે, આપણે પરમાત્માના ઉપાસકો છીએ અને પરમાત્માએ શાસ્ત્રોમાં બતાવ્યું છે કે જિન શાસનમાં શું કરવું જોઈએ, આપણે બધાં એ પ્રમાણે ચાલી પણ રહ્યાં છીએ.

એટલે શેઠની ડાયરી જેવાં છે આપણા આગમ !

જ્યારે પરિસ્થિતિ નોર્મલ હોય ત્યારે ઉપરવાળા મહાવીરનું માનવું જોઈએ અને જ્યારે પરિસ્થિતિ નોર્મલથી કંઈક અલગ હોય ત્યારે અંદરવાળા મહાવીરની વાત માનવી જોઈએ એટલે કે દિલની વાત માનવી જોઈએ.

પણ આપણી ખોટ એ છે કે આપણે ઉપરવાળા મહાવીરને એટલાં માનીએ છીએ કે અંદર રહેલાં મહાવીરને ભૂલી જઈએ છીએ. ક્યાં અને કઈ પરિસ્થિતિમાં, ક્યાં સંજોગોમાં શું યોગ્ય છે અને શું અયોગ્ય છે એનો વિવેક કરતાં આવડવો જોઈએ.

જેમની પ્રજ્ઞા પ્રગટ થઈ હોય એવી સત્ વ્યક્તિને અનુસરવું જોઈએ, માત્ર લકીરના ફકીર ન બની રહેતાં પોતાનો ઈનર વોઈસ સાંભળવો જોઈએ અને સમયે સમયે પોતાની સેલ્ફને ચેક કરતાં રહેવું જોઈએ.

જડ જેવા ન બનતાં ચૈતન્ય બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. ચૈતન્યની વ્યાખ્યા જ એ છે કે ચૈતન્ય પાણી જેવું હોવું જોઈએ. જેમ પાણી જે પાત્રમાં હોય તે પ્રમાણે સમાય



જ્યારે પરિસ્થિતિ અલગ હોય ત્યારે અંદરના મહાવીર એટલે કે દિલની વાત માનવી જોઈએ.

જાય. ગ્લાસમાં નાંખો તો ગ્લાસના આકારમાં આવી જાય અને થાળીમાં નાંખો તો થાળીના આકારમાં આવી જાય. જ્યારે જડ જેવા જે હોય તે બરફ જેવા હોય. એને પોતાના જેવો આકાર અને પોતાના જેવું પાત્ર મળે તો જ એમાં સમાય. મને જેમ અને જેવું જોઈએ છે તેમ અને તેવું જોઈએ જ છે. આ છે જડની માન્યતા !

બની શકે છે તે સમયે સંજોગો અને પરિસ્થિતિ કંઈક અલગ હોય, વાતાવરણ અલગ હોય, બની શકે છે તે સ્થિતિમાં ફેરફાર થયો હોય.

ચેક કરો, તમે પાણી જેવા છો કે બરફ જેવા ?

જો તમે પાણી જેવા હશો તો તમે બધે સમાય શકશો અને જો તમે બરફ જેવા હશો તો બહાર જ રહી જશો.

બરફને ગ્લાસ ઉપર મૂકો તો જેમ જેમ એનું પાણી થતું જાય તેમ તેમ થોડું ગ્લાસમાં જાય અને થોડું બહાર ઢોળાય જાય. વિચાર કરો, બરફ જેવા બની ઢોળાય જવું છે કે પાણી જેવા બની ઢળી જવું છે ?

ઢોળાય જવું એટલે પોતાના અમૂલ્ય સમય અને અમૂલ્ય માનવભવને વેસ્ટ જવા દેવો અને ઢળી જવું એટલે એક એક ક્ષણનો સદુપયોગ કરવો.



જે પાણી જેવા હોય તે બધે સમાય શકે.


જ્યારે શરણ હોય છે,
ત્યારે કનેક્શન હોય છે.
જ્યારે કનેક્શન હોય છે,
ત્યારે પ્રોટેક્શન હોય છે.

# સંવત્સરી

## શુધ્ધિની આરાધના



# 8

# સંવત્સરી શુદ્ધિની સાધના

સંવત્સરીનો દિવસ યાદ કરો, ગઈ સંવત્સરીથી આ સંવત્સરી સુધીમાં તમને ક્યાં ક્યાં, કોની કોની સાથે, ક્યારે ક્યારે કેટલાં પ્રોબ્લેમ્સ્ થયાં છે ? કોના ઉપર ક્રોધ આવ્યો છે, કોની પ્રત્યે દ્વેષભાવ થયો છે, કોના માટે નેગેટીવ ભાવ આવ્યાં છે અને પછી ચેક કરો આ સાત દિવસના પર્યુષણ પ્રવચન બાદ તમારો આત્મા કેટલો પલળ્યો છે ? આત્મ વસ્ત્ર કેટલું ભીનું થયું છે અને આત્મ મેલ કેટલો ઓછો થયો છે ? ચેક કરો ક્યાં ક્યાં કોના માટે હજુ પણ અશાંતિ છે ? અણગમો છે ? ચેક કરો, તમારી અંદરની એક એક વૃતિને અને એક એક પ્રવૃતિને ! જેમ ઘણાને ધૂળની એલર્જી હોય, ઘણાને કોઈ પદાર્થની એલર્જી હોય, ઘણાને યથા પ્રકારના વાતાવરણની એલર્જી હોય, એમ ઘણાને વ્યક્તિની પણ એલર્જી હોય, ચેક કરો તમને કઈ વ્યક્તિની એલર્જી છે ? તમને જે વ્યક્તિની એલર્જી છે, જેના પ્રત્યે

ભારોભાર અણગમો છે, જેને જોઈને તમારો ચહેરો બદલાય જાય છે, જેને જોઈને તમારો ઈંગો હર્ટ થાય છે, યાદ કરો એ વ્યક્તિને ! લઈ આવો એને આંખની પાંપણ પર ! વિચાર કરો એલર્જી શા માટે છે ? એલર્જીનું કારણ છે, આપણે 'સોરી' નો શૉ ખૂબ કર્યો છે, પણ ખરેખર ભાવથી ખમાવ્યા નથી. સોરીનું પ્રદર્શન કર્યું છે પણ અંતરથી ખમાવ્યું નથી.

એ વ્યક્તિને જોતાં જ તમારા મનમાં આવી જાય છે કે એણે મારી સાથે કપટ કર્યું છે, એણે મારા હક્કનું આપ્યું નથી. એણે મારી સાથે ચીટીંગ કરી છે.

પણ યાદ રાખવું,

મને જ્યારે, જ્યાં, જે મળે છે તે મારા કર્મો પ્રમાણે જ મળે છે. મારા ભૂતકાળની એકશન્સનું જ આ રીએક્શન આવે છે, મેં કોઈને ચીટ કર્યાં હશે એટલે આજે કોઈ મારી સાથે ચીટીંગ કરે છે. મેં કોઈની સાથે ખોટું કર્યું હશે એટલે આજે મારી સાથે ખોટું થાય છે. જે આપ્યું હતું તે આપી રહ્યાં છે. તો પછી મારે શા માટે અશાંત થવું જોઈએ ? શા માટે અણગમો કરવો જોઈએ ? શા માટે દ્વેષ કરવો જોઈએ ?

આજ સંવત્સરીની સવાર છે, તારા આત્માને શુધ્ધ કરી લે, આજે આત્માને શુધ્ધ કરવાનો અવસર છે, આત્માને વિશુધ્ધ કરવાનો અવસર છે.

બની શકે છે, આવતી સંવત્સરી તારી પાસે ન પણ હોય ! ખમાવ્યા વિના જે આવતા ભવમાં જાય છે તે બધું રીપીટ કરે છે. આ ભવના આટલાં વર્ષો તો વીતી



મને જ્યારે, જ્યાં, જે મળે છે તે મારા કર્મો પ્રમાણે જ મળે છે.

તેજોલેશ્યાં ફેંકી હતી તેને પણ ક્ષમા આપી હતી.

મારે પણ મારા ભગવાનના પગલે પા-પા પગલી કરવી છે, મારે દરેકને ક્ષમા આપવી છે અને દરેકની ક્ષમા માંગવી છે.

આ વર્ષે સંવત્સરી કેમ મનાવવાની ? આ વર્ષે પણ ક્ષમાપના કરવા કેમ જવાનું ?

કેમકે આજ સુધીની ક્ષમાપના બાહ્ય હતી, આંતરિક ન હતી.

ક્ષમાપના એક રોલ હતી, એમાં રીયાલીટી ન હતી અને એટલે જ ક્ષમાપના પછી પણ સુધારો થયો ન હતો.

## *એલર્જી અણગમાની...*

ક્ષમાપના કોની કરવાની ? ગમતાંની કે અણગમતાની ? ગમતા એ જ હોય, જેની સાથે કોઈ પ્રોબ્લેમ ન હોય અને જેની સાથે કોઈ પ્રોબ્લેમ ન હોય એમને ક્ષમાપના કરવાની જરૂર પણ શું હોય ?

જેની સાથે પ્રોબ્લેમ જ ન હોય તેની સમક્ષ સોરીનો શૉ શા માટે કરવાનો ?

ક્ષમાપના એની સાથે કરવાની હોય, જેના પ્રત્યે અણગમો હોય અને એ અણગમો એલર્જી બની ગયો હોય, મનમાં એક ગાંઠ બની ગઈહોય, વેરની ગાંઠ બની ગઈ હોય. પર્યુષણ એ વેરની ગાંઠને ખોલવા માટે હોય છે.

ગાંઠ અને ગુસ્સો, એ બંનેમાં ફરક હોય છે.



જેની સાથે પ્રોબ્લેમ જ ન હોય તેની સમક્ષ સોરીનો શૉ શા માટે કરવાનો ?

ગયાં, બગડી ગયાં, જો આ સંવતસરી નહીં સુધરે તો આવતા ભવો પણ બગડી જશે. એકવાર મનથી એની પાસે પહોંચી જાવ, ભાવથી પહોંચી જાવ અને દિલથી કહી ધ્યો ભૂલ તારી નહીં, ભૂલ મારી હતી. એકવાર કહી ધ્યો, ચાલ હવે ભૂલી જઈએ ભૂલ કોની હતી ? ભૂલ કોણે કરી હતી ? ભૂલ શા માટે થઈ હતી ? છોડી દઈએ ભૂલનું પોસ્ટમોર્ટમ કરવાનું અને વિસારી દઈએ એ વિતેલી પળોને ! કરી લઈએ એકબીજાને માફ અને અનુભવીએ અંતરની ક્ષમાપનાને. ! બધો ભાર ઉતરી જશે અને હૃદય હળવું બની જશે, તન અને મન પ્રસન્નતા અનુભવશે. એક અનેરી શાંતિ અનુભવાશે.

આજે સંવત્સરીના શ્રેષ્ઠ દિવસે ક્ષમાપના નહીં કરો તો ક્યારે કરશો ? સંવત્સરી હોય છે જ સંબંધોને સુધારવા માટે ! આજે સંબંધોને સુધારી લ્યો. ગમે તેવો વૈરી હોય કે ગમે તેવો વિરોધી હોય, એક વાર ભાવથી ક્ષમાપના કરી લ્યો. બધું જ ભૂલીને એને માફ કરી દયો, એને કારણે થયેલાં ક્રોધ અને નુકશાનને ભૂલી જાઓ.

યાદ રાખો,

ભલે હાથમાંથી કોઈ લઈ જાય, પણ હાથની રેખામાંથી કોઈ લઈ જઈ શક્તું જ નથી ! પરમાત્માના ભાવોને સમજીને, આ સંવત્સરીને સુધારી લ્યો. ભગવાનના પગલે પા-પા પગલી શરૂ કરવી એ જ સાર્થક્તા છે. મારા ભગવાને જેણે કાનમાં ખીલ્લાં માર્યાં હતાં એને પણ ક્ષમા આપી હતી, જેણે ઉપસર્ગો આપ્યાં હતાં, એને પણ ક્ષમા આપી હતી, જેણે ડંખ માર્યો હતો એને પણ ક્ષમા આપી હતી અને જેણે



સંવત્સરી હોય છે જ સંબંધોને સુધારવા માટે !

ગુસ્સો ઓન ધ સ્પોટ આવે અને થોડીવારમાં ચાલ્યો જાય. પછી મનમાં કાંઈ ન હોય. એટલે ગુસ્સો ક્ષણિક હોય અને આ ભવ પૂરતો જ હોય.

ગાંઠ કેવી રીતે બંધાય ?

પહેલાં અણગમો થાય, પછી નેગેટીવ ભાવ આવે, નેગેટીવ ભાવ વધતાં વધતાં આવેગ અને આક્રોશનું રૂપ ધારણ કરે અને એ આક્રોશ અંતે દ્વેષમાં કનવર્ટ થઈ જાય. અણગમાની સાથે ભળેલા આક્રોશને ગાંઠ કહેવાય, વેર-ઝેરની ગાંઠ કહેવાય.

ભગવાન કહે છે,

364 દિવસ ક્રોધ કરનારી વ્યક્તિ પણ 365 માં દિવસે પ્રાયશ્ચિત કરીને મોક્ષમાં જઈ શકે છે. જ્યારે ગાંઠવાળી વ્યક્તિ 365 દિવસ સંયમ જીવનનું પાલન કરે તો પણ મોક્ષ તો શું, દેવલોકમાં પણ જવાની શક્યતા હોતી નથી. અર્થાત્ જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે મનમાં જરા પણ અણગમો છે, ગાંઠ પડેલી છે ત્યાં સુધી મોક્ષની શક્યતા નથી.  વેરની ગાંઠ જો સાથે આવી ગઈ તો આ ભવ તો બગડે અને ભવોભવ પણ બગાડે.

શરદી બે પ્રકારે થાય.  એક હોય નિમિત્ત આધારિત... એટલે કે ઠંડુ ખાવાથી કે પાણીમાં પલળવાથી થઈ જાય. એને કહેવાય સામાન્ય શરદી અને એ સામાન્ય દવા લેવાથી બે-ચાર કે વધુમાં વધુ સાત દિવસમાં તો મટી પણ જાય.



પર્યુષણ એ વેરની ગાંઠને ખોલવા માટે હોય છે.

બીજી હોય એલર્જીક શરદી... એ તો ભવોભવથી સાથે આવેલી હોય. ભૂતકાળમાં કોઈ પદાર્થ પ્રત્યે અણગમો હોય, એ પદાર્થ જેવો સામે આવે એટલે તમારૂં બોડી તરત જ એનું રીએકશન આપે. આ છે બાહ્ય એલર્જી... શરીર એલર્જી. !

એમ પરમાત્મા કહે છે,

જેની સાથેના ગયા ભવના વેર-ઝેર અને અણગમો લઈને આવ્યા હો, એ વ્યક્તિ આ ભવમાં આંખ સામે આવે અને તરત જ અંદરમાંથી કંઈક ને કંઈક થવા લાગે. સંવત્સરી અને પર્યુષણ એ અંદરની એલર્જીને બહાર કાઢવાના દિવસો છે.

એલર્જીની દવા ડૉકટર બે પ્રકારે કરે.

એક વ્યક્તિને એ પદાર્થથી એકદમ દૂર કરી દે અને એક એ વ્યક્તિને પદાર્થથી એકદમ નજીક કરી દે, એટલાં કોન્ટેકટમાં રાખે કે બોડી ઓટોમેટિક એનો સ્વીકાર કરવા લાગે. એટલે અણગમો ગમો બની જાય.

કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની અંદરમા રહેલી એલર્જીને આત્મામાંથી બહાર કાઢવાની પ્રોસેસ એ છે સંવત્સરીનું પ્રતિક્રમણ અને સંવત્સરીની આલોચના !

એલર્જી મેમરીઝના સૌથી ઉપરના લેયર પર હોય છે એટલે એક નાનકડું નિમિત્ત મળતાં જ એનું રીએકશન આવવા લાગે છે.

વસ્તુ કે પદાર્થની એલર્જી વધારે નુકશાન નથી કરતી પણ વ્યક્તિ પ્રત્યેની એલર્જી અનંત અહિતકારી હોય છે.



વેરની ગાંઠ ભવ જ નહીં, ભવોભવ બગાડે

સર્વજ્ઞ ભગવાન મહાવીરે જૈનધર્મમાં પર્યુષણ અને એમાં પણ સંવત્સરીનું સૌથી વિશેષ મહત્ત્વ બતાવ્યું છે. કેમકે, ભગવાનને ખબર હતી જગત આખું દુ:ખી થાય છે એક માત્ર વેરના કારણે ! વેર એટલે અંદરમાં પડેલો એ અણગમો જે એલર્જી બની ગયો છે.

જેમ બહારની એલર્જીને કાઢવા માટે ડૉક્ટર પાસે જાવ અને ડૉ. જે પ્રમાણે પ્રીસ્ક્રાઈબ કરે અને જે પ્રમાણે પરેજી પાળવાનું કહે તે પ્રમાણે તમે કરો છો. તેમ અંદરની એલર્જી કાઢવા માટે સદ્‌ગુરુ રૂપી ડૉક્ટર જે નિર્દેશ આપે તે પ્રમાણે વ્યક્તિ આચરે તો તેની એલર્જી અવશ્ય દૂર થઈ જાય અને અનેરી પ્રસન્નતા અનુભવે. એલર્જી હંમેશાંને માટે અજ્ઞાનીને જ હોય, જ્ઞાનીને ક્યારેય એલર્જી ન હોય.

### *એલર્જીનું કારણ અજ્ઞાન...*

માનો કે, તમારે ઘાટકોપરથી કાંદિવલી જવું છે અને તે માટે તમે બસમાં બેઠાં. તમને સીટ મળી ગઈ અને તમે બેસી ગયા. તમે જે સીટ ઉપર બેઠાં છો, એ સીટ માટે માલીકીભાવ આવે કે ન આવે ?

અને માનો કે બે ત્રણ લાઈન છોડીને તમારા મિત્ર બેઠાં છે અને તમે એને મોબાઈલ આપવા તમારી સીટ પરથી ઊભા થઈ ને તેની પાસે જાવ છો. એ જ ક્ષણમાં તમારી ખાલી થયેલી સીટ ઉપર બીજા બેસી જાય છે.

હવે તમે શું કરશો ? એ સીટ માટેનો તમારો અધિકાર બતાવશો ? મારી સીટ છે



સંવત્સરી અને પર્યુષણ એ અંદરની એલર્જીને બહાર કાઢવાના દિવસો છે.

એમ કહીને ઝગડો કરશો ? એ ભાઈને બેસવા દેશો કે જબરદસ્તી ઉઠાડશો ?

અધિકાર આવે એટલે રાગ-દ્વેષ શરૂ થઈ જાય.

તમે અધિકાર બતાવ્યો, ઝગડો કર્યો અને કદાચ તમારી સીટ પાછી પણ મેળવી લીધી અને એના પર બેસી ગયાં. ત્યાં જ નેકસ્ટ સ્ટોપ કાંદિવલી આવતા તમે ઉતરી ગયાં. હવે તમે એ સીટ પ્રત્યે નજર પણ કરી ? પાછું વળીને પણ જોયું ? જે સીટ માટે અધિકાર બતાવતાં હતાં એ સીટને તમે તમારી સાથે લઈ જઈ શક્યાં ? ના !

જ્યાં સુધી તમારૂં સ્ટોપ આવ્યું ન હતું, ત્યાં સુધી સીટ તમને તમારી લાગતી હતી.

જેવું તમારૂં સ્ટેશન આવ્યું, તમારી લાગતી સીટ ક્ષણમાં છૂટી ગઈ.

એમ તમે અત્યારે સંસાર રૂપી બસની મોહરૂપી સીટમાં બેઠાં છો, જ્યાં સુધી મોતનું સ્ટેશન આવ્યું નથી, ત્યાં સુધી મોહની સીટ ઉપર બેઠાં છો. અને એ સીટને ઝગડાનું, મમત્વનું અને અધિકારનું કારણ બનાવો છો. એ સીટ મારી છે અને એના ઉપર હું બેસું અથવા મારા જ કોઈ બેસે એવી પઝેઝીવનેસ આવી ગઈ છે.

મોતનું સ્ટેશન નથી આવ્યું ત્યાં સુધી સીટ તારી છે. તારી છે એ તારો ભ્રમ છે. મોતનું સ્ટેશન આવશે ત્યારે સીટ છોડવાની જ છે !

જે છોડીને જવાનું છે એના માટે આટલાં બધાં છંછેડાયેલા શા માટે રહેવાનું ?

જે છોડીને જવાનું છે એને પકડીને શા માટે બીજા સાથે અક્કડ બનીને રહેવાનું ?

સંવત્સરીના આજના શુભ દિવસે અનિત્ય ભાવનાનો ભાવ કરો.

સીટ મારી નથી અને હું સીટનો કાયમ નથી.

ન વસ્તુ મારી છે, ન હું વસ્તુનો કાયમ છું.

ન વ્યક્તિ મારી છે, ન હું વ્યક્તિનો કાયમ છું.

ન વાતાવરણ મારૂં છે, ન હું વાતાવરણનો કાયમ છું.

જે મારૂં કાયમ નથી, એના માટે હું કાયમનો દ્વેષ લઈને શા માટે જાઉં ?

પરમાત્મા કહે છે,

સંસારની બસમાં તું તારા જન્મના સ્ટેશનથી બેઠો છે અને તારા મૃત્યુના સ્ટેશને તારે ઉતરી જવાનું છે.

પણ આપણી ખોટ એ છે કે,

આપણે ભૂલી જઈએ છીએ કે આપણે બસમાં બેઠાં છીએ અને હમણાં આપણુ સ્ટોપ આવશે એટલે આપણે ઉતરી જ જવાનું છે.

નથી બસ કાયમ આપણી કે નથી આપણે કાયમ બસના !

જ્યાં સુધી અજ્ઞાન ન ટળે ત્યાં સુધી એલર્જી ટળતી નથી અને અજ્ઞાન એક જ છે બસની સીટને પોતાની માનવાનું !



જે છોડીને જવાનું છે એને પકડીને શા માટે બીજા સાથે અક્કડ બનીને રહેવાનું ?

## સદ્ભાગીના લલાટે સંવત્સરીનું તિલક

દુનિયામાં અબજો લોકો હોય છે, એમાં સંવત્સરી મનાવવાના ભાવ કેટલાંને થાય ? કેટલાં મનાવી શકે ?

જૈન હોવા છતાં, જૈન કૂળમાં જન્મ મળ્યો હોવા છતાં પણ ઘણાને પર્યુષણ ઉજવવાનો ભાવ નથી થતાં તો ઘણાને અનુકૂળતા નથી મળતી.

માટે જ, પરમાત્મા કહે છે.

સદ્ભાગી હોય એ, જેના લલાટે સંવત્સરીનું તિલક હોય !

સંવત્સરી સમજને વધારવા માટે હોય છે અને સંવત્સરી સંબંધોને સુધારવા માટે હોય છે. સંવત્સરી સમસ્યાના સોલ્યુશન માટે હોય છે.

સમસ્યા ક્યાં હોય છે ? પ્રોબ્લેમ્સ્ ક્યારે શરૂ થાય છે ? જ્યારે વ્યક્તિ પોતાની જવાબદારી, પોતાની ફરજ નથી નિભાવતા ત્યારે !

એ તો આખો દિવસ બહાર જ હોય છે, એને મારી કાંઈ પડી નથી, બધાં પોતાનામાં મસ્ત છે, કોઈ મારૂં ધ્યાન રાખતું નથી. આવા બધાં વિચારો આવે ત્યારે યાદ રાખવું. તમારા લકથી વધારે તમને કાંઈ મળતું નથી અને વધારે મેળવવાનો પ્રયત્ન કરો તો દુઃખી થયા વિના રહેવાતું નથી. તમારા લકથી વધારે તમને વસ્તુ તો શું પ્રેમ પણ મળતો નથી, લાગણી પણ મળતી નથી, સ્નેહ પણ મળતો નથી, સંભાળ



જ્યાં સુધી અજ્ઞાન ન ટળે ત્યાં સુધી એલર્જી ટળતી નથી

પણ મળતી નથી. કાંઈ જ મળતું નથી. જો આ વાતને સ્વીકારી લ્યો તો ક્યારેય ન પ્રોબ્લેમ થાય, ન દુ:ખી થવાય !

થોડું આપીને વધારે ન મંગાય.

બાવળ વાવીને આંબાની આશા ન રખાય.

આપવું તો નિ:સ્વાર્થ ભાવે આપવું અને આપ્યા પછી પાછું મેળવવાની આશા કે અપેક્ષા ન રાખવી. કેમકે, જે મળવાનું છે એ તમારા લક પ્રમાણે જ મળવાનું છે. હા, પણ જે આપતાં રહે છે, તે ક્યારેય દુ:ખી થતાં નથી અને આપ્યા પછી જે માંગે છે તે દુ:ખી થયા વગર રહેતાં નથી.

જ્યારે વ્યક્તિ આપ્યા પછી માંગે છે ત્યારે જ પ્રોબ્લેમ શરૂ થાય છે.

જો આ નાનકડી વાત પણ સમજાય જાય તો સંવત્સરી સુધરી જાય !

સામેવાળા આપે કે ન આપે, મારે આપતા રહેવું છે. સામેવાળા આવે કે ન આવે, મારે સામે ચાલીને જવું છે. સામેવાળા 'સોરી' કહે કે ન કહે, મારે 'સોરી' કહેવું છે. સામેવાળા હાથ જોડે કે ન જોડે, મારે હાથ જોડવા છે. ભલે હું મોટો છું, પણ મારે નાનાને ખમાવવા જવું છે.

આટલા ભાવ જ સંવત્સરીને સુધારવા માટે પૂરતાં છે.

મારે માટી જેવા બનવું છે, કાંકરા જેવા નહીં. કાંકરા માત્ર ઉપરથી જ ભીના થાય છે



લકથી વધારે ક્યારેય કાંઈ મળતું નથી.

અને માટી અંશ અંશ ભીની થાય છે.

ઉપરથી જે ભીના થાય છે તે સામાન્ય તાપથી પણ સૂકાય જાય છે, જ્યારે જે અંશ અંશ ભીના થાય છે તેમાંથી જ અંકુરા ફૂટે છે અને તેમાંથી જ વટવૃક્ષ સર્જાય છે.

## *શુદ્ધ થવા કરીએ યુદ્ધ*

ધર્મને પામ્યા પછી, સંવત્સરીની સંધ્યા પછી પણ જો અંદરમાં રહેલો ઈગો અને અહમ્ જાય નહીં, અંદરમાં રહેલી ગાંઠ ખુલે નહીં તો પછી સંવત્સરી મનાવ્યાનો અર્થ શું ?

ડ્રોઈંગરૂમ, બેડરૂમ, કિચન તો બધાં અવરનવર સાફ કરો છો, પણ સ્ટોર રૂમ જ્યાં જૂનો કચરો, કાર્ટુન વગેરે પડયાં છે તેને ભાગ્યે જ કોઈ સાફ કરતું હોય છે.

સંવત્સરી એ જેમની સાથે ગમો છે એવા ડ્રોઈંગરૂમ અને કિચન જેવા સંબંધીઓની ક્ષમાપના માટે નથી, સંવત્સરી એ મનના એ સ્ટોરરૂમને સાફ કરવા માટે છે, જ્યાં રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ અને અહમ્‌નો કચરો પડયો છે, જ્યાં અણગમાના કાર્ટુન પડયાં છે. સંવત્સરી એને સ્વચ્છ કરવા માટે છે.

ખમાવવા ગમતાને જવાનું ન હોય, ખમાવવા અણગમતાને જવાનું હોય. ગમતાંને ખમાવીને તમે તમારા સંબંધોને વધારો છો, વધારે સ્ટ્રોંગ કરો છો. સંવત્સરી એ સંબંધોને વધારવા માટે નથી, સંવત્સરી એ સંબંધોને સુધારવા માટે છે.

સંબંધોને વધારવા એ પાપ છે, સંબંધોને સુધારવા એ ધર્મ છે.



જે અંશ અંશ ભીના થાય છે તેમાંથી જ અંકુરા ફૂટે છે

જેમની સાથે પ્રેમ હોય એ આવતા ભવમાં મળે કે ન મળે નક્કી નથી હોતું, પણ જેની સાથે વેર હોય એ અનંતા ભવ મળે છે.

જે ક્ષણે તમારી અંદરમાં વેરના ભાવ જન્મે એટલે અસંખ્ય કાળ સુધી સાથે રહેવું પડે એવા કર્મો બંધાય જાય.

અણગમો અણગમાને વધાર્યા જ કરે છે.

માટે જ ભગવાને કહ્યું છે,

હિંસા એ બહુ મોટું પાપ નથી. એક જ ભવમાં પ્રાયશ્ચિત કરીને અસંખ્ય ભવોની હિંસાના પાપને ધોઈ શકાય છે. એ જ પ્રમાણે ચોરી, જૂઠ, અબ્રહ્મ અને પરિગ્રહના પાપોને પણ ધોઈ શકાય છે પણ વેરનું પાપ... વેરની પરંપરા, વેરને વધારતી જ રહે છે અને એ વેર મોક્ષથી દૂર કરી દે છે.

એક જ ભવનું વેર અસંખ્ય ભવો સુધી સાથે આવે છે.

સંકલ્પ કરો, આ ભવે મારે કોઈની સાથે વેર રાખવું નથી, આ ભવે મારે કોઈ પણ પ્રકારની એલર્જી લઈને જવું નથી. કેમકે, આવતી સંવતસરી મારી હશે કે નહીં, મને ખબર નથી.

જેમને આપસ-આપસમાં વેર હોય છે તે જાતિ વેર તરીકે જન્મે છે, જેમકે, કૂતરો-બિલાડી, સાપ-નોળિયો વગેરે. કૂતરાને બીજા કોઈ પ્રાણીને જોઈને કાંઈ નહીં થાય, ખિસકોલી ઉંદર આદિ કોઈને જોઈને કાંઈ નહીં થાય પણ બિલાડીને જોઈને !



જેની સાથે વેર હોય એ અનંતા ભવ મળે છે.

બિલાડીએ એનું કાંઈ જ બગાડયું નથી છતાં બિલાડીને જોઈને એની પાછળ દોડશે. જો આવતા ભવમાં વેરને લઈ જવું ન હોય તો આ ભવે સામે ચાલીને જવું છે અને સામેથી માફી માંગવી છે, પછી ભલે એ મારાથી નાના કેમ ન હોય !

આ સંવતસરીએ મારે મારી બધી જ ભૂલોને ભૂલી જવી છે. ભૂલ જેની પણ હોય, મારે ભૂલને ભૂલવી છે. મારે એકવાર સાચા હૃદયથી ખમાવી લેવું છે.

એક ક્ષણ માટે કદાચ તમારો અનંતકાળથી પડેલો ઈગો વિદ્રોહ કરશે, તમને હર્ટ કરશે, અપસેટ કરશે. પણ એ સમયે યાદ રાખવાનું, આજે મારે ઈગો સાથે યુધ્ધ કરવાનું છે, કેમકે મારે શુધ્ધ થવાનું છે.

આજે ઈગોને હરાવી, હૃદયને શુધ્ધ કરી, સામેવાળા સમક્ષ હસતી આંખે અને પ્રસન્ન ચહેરે જવું છે. આજે મારે મારા હોઠ, મારી આંખો અને મારા ચહેરાને ક્ષમાના જળથી શુધ્ધ કરી નિર્મળ બનાવી દેવા છે. પ્રેમ અને નમ્રતાથી ભરી દેવા છે.

જ્યારે આંખોમાંથી પ્રેમ વરસતો હોય, શબ્દોમાં મિઠાસ હોય, વ્યવહારમાં વિનય હોય તો ગમે તેવી પત્થર દિલ વ્યક્તિ પણ પીગળી જાય છે. સામેવાળામાં ભાવ જાગે કે ન જાગે પણ તમારે ક્ષમાપના કરવી એ તમારૂં કર્તવ્ય છે. સામેવાળાને આવવું કે ન આવવું એ એમની ઈચ્છા છે, તમારે સામેથી જવું એ તમારી ફરજ છે.



આજે મારે ઈગો સાથે યુધ્ધ કરવાનું છે, કેમકે મારે શુધ્ધ થવાનું છે.



Contact us at: +91 9860905678
write us at: connect@parasdham.org
Visit our website: www.parasdham.org
Whatsapp "Jai Jinendra" to: +91 7666266566
Subscribe to: www.youtube.com / ParasdhamTV
Follow us at: www.facebook.com / ParasdhamIndia
Hear Pujya Gurudev at: www.soundcloud.com / Parasdham

₹ 100/-